# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08** પ્રિયંકા ચોપરા છેતરાઈ : 165 કરોડનાં ઘરનું બાંધકામ તકલાદી નીકળ્યું

**પેજ-09** ટીમ ઈન્ડિયા ઈજાથી પરેશાન, હવે 100 ટેસ્ટ રમનાર બોલર કરશે વાપસી!



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 18.00 |
| વડોદરા | 32.00 | 17.00 |
| સુરત | 33.00 | 19.00 |

પેજ 5



સોના-ચાંદીમાં ઘટાડો : દાણચોરીને કાબુમાં રાખવા ડ્યુટી ઘટાડવી...


03 FEBRUARY-2024 SATURDAY


નવાઝને સમર્થન આપવા સૈન્ય ઈમરાન ખાનના અપક્ષ...



પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 72085.63 | ▲ 440.33 |
| નિફ્ટી | 21853.80 | ▲ 156.30 |
| સોનું | 62,900.00 | ▼ 765.00 |
| ચાંદી | 71,000.00 | ▼ 1,218.00 |


વર્ષ-13 । અંક-079 । વિક્રમ સંવત-2080 । પોષ વદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## નાણામંત્રી કનુ દેસાઈએ વિધાનસભામાં 3 લાખ 32 હજાર 465 કરોડ રૂપિયાનું બજેટ જાહેર કર્યું

# ગુજરાતના સૌથી મોટા બજેટની જાહેરાત

ગાંધીનગર : આજે વિધાનસભામાં ગુજરાતનું વર્ષ 2024-25નું બજેટ રજૂ થયું હતું. નાણામંત્રી કનુભાઈ દેસાઈ લાલ પોથીની જગ્યાએ બ્લેક કલરની બ્રીફકેસ સાથે વિધાનસભા પહોંચ્યા હતા. કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ગુજરાતના ઇતિહાસનું સૌથી મોટું બજેટ છે, જેમાં 2047નો રોડમેપ નક્કી કર્યો છે. ગરવી, ગ્રીન અને ગુણવંત ગુજરાતનાં સપનાં સાથેનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. ગુજરાતનું આ વર્ષના બજેટનું કદ 3 લાખ 32 હજાર 465 કરોડનું છે. ગત વર્ષની સરખામણીમાં 31 હજાર 444 કરોડના વધારા સાથે બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. ગત વર્ષ કરતાં આ વર્ષે બજેટમાં 11 ટકા વધારો કરાયો છે. ગુજરાતના દરેક નાગરિક માટે LIving Well and Earning well (સારી રીતે જીવો અને સારી કમાણી કરો)ના સૂત્ર સાથે Viksit Gujarat@2047ના વિઝનને સાકાર કરવાનો ઉદ્દેશ છે. સરકારે અયોધ્યામાં ગુજરાત સરકાર યાત્રી નિવાસ બનાવશે તેવી જાહેરાત કરી હતી. વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે યોગ્ય પોષણ, શિક્ષણ અને આરોગ્ય જેવા પાસાઓને પ્રાથમિકતા આપવા આ ક્ષેત્રમાં નવી યોજનાઓ ઉમેરીને ચાલુ વર્ષમાં 3200 કરોડની હતી તેને વધારીને 5500 કરોડ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ રાજ્યની 2551 એમ્પેનલ્ડ હોસ્પિટલોમાં મધ્યમ અને નિમ્ન આવક જૂથના વ્યક્તિઓને 10 લાખ સુધીનું કેશલેસ હેલ્થ કવરેજ પ્રદાન કરવામાં આવ્યું છે. આ યોજના માટે આગામી વર્ષ માટે 3100 કરોડની વધારાની જોગવાઈ કરવામાં આવી છે. પીએમ પોષણ યોજના અન્વયેની મધ્યાહન ભોજન યોજનાનો વ્યાપ વધારીને 78 આદિવાસી અને પછાત તાલુકાઓમાં કેન્દ્રિયકૃત રસોડાની વ્યવસ્થા લાગુ કરવામાં આવશે.

## 3.5 ટ્રિલિયન 2047 સુધી ગુજરાતની અર્થ વ્યવસ્થા કરવાનું લક્ષ્ય

કનુભાઈએ જણાવ્યું હતું કે અમારા માટે સરકાર માટે સુશાસન એટલે રામરાજ્ય, રાજ્યમાં નવી 2500 બસ શરૂ કરવામાં આવશે. 2047 સુધી ગુજરાતની અર્થ વ્યવસ્થા હાલની 0.28 ટ્રિલિયન યુએસ ડોલરથી 3.5 ટ્રિલિયન કરવાનું લક્ષ્ય છે. બજેટમાં સામાજિક સુરક્ષા, માનવસંસાધન વિકાસ, આંતરમાળખાકીય સુવિધા, આર્થિક પ્રવૃત્તિનો વિકાસ અને ગ્રીન ગ્રોથના પાંચ સ્તંભ છે. નમો સરસ્વતી યોજનામાં સાયન્સમાં અભ્યાસ કરતી ગરીબ-મધ્યમવર્ગની વિદ્યાર્થિનીઓને ધો.11માં 10 હજાર, ધો.12માં 15 હજાર સહાય આપવામાં આવશે.

## 7 નગરપાલિકાઓને હવે મહાનગરપાલિકાનો દરજ્જો અપાશે

સુઆયોજિત શહેરી વ્યવસ્થાપન માટે નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા અને સુરેન્દ્રનગર/ વઢવાણને નગરપાલિકામાંથી રૂપાંતર કરી મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવશે. આ નિર્ણયથી આ શહેરોના વિકાસને ગતિ મળશે અને નાગરિકોની સુખાકારી વધશે. નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા, સુરેન્દ્રનગર-વઢવાણને મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવશે,રાજ્યની અંદાજે 50 ટકા વસતી અત્યારે શહેરોમાં વસવાટ કરે છે જે વર્ષ 2047 સુધી વધીને 75% સુધી પહોંચે તેવી ધારણા છે. શહેરો લોકો માટે વસવાટ જ નહી પરંતુ આર્થિક વિકાસના કેન્દ્રો પણ છે. શહેરોના આયોજનબદ્ધ વિકાસ દ્વારા ઈઝ ઓફ લિવિંગમાં વધારો કરવા સરકાર દ્રઢ નિશ્ચયી છે.

### નમો લક્ષ્મી યોજના

રાજ્યમાં સરકારી, અનુદાનિત અને ખાનગી શાળાઓમાં કન્યાઓ, ધોરણ 9થી 12 સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે હેતુથી અમલીકરણ કરવામાં આવશે. આ યોજનાથી ધોરણ 9થી 12માં કન્યાઓ વધુ સંખ્યામાં પ્રવેશ મેળવશે તેમજ આ ધોરણોમાં કન્યાઓનો ડ્રોપ આઉટ રેટ ઘટશે અને તેમના શિક્ષણ અને પોષણમાં સહાય મળશે. અંદાજિત 10 લાખ કન્યાઓને આ લાભ મળશે. આ યોજના અંતર્ગત વાર્ષિક અંદાજિત 1,250 કરોડ ખર્ચ કરવામાં આવશે.

### નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના

વધુમાં વધુ વિધાર્થીઓને વિજ્ઞાન પ્રવાહ લેવા પ્રોત્સાહિત કરવા માટે વિજ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના અમલીકૃત આ યોજના અંતર્ગત કોઈ પણ શાળામાંથી ધોરણ 10ની બોર્ડ પરીક્ષામાં 50ટકાથી વધુ ટકા મેળવનાર અને ધોરણ 11 અને 12માં ગુજરાત બોર્ડમાં વિજ્ઞાન પ્રવાહ લેનાર 5 લાખ પ્રતિભાશાળી વિધાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવશે. ધોરણ 11 અને 12માં વિજ્ઞાન પ્રવાહ લેનાર વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષ રૂપિયા 10,000 અને રૂપિયા 15,000 અનુક્રમે ધોરણ 11 અને 12માં સ્કોલરશીપ આપવામાં આવશે, જે માટે 250 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### પ્રસુતિમાં સહાય વધારી

સુચિત યોજનામાં ભારત સરકારે નક્કી કર્યા મુજબની 11 કેટેગરીમાં એટલે AC, SC, ST અને BPL, NFSA, PMJAYના લાભાર્થી, દિવ્યાંગતા ધરાવતા બહેનો, વિગેરે સરકારી અથવા ખાનગી બંન્ને જગ્યાએ સંસ્થાકીય પ્રસુતિ કરાવે તો અત્યારની કુલ રૂપિયા 6,000થી વધારીને રૂપિયા 12,000ની સહાય ત્રણ-ચાર તબક્કામાં આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

### જનરક્ષક યોજના

એક જ નંબર 112 ઉપર પોલીસ, ફાયર બ્રિગેડ અને બીજી ઈમરજન્સી સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે કેન્દ્રિયકૃત વ્યવસ્થા ચાલુ કરવામાં આવશે. આ નંબર ડાયલ કરવાથી શહેરી વિસ્તારમાં 10 મિનિટ અને ગ્રામ્ય વિસ્તારમાં 30 મિનિટમાં પોલીસ ઘટનાસ્થળ પર પહોંચે તે મુજબની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા જનરક્ષક યોજના શરૂ કરવાની હું જાહેરાત કરું છું. આ માટે સંપૂર્ણ રાજ્યમાં પોલીસ અને સાધનોથી સુસજ્જ 1100 જનરક્ષક વાહનોનું માળખું ગોઠવવામાં આવશે. યોજના માટે 94 કરોડની જોગવાઈ.

### આંગણવાડી 2.0

આંગણવાડીઓની હાલની વ્યવસ્થામાં ફેરફાર સાથે વધારે કાર્યક્ષમ બનાવવાના હેતુસર આંગણવાડી 2.0 યોજનાનું અમલીકરણ કરવામાં આવ્યું છે. આ યોજનામાં અદ્યતન ટેકનોલોજી સાથે 8,000 નવી આંગણવાડીઓનું નિર્માણ અને 20,000 આંગણવાડીઓને આઇ.ટી. કનેક્ટીવીટી પૂરી પાડી સ્માર્ટ આંગણવાડી બનાવવી તેમજ સેન્ટ્રલ રીસોર્સ સેન્ટર ઉભું કરી નવતર શિક્ષણ સામગ્રી ઉપલબ્ધ કરી ચાઈલ્ડ લર્નીંગની કામગીરી વધારે રસપ્રદ બને તે માટે આ સંપૂર્ણ યોજના માટે આવતા ત્રણ વર્ષમાં અંદાજે 1800 કરોડનો ખર્ચ કરવાની જોગવાઇ કરી છે.

### નિર્મળ ગુજરાત 2.0

નિર્મળ ગુજરાતમાં ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થિત અને સઘન વ્યવસ્થાપન કરીને તેના નિકાલ દ્વારા સ્વચ્છતાના કાર્યક્રમના સેચ્યુરેશન તરફ આગળ વધવાનો ઉદ્દેશ્ય છે. જેના માટે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નગરપાલિકાને કેન્દ્રમાં રાખી સ્થાનિક જરૂરિયાત મુજબ આસપાસના ગામોનું ક્લસ્ટર બનાવવામાં આવશે. આ ક્લસ્ટર કક્ષાએ ક્લસટના દરેક ગામના દરેક ઘરેથી ઘન કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવશે અને ક્લસ્ટર લેવર પર એકત્રિત કરવામાં આવેલ જૈવિક કચરા માટે કંમ્પોસ્ટ પીટ અને અજૈવિક કચરાના નિકાલ માટે રિસાયકલીંગ તથા પુન: વપરાશ માટેની વ્યવસ્થા કરવામાં આવશે.

## 5G ગુજરાત

**બજેટમાં ગરવી, ગુણવંત, ગ્રીન, ગ્લોબલ અને ગતિશીલ ગુજરાતની સંકલ્પના**




## ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું આઇટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થશે, ગ્રીન હાઇડ્રોજન, ન્યૂએજ ઇન્ડસ્ટ્રીઝને પ્રોત્સાહિત કરાશે

### સેમિકન્ડકટર પોલિસી અંતર્ગત સહાય માટે 924 કરોડની જોગવાઇ

આ સાથે સેમિકન્ડકટર પોલિસી અંતર્ગત સહાય માટે 924 કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ઈલેક્ટ્રોનિક્સ પોલિસી અંતર્ગત આ ક્ષેત્રના ઉદ્યોગોને સહાય માટે 125 કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તો આઇ.ટી. પોલિસી અંતર્ગત રોકાણોને આકર્ષી આ ક્ષેત્રના ઉદ્યોગોના વિકાસ માટે 40 કરોડ ફાળવાયા છે.

### સ્પેસ મેન્યુફેક્ચરિંગ કંપનીઓની ઈકોસિસ્ટમને આકર્ષવા 60 કરોડ

ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર અને સિક્યુરિટી ઓપરેશન્સ સેન્ટરના માળખાને સુદ્રઢ કરવા અને એડવાન્સ સિસ્ટમ સાથે વિશેષ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે 102 કરોડની ફાળવણી. નવી સ્પેસ ટેક પોલિસી થકી પેલોડ સેટેલાઇટ માટે ડિઝાઇન, ઉત્પાદન અને પરીક્ષણ સુવિધાઓ સ્પેસ મેન્યુફેક્ચરિંગ કંપનીઓની ઈકોસિસ્ટમને આકર્ષવા 60 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

### રાજ્યથી ગામ સુધીના ફાઈબર ગ્રીડને વધુ અસરકારક બનાવાશે

450 કરોડના ભારત નેટ પ્રોજેક્ટ ફેઝ-૩ હેઠળ રાજ્યથી ગામ સુધીના ફાઈબર ગ્રીડને વધુ અસરકારક બનાવવા રાજ્યના કેબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બાકીના 4860 ગામો સુધી પહોંચાડવા માટે 45 કરોડ ફાળવાયા છે. પોલિસી અંતર્ગત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત કરવા, R&D ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવા તેમજ ઉચ્ચ ગુણવત્તાયુકત માનવબળ તૈયાર કરવા 10 કરોડની જોગવાઇ.

## મહાનગર પાલિકામાં નાણાં ક્યાંથી આવશે? ક્યાં જશે?



ગુજરાત રાજ્ય 2047ની દિશામાં આગળ વધે છે. ત્યારે હાલ 50 ટકા શહેરીકરણ છે. આવનારા સમયમાં 2047 સુધી આ અંદાજ 70થી 75 ટકા થઈ શકે છે. હાલ શહેરી વિસ્તારનું મેનેજમેન્ટ, ટ્રાફિક મેનેજમેન્ટ સહિતની બાબતોના આયોજન જરૂરી છે જેથી વ્યવસ્થા સારી થઈ શકે. નગરપાલિકા કરતા મહાનગર પાલિકાનું માળખું મજબૂત છે. આ વખતે રાજ્ય સરકાર દ્વારા કોઈ પણ વેરામાં ફેરફારની દરખાસ્ત નથી કરવામાં આવી. કેન્દ્ર, રાજ્ય અને લોકલ બોડીના એમ 3 પ્રકારના વેરા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે વેરામાં ફેરફાર નથી કર્યો પણ લોકલ બોડી વેરામાં ફેરફાર કરી શકે છે. એટલે વેરા વધશે કે ઘટશે એ અહીંથી કહી શકાય નહિ.

### બૌદ્ધિક સંપદા અધિકારો માટે આઇ.પી. લેબ, ઈનોવેશન કેન્દ્રની સ્થાપના

ડીપ ટેક પ્રોજેક્ટ દ્વારા AI, મશીન લર્નીંગ (ML), ઈન્ટરનેટ ઓફ થીંગ્સ (IoT) અને ક્લાઉડ જેવા ક્ષેત્રોમાં કમ્પ્યુટીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના માધ્યમથી કસ્ટમાઈઝ્ડ સોલ્યુશન્સ તૈયાર કરવા 25 કરોડની જોગવાઈ કરાઇ છે. તો બૌદ્ધિક સંપદા અધિકારોને પ્રોત્સાહન, રક્ષણ અને વ્યાપારીકરણ કરવા દરેક જિલ્લામાં આઈ.પી. લેબ અને ઈનોવેશન કેન્દ્રની સ્થાપના કરવા માટે 3 કરોડ અપાશે.

### સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવામાં આવશે

IT / ITeS સ્ટાર્ટઅપ પોલિસી દ્વારા સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવામાં આવશે. વિજ્ઞાનલક્ષી પ્રદર્શન અને લોકોમાં વિજ્ઞાન પ્રત્યેની અભિરૂચી કેળવવા વિજ્ઞાન કેન્દ્રોનો વ્યાપ વધારી જિલ્લાકક્ષાએ આવા કેન્દ્રો સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચાલુ વર્ષમાં સાયન્સ સિટીની રેકોર્ડ 17 લાખથી વધારે લોકોએ મુલાકાત લીધી છે, આ પાછળનું કારણ આ દિશામાં કરેલા પ્રયાસોને માનવામાં આવી રહ્યું છે.

### રાજ્યમાં આઇ.ટી. ક્ષેત્રને વધુ વેગ આપવાનું આયોજન

હવે આવનારો સમય ટેક્નોલોજીનો છે ત્યારે ગુજરાતમાં વિશ્વ કક્ષાનું આઇ.ટી. ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરવા માટે વિવિધ નીતિઓનું અસરકારક અમલીકરણ કરવામાં આવશે. જેના માટે ઈન્ક્યુબેટર્સ, સ્ટાર્ટ-અપ્સ અને ખાનગી એકમોને પ્રોત્સાહિત કરીને રાજ્યમાં આઇ.ટી. ક્ષેત્રને વધુ વેગ આપવાનું આયોજન કરવામાં આવ્યુ છે.



## અંદાજપત્રની મોટી યોજનાઓ અને જાહેરાતો કરવામાં આવી

હવે આવનારો સમય ટેક્નોલોજીનો છે ત્યારે ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું આઇ.ટી. ઈન્ફ્રાસ્ટ્રકટરના વિકાસ માટે તથા સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે બજેટમાં વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગ માટે કુલ 2421 કરોડની જોગવાઇ કરાઇ છે. જેમાં IT / ITeS સ્ટાર્ટઅપ પોલિસી, સેમિકન્ડકટર પોલિસી, નવી સ્પેસ ટેક પોલિસી સહિતની પોલિસી માટે બજેટ ફાળવવામાં આવ્યું છે. આ કારણે ગુજરાત આવનારા સમયમાં ટેક્નોલોજીના ક્ષેત્રમાં હરણફાળ ભરશે. આ સાથે જ રાજ્યના અર્થતંત્રમાં મહત્વનો ફાળો આપી રોજગારીની વિપુલ તકોનું સર્જન કરનાર ઉદ્યોગ ક્ષેત્ર માટે પણ કુલ 9228 કરોડની બજેટમાં ફાળવણી કરવામાં આવી છે. એડવાન્સ મેન્યુફેકચરિંગ, ડિજિટલ ટેક્નોલોજી, ગ્રીન હાઈડ્રોજન અને તેના ડેરિવેટિવ્સ, એરક્રાફટ મેન્યુફેકચરિંગ જેવા ક્ષેત્રોમાં ગુજરાત સતત આગળ વધી રહ્યું છે.

### સામાજિક સુરક્ષા

- » સંત સુરદાસ યોજનાનો લાભ, બી.પી.એલ. કાર્ડ સિવાયના વ્યક્તિઓ તેમજ 0થી 17 વર્ષની ઉંમરના લોકોને પણ આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના અને સંત સુરદાસ દિવ્યાંગ પેન્શન યોજના અંતર્ગત દિવ્યાંગોને પેન્શન આપવા કુલ 87 કરોડની જોગવાઈ.
- » મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, થેલેસેમિયા, ક્રોનિક ન્યુરોલોજિકલ સ્થિતિ જેવી 40 ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને પણ માસિક પેન્શન આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. બૌદ્ધિક અસર્મથતા ધરાવતા (મનો દિવ્યાંગ) 70 હજાર લાભાર્થીઓને માસિક પેન્શન આપવા માટે 84 કરોડની જોગવાઈ.
- » શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત શ્રમિકોને 5ના નજીવા દરે સ્વાસ્થ્યપ્રદ ભોજન ઉપલબ્ધ કરાવવા માટે હાલમાં 273 કેન્દ્રો કાર્યરત છે. જેમાં દરરોજ સરેરાશ 40 હજારથી વધુ શ્રમિકો જમે છે. આ યોજના અંતર્ગત નવા 100 ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવશે. આ યોજના માટે 131 કરોડની જોગવાઇ.

### માનવ સંસાધન વિકાસ

- » 'કૌશલ્યા" ધ સ્કીલ યુનિવર્સિટી ખાતે ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન સ્કીલ એન્ડ એમ્પ્લોયબિલિટી સેન્ટરની સ્થાપના કરવા સહિત વિવિધ કામો માટે 47 કરોડની જોગવાઈ.
- » સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં કુશળ યુવાધન ઉભું કરવા આંતરરાષ્ટ્રીય કંપની માઈક્રોનના સહયોગથી સાણંદ ખાતે સ્કૂલ ઓફ સેમિકન્ડક્ટરની સ્થાપના કરવા માટે 33 કરોડની જોગવાઈ.
- » હાલ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને 130 કરોડના ખર્ચે સ્કૂલ ટ્રાન્સપોર્ટ સુવિધા મળી રહી છે. આ યોજનાનો વ્યાપ વધારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના ધોરણ-૯થી 12 ના અંદાજિત 1 લાખ વિદ્યાર્થીઓને પણ ટ્રાન્સપોર્ટ સહાય આપવામાં આવશે. આ યોજના માટે 260 કરોડની જોગવાઈ.
- » પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત એમ્પેનલ થયેલ ૨૫૩૧ ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં 10 લાખ સુધીની કેશલેસ સારવાર આપવા માટે 3110 કરોડની જોગવાઇ.
- » માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદરમાં ઘટાડો થાય તે હેતુસર હાઈરિસ્ક ધરાવતી સગર્ભા મહિલાઓની સંસ્થાકીય પ્રસૂતિ કરાવવા અને ત્યારબાદ હોસ્પિટલ ખાતે રોકાણ કરી સારવાર આપવા તેઓને 15 હજાર તેમજ આશા બહેનોને 3 હજારની પ્રસૂતિદીઠ પ્રોત્સાહન રકમ આપવા અંગેની નવી યોજના દાખલ કરવાનું સરકારે નક્કી કરેલ છે. જેના માટે 53 કરોડની જોગવાઈ.
- » ગાંધીનગર, રાજકોટ અને સુરત ખાતે સઘન કાર્ડિયાક સારવાર મળી રહે તે માટે યુ. એન.મહેતા ઈન્સ્ટીટ્યૂટ, અમદાવાદના સહયોગથી કાર્ડિયાક ટ્રીટમેન્ટ સેન્ટર શરુ કરવા માટે 40 કરોડની જોગવાઇ.
- » અમદાવાદ જિલ્લામાં બાવળા નજીક તથા સુરત જિલ્લાના કામરેજ નજીક ૩૦૦ બેડની જિલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવા સરકારે નિર્ણય કર્યો છે. જેના માટે આગામી વર્ષ માટે 10 કરોડની જોગવાઇ.
- » 3000 ગ્રંથાલયોને 120 કરોડના ખર્ચથી પુસ્તકો, ઈ-બુક્સ, ઓનલાઈન રેફરન્સ મટિરિયલ, જરૂરી ફર્નિચર, નેટવર્ક કનેક્ટિવિટી અને ડિજિટલ લાયબ્રેરી જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું નવતર આયોજન
- » ઉદ્યોગોને અપાતા વેન્ચર કેપિટલના ધોરણે ગ્રામ્ય વિસ્તારના સામાજિક સાહસોને પ્રોત્સાહન આપવા માટે 'ગુજરાત સોશિયલ એન્ટરપ્રાઈઝ ફંડ"ની રચના કરવામાં આવશે જે માટે આગામી 5 વર્ષમાં 50 કરોડનો ખર્ચ કરવામાં આવશે. આગામી વર્ષ માટે 10 કરોડની જોગવાઈ.

### ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ

- » અંદાજિત 1200 કરોડના ખર્ચે રાજ્યના ઔદ્યોગિક વિસ્તારોને જોડતા રસ્તાઓની સુધારણા, અપગ્રેડેશન, વાઈડનીંગ અને મજબુતીકરણની કામગીરી માટે 450 કરોડની જોગવાઈ.
- » પોઇચા ગામે મહી નદી પર વિયર બનાવવાનું આયોજન છે. જેના માટે 150 કરોડની જોગવાઇ.
- » ઢાંકીથી માળીયા સુધી ૧૨૦ કિ.મી. લાંબી બલ્ક પાઈપલાઈન 1200 કરોડના ખર્ચે નાખવાની યોજના
- » નવી સ્પેસ ટેક પોલિસી થકી પેલોડ સેટેલાઈટ માટે ડિઝાઈન, ઉત્પાદન અને પરીક્ષણ સુવિધાઓ સ્થાપિત કરીને સ્પેસ મેન્યુફેક્ચરિંગ કંપનીઓની સમગ્ર ઈકોસિસ્ટમને આકર્ષવા 60 કરોડની જોગવાઇ.

### આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ

- » નડાબેટ સીમાદર્શન પ્રોજેકટની સફળતાથી પ્રેરાઇને રાજ્યના સમુદ્ર સીમાદર્શનના વિકાસ માટે ચૌહાણનાલા, કોરીક્રિક વિસ્તાર વગેરે માટે 145 કરોડના આયોજન પૈકી 40 કરોડની જોગવાઈ.
- » બૃહદ ગીર વિસ્તારમાં વન્ય પ્રાણીઓ સાથે સહેલાણીઓને પર્યાવરણથી લગતા બીજા પાસાઓના નિદર્શન થઇ શકે અને તેમના રોકાણનો સમય વધારી સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન આપવાના હેતુસર આઇકોનિક બોટનિકલ ગાર્ડન સ્થાપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. તે માટે 2 કરોડની જોગવાઇ.
- » સબ રજીસ્ટ્રાર કચેરીઓનું સંપૂર્ણ નવિનીકરણ કરવામાં આવશે જેમાં બાંધકામ, ઓનલાઈન આઇ.ટી. વ્યવસ્થા, CCTV કેમેરા તેમજ નાગરિકો માટેની યોગ્ય સગવડો ઉભી કરવા માટે 39 કરોડની જોગવાઇ.

### ભાજપના જનવિરોધી બજેટ પર આમ આદમી પાર્ટીના આકરા પ્રહાર

# કાયમી ડોક્ટર, કાયમી સ્ટાફ અને કાયમી શિક્ષકોની ભરતી વિશે બજેટમાં કોઈ જોગવાઈ કરી નથી: ચૈતર વસાવા

ભરત શાહ - રાજપીપળા : આજે ગુજરાત સરકારે બજેટ રજૂ કર્યું હતું. આ અવસર પર આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા એ પોતાની પ્રતિક્રિયા આપી હતી. ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાએ મીડિયા સમક્ષ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ભાજપ સરકાર દ્વારા ચૂંટણીલક્ષી બજેટ રજૂ કરવામાં આવ્યું છે. નમો લક્ષ્મી યોજના, નમો શ્રી યોજના અને નમો સરસ્વતી યોજના જેવી યોજનાઓ લોકોને રીઝવવા લાવ્યા છે. સરકારે કહ્યું છે કે આદિજાતિ લોકો માટે 4374 કરોડ ફાળવવામાં આવ્યા છે, પરંતુ ગુજરાતમાં આદિવાસી સમુદાય ખૂબ



જ મોટો સમુદાય છે, તેમ છતાં પણ ફક્ત 4374 કરોડ ફાળવવામાં આવ્યા છે. વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત એક લાખ કરોડ ફાળવવાની વાત કરવામાં આવી છે પરંતુ 2024 આવ્યું ત્યાં સુધી આ યોજનામાં કેટલા રૂપિયા ચૂકવવામાં આવ્યા છે તેની કોઈ જાહેરાત કરી નથી. તેવી જ રીતે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રના બજેટમાં ફક્ત બાંધકામ કરવા માટે વધારો કર્યો છે. કોઈપણ જગ્યાએ કાયમી ડોક્ટર, કાયમી સ્ટાફ અને કાયમી શિક્ષકોની ભરતી વિશે કોઈ જોગવાઈ કરી નથી. સાથે સાથે ગ્રામ્ય વિસ્તારોને અન્યાય થઈ રહ્યો છે, કારણ કે શહેરી વિસ્તારોનો વિકાસ થઈ રહ્યો છે પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં વિકાસ થતો નથી. પ્રધાનમંત્રી આવાસ યોજનામાં શહેરી વિસ્તારના લોકોને વધુ રકમ ચૂકવવામાં આવે છે. કદાચ સરકાર એ બાબતથી અજાણ છે કે સિમેન્ટ અને રેતી કપચીના ભાવ ગામડા અને શહેરમાં સરખા જ હોય છે. માટે અમારી માંગણી છે કે ગ્રામ્ય વિસ્તારના લોકોને પણ શહેરી વિસ્તારના લોકોની જેમ 3,50,000 રૂપિયા આપવામાં આવે. સરકારે ગયા વર્ષે જે બજેટ રજૂ કર્યું હતું તેમાંથી ફક્ત 65 ટકા રકમનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે અને 35% વણવપરાયેલું પડ્યું છે. જ્યારે સરકારે એક રૂપિયો ચૂકવે છે તો લાભાર્થી સુધી ફક્ત દસ પૈસા પહોંચે છે એવું અમે માનીએ છીએ. ક્યાંક ને ક્યાંક એમની એજન્સીઓ, નકલી કચેરીઓ અને નકલી અધિકારીઓ આદિવાસી વિસ્તારમાં ધમધમે છે અને ખૂબ જ ભ્રષ્ટાચાર કરે છે. આદિવાસી વિસ્તારમાં 6,500 કરોડની પાણી પુરવઠાની જૂથ યોજનાઓ લાવ્યા છે, પરંતુ ભૂતકાળમાં જેટલી પણ પાણી પુરવઠાની જૂથ યોજનાઓ બની છે તે સદંતર નિષ્ફળ ગઈ છે અને બંધ હાલતમાં છે. આજે 70% ગામડાઓમાં નળથી પાણી નથી પહોંચતું.

## ધારાસભ્ય ચૈતર વસાવાની પત્ની, PA અને મિત્રને 90 દિવસે 1 લાખ રૂપિયાના શરતી જામીન મળ્યા

ભરત શાહ - રાજપીપળા: રાજપીપળા કોર્ટમાં ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના જામીન બાદ શુક્રવારે તેમની પત્ની શકુંતલાબેન, પી.એ જીતેન્દ્ર વસાવા અને ખેડૂત મિત્ર રમેશ વસાવા ત્રણ માટે ની જામીન અરજી માટે 01 જાન્યુઆરીએ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં સરકારી વકીલ તરીકે સરકાર તરફેણ માં જીતેન્દ્રસિંહ ગોહિલે રજૂઆતો કરી જ્યારે શકુંતલા બેન સહિત ત્રણના તરફેણમાં એડવોકેટ એસ.કે.જોષી એ દલીલો કરી જે બંને વકીલોની દલીલો ને જોઈ રાજપીપળા ની નામદાર ડિસ્ટિક એન્ડ સેસન્સ કોર્ટે ત્રણેય ને 1 લાખ રૂપિયાના શરતી જામીન મંજુર કર્યા છે.



જેમાં નામદાર કોર્ટે ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના પી.એ. જીતેન્દ્ર વસાવાને પણ ટ્રાયલ પુરો ન થાય ત્યાં સુધી નર્મદા જિલ્લાની હદમાં પ્રવેશ કરી શકશે નહિ. એ શરતે જામીન આપ્યા છે.

આ સાથે તમામ ને વિવિધ શરતો જેવી કે તેઓ નાસી કે ભાગી શકશે નહિ અને ટ્રાયલમાં પુરતો સાથ આપવો પડશે. ફરિયાદીને ધાક ધમકી આપી ફોડવાનો પ્રયત્ન કરી શકશે નહિ. સહિતની સરતો મુકવામાં આવી આ સાથે નામદાર કોર્ટે એવી પણ નોંધ કરી છે કે તેમના પત્ની શકુંતલાબેન ચાહે તો તેમના પતિ સાથે જિલ્લા બહાર રહી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજપીપલા જિલ્લા જેલમાંથી ધારાસભ્ય ચૈતર વસાવા શરતી જામીન પર મુક્ત થયા પછી શક્તિ પ્રદર્શન સાથે બહાર નીકળી ગાંધીનગર ખાતે સદસ્ય નિવાસ ખાતે પહોંચી ગયા છે આજે તેમના પત્ની, પીએ અને મિત્ર ના જામીન મંજુર થયા તેઓ સાદગીથી તેમના પરિવાર સાથે જેલમાંથી બહાર નીકળી અને તેમના ઘરે જશે.

## સુબિર તાલુકાનાં વાહુટીયા ગામ ખાતે પુત્રએ લાકડીનાં સપાટા મારી પિતાની હત્યા કરી નાખતા ચકચાર

સુશીલ પવાર - ડાંગ : ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાના વાહુટીયા ગામ ખાતે નજીવી બાબતે માતા - પિતા નો ઝઘડો થયો હતો. જેમાં પિતાએ માતાને માર માર્યો હતો.જેની અદાવત રાખી પુત્ર એ જ પોતાના પિતાની હત્યા કરી નાખી.ત્યારે આ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાના વાહુટીયા ગામ ખાતે રહેતા બુધ્યાભાઈ શીવરામભાઈ પવાર (ઉ.વ.પર) અને તેમની પત્ની ગુંતીબેન વચ્ચે સવારનાં અરસામાં બકરીનો ઘાસચારો લાવવા બાબતે સામાન્ય બોલાચાલી બાદ ઝઘડો થયો હતો. બંને પતિ - પત્ની વચ્ચે ઝગડો થતા પતિ બુધ્યાભાઈ પવારે પત્ની ગુંતીબેનને માર માર્યો હતો.જેની અદાવત રાખી આ તેમના પુત્ર મંગળ્યાભાઈ બુધ્યાભાઈ પવાર (ઉ.વ.૨૦) એ પિતાને કહ્યુ હતુ કે, ‘ મારી મમ્મીને કેમ માર મારેલ છે.’ તેમ કહી પુત્રએ પિતાને ઉપરા છાપરી શરીરે લાકડીના સપાટા માર્યા હતા.તેમજ ઢીક્કા મુક્કીનો માર મારવામાં આવ્યો હતો.ત્યારે પિતાને શરીરના અન્ય ભાગે તથા માથાના ભાગે ગુપ્ત ઈજાઓ પહોંચી હતી.અને સ્થળ પર જ મોત નિપજ્યુ હતુ.જે બનાવની જાણ આહવા પોલીસની ટીમને થતા તેઓ ઘટના સ્થળે દોડી ગયા હતા.હાલમાં ફરિયાદી સાપતિબેન પવારે આરોપી મંગળ્યાભાઈ બુધ્યા પવાર સામે આહવા પોલીસ મથકમાં ગુનો નોંધાવતા આહવા પોલીસની ટીમે આરોપી મંગળ્યા પવારને કસ્ટડીમાં લઇ તેની સામે હત્યા અંગેનો ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સ્વ. લીલાબેન શાહની ચોથી પૂણ્યતિથિ નિમિત્તે ભાવ વંદના કરાશે

અશોક મણવર અમરેલી

અમરેલીના બગસરા આવેલ બાળ કેળવણી મંદીર, બગસરાના પૂર્વ પ્રમુખ અને સંસ્થા પરીવાર ના સાચા રાહબર સ્વ. લીલાબેન હિંમત ભાઈ શાહની, ચોથી પૂણ્ય તીથી નિમિત્તે આવતીકાલે બપોરે સાડા ત્રણ વાગ્યે એક ભાવ વંદના કાર્યક્રમ નું આયોજન કરેલ છે. જેમાં લીલાબેન શાહ સાથેના સંસ્મરણોને વાગોળી, એ પરમ આત્મા ને આપણે સૌ ભાવ વંદના કરશું. આપ સૌ ખાસ ઉપસ્થિત રહો તેવું અમારૂ ભાવભર્યું આમંત્રણ છે. લીલાબેનના દિકરા ચેતનભાઈ અને તેમના દિકરી જયશ્રીબેન ખાસ હાજર રહેવાનાં છે.આ અવસર પર વડીલ મુરબ્બી શ્રી ત્રવાડી સાહેબ બાલમંદિર- બગસરા સાથે જોડાયેલી ન સાંભળેલી એવી મજાની સ્મરણ યાત્રા પણ કહેશે..! તો આવો એ પરમ આત્મા ને ભાવ વંદનામા જોડાવવા બાળ કેળવણી મંદિરના ટ્રસ્ટી દેવચંદભાઇ સાવલિયાએ લોકોને અનુરોધ કર્યો .

## મહીસાગર જિલ્લાના મોટા વેટલેન્ડ સ્વરૂપ સાગર તળાવમાં પક્ષી ગણતરી કરાઇ

જગદીશ ત્રિવેદી - લુણાવાડા : વિશ્વ સમક્ષ પર્યાવરણની જાળવણી એક પડકાર ઉભો થયો છે. બદલાતા પરિમાણો અને તેને પગલે સર્જાતા પરિણામોથી આજે વેટલેન્ડના અસ્તિત્વ સામે પણ અનેક પડકારો ઉભા થયા છે. તેથી તેની સુરક્ષા અને સંવર્ધનની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. ત્યારે જળપ્લાવિત વિસ્તારોના સંરક્ષણ અને વિકાસ માટે વેટલેન્ડને સંરક્ષિત બનાવી રાખવાનાં ઉદ્દેશ્યથી દર વર્ષે બે ફેબ્રુઆરી વર્લ્ડ વેટલેન્ડ ડેની ઉજવણી થાય છે.

સૌને વર્લ્ડ વેટલેન્ડ ડે ની શુભકામનાઓ પાઠવતા મહીસાગર જિલ્લા નાયબ વન સંરક્ષકશ્રી નેવિલ ચૌધરી એ જણાવ્યું હતું કે આ વર્ષે વેટલેન્ડ ની થીમ છે “ વેટલેન્ડ એન્ડ હ્યુમન વેલબીઈંગ” વેટલેન્ડ માત્ર પક્ષીઓ માટે જ નહિ પરંતુ માણસો માટે પણ ખૂબ અગત્યના છે તે સ્થાનિક વપરાશ તેમજ સિંચાઈના ઉપયોગ માટે પાણી આપે છે.



તેઓ ભૂગર્ભ જળના તળ ઉપર લાવવામાં પણ મદદરૂપ થાય છે. વેટલેન્ડ પાણીની અછત અને આહાર સંબંધિત પાણીની જરૂરીયાતો પરીપૂર્ણ કરે છે અને પ્રકૃતિતંત્રની અનેક પ્રકારે સેવા કરે છે પરંતુ આ વર્ષ વિશેષ એટલા માટે છે કે આ વખતે મહીસાગર જિલ્લાની સાથે સાથે સમગ્ર રાજ્યમાં વેટલેન્ડ બર્ડસની ગણતરી કરવામાં આવી હતી અને આ ગણતરી બે તબક્કામાં કરી હતી જેમાં પ્રાથમિક તબક્કામાં ડિસેમ્બર મહિનામાં એની શરૂઆત કરી હતી અને તેમાં મહીસાગર જિલ્લાના ૩૭ જલપ્લાવિત વિસ્તારો ગણતરીમાં લેવામાં આવ્યા હતા તેનાથી જે અંદાજ મળ્યો તેના આધારે મહીસાગર જિલ્લાનું મોટું વેટલેન્ડ લુણાવાડા તાલુકાના વરધરી પાસે આવેલ સ્વરૂપ સાગર લેકને મુખ્ય ગણતરીમાં લેવામાં આવ્યું હતું. આ ગણતરી ૨૭ અને ૨૮ જાન્યુઆરી એમ બે દિવસ ચાલી હતી. જેમાં અંદાજિત ૪૦૦ હેક્ટરના આખા તળાવને નાયબ વન સંરક્ષકશ્રી નેવિલ ચૌધરી અને રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રી વૈભવ હારેજાના માર્ગદર્શનમાં ચાર કાઉન્ટિંગ ઝોનમાં વિભાજીત કરી દરેક કાઉન્ટિંગ ઝોનમાં ટીમ લીડર ફોરેસ્ટર સાથે અન્ય બીટગાર્ડસ અને પક્ષી વિદો એમાં જોડાયા હતા સમગ્ર બે દિવસની પક્ષી ગણતરીના જે આંકડા આવ્યા છે એ જોતા કુલ અંદાજિત ૭૫ જેટલી પક્ષીઓની જાતો નોંધવામાં આવી છે અને એની સંખ્યા દસ હજારને પણ આપણે પાર કરી ચુકી છે એ જિલ્લા માટે આનંદની વાત છે.

## લોકસભા ચૂંટણીના મદદનીશ ચૂંટણી અધિકારીઓના રાજ્યકક્ષાના પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમનો પ્રથમ તબક્કો સંપન્ન



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આગામી સમયમાં યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણીની પૂર્વતૈયારીઓના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચ તથા મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા ગાંધીનગર અને રાજકોટ ખાતે મદદનીશ ચૂંટણી અધિકારીઓ માટે રાજ્યકક્ષાનો પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. તા.૦૨ જાન્યુઆરીના રોજ પૂર્ણ થયેલા પ્રથમ તબક્કાના તાલીમ કાર્યક્રમમાં ભારતના ચૂંટણી પંચના નૅશનલ લેવલ માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા ૮૩ જેટલા મદદનીશ ચૂંટણી અધિકારીઓને ચૂંટણી પ્રક્રિયા સંબંધી તાલીમ આપવામાં આવી હતી. ભારતના ચૂંટણી પંચ દ્વારા ઘડવામાં આવેલા નિયમો, તેને અનુરૂપ અદ્યતન સૂચનાઓ અને નિયત ચૂંટણી પ્રક્રિયાઓ થકી ચૂંટણીઓનું સરળ સંચાલન સુનિશ્ચિત કરવા ભારતના ચૂંટણી પંચ તથા મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા મદદનીશ ચૂંટણી અધિકારીઓ માટે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉમેદવારી પત્રો અને તેને સંલગ્ન બાબતો, EVM-VVPATના સંગ્રહ-પરિવહન અને જાળવણી, મતદાન મથકને લગતી બાબતો, મતદાનના દિવસની વ્યવસ્થાઓ, પોલીંગ સ્ટાફ, આદર્શ આચારસંહિતા, પોસ્ટલ બેલેટ, મતગણતરી અને પરિણામોની જાહેરાત, પેઈડ ન્યૂઝ, મીડિયા સર્ટિફિકેશન અને મોનિટરીંગ કમિટી, આઈ. ટી. ઍપ્લિકેશન્સ તથા ખર્ચ નિરિક્ષણ સહિતની બાબતો અંગે વિસ્તૃત તાલીમ આપવામાં આવી. ગાંધીનગર અને રાજકોટ ખાતે તા. ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૪થી તા. ૦૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી યોજાયેલા આ પ્રથમ તબક્કાના તાલીમ કાર્યક્રમમાં ભારતના ચૂંટણી પંચના નૅશનલ લેવલ માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા ૮૩ જેટલા મદદનીશ ચૂંટણી અધિકારીઓને તમામ વિષયો પર વિગતવાર માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવ્યા હતા.

## ગુજરાત વિધાનસભાના સભ્યઓ માટે બજેટ સત્રની પ્રક્રિયાને લગતા વિવિધ પાસાઓને આવરી લેતી એક દિવસીય કાર્યશાળા યોજાઇ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત વિધાનસભા અને સ્કૂલ ઓફ અલ્ટીમેટ લીડરશીપ (SOUL) ના સંયુક્ત ઉપક્રમે વિધાનસભાના સભ્યઓ માટે અંદાજપત્રને લગતા વિવિધ પાસાઓને આવરી લેતી એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિધાનસભા ખાતે “એનેબ્લીંગ ઓથેન્ટિક લીડર્સ એડવાન્સ પબ્લિક ગુડ” વિષય પર આયોજિત આ કાર્યશાળાનો વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલે શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યશાળા દરમિયાન મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર અને SOUL સંસ્થાના ઉપપ્રમુખ હસમુખ અઢિયા સહિતના વક્તાઓ દ્વારા વિધાનસભાની મહત્વની કામગીરી, બજેટ સત્રની પ્રક્રિયા, બજેટ સત્ર સમયે પ્રસિદ્ધ થતા વિવિધ પ્રકાશનો, રાજ્ય સરકારના જાહેર હિસાબો સહિતના વિવિધ વિષયો પર ધારાસભ્યઓને માહિતગાર કર્યા હતા. આ કાર્યશાળામાં રાજ્ય મંત્રી મંડળના સભ્યઓ, ધારાસભ્યઓ અને વિધાનસભાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## એડવાન્ટેજ વિદર્ભે ખાસદાર ઔધોગિક મહોત્સવ : નાગપુરની 1લી આવૃત્તિ સફળતાપૂર્વક પૂર્ણ કરી

નાગપુર, : ઔદ્યોગિક વિકાસ સંગઠન (AID) નાગપુરમાં ’ખાસદાર ઔદ્યોગિક મહોત્સવ - એડવાન્ટેજ વિદર્ભ’ ની પ્રથમ આવૃત્તિનું સમાપન કરે છે. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન શ્રી નીતિન ગડકરી, કેન્દ્રીય માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી, શ્રી દેવેન્દ્ર ફડણવીસ નાયબ મુખ્યમંત્રી મહારાષ્ટ્ર અને અન્ય મહાનુભાવો શ્રી નારાયણ રાણે મંત્રી MSME ભારત સરકાર, શ્રી સુધીર મુનગંટીવાર મહારાષ્ટ્રના વન મંત્રી, શ્રી અજય ભટ GOI રાજ્યના સંરક્ષણ પ્રધાન, શ્રી ગિરીશ મહાજન મહારાષ્ટ્રના પ્રવાસન પ્રધાન, કેન્દ્રીય અને રાજ્યના રાજકારણના વરિષ્ઠ નેતૃત્વ તેમજ વેપાર ઉદ્યોગના દિગ્ગજ નેતાઓ સાથે.દ્વારા કરવામાં આવ્યું હતું. “પેટ્રોલ અને ડીઝલ પર ચાલતા વાહનોને કારણે કાર્બન ઉત્સર્જનનો મુદ્દો અને પરિણામે પ્રદૂષણ એ આજે




ચિંતાનો વિષય બની ગયો છે. વૈકલ્પિક ઇંધણ જેવા કે ઇથેનોલ, મિથેનોલ અને અન્ય ઘટકોનો ઉપયોગ આને સંબોધવા માટે કરી શકાય છે, જે કાર્બન ઉત્સર્જન અને તેલની આયાત પરની નિર્ભરતા બંનેને ઘટાડે છે. કોલ ગેસિફિકેશનને પ્રાથમિકતા આપવાનો અને રોયલ્ટી પર પુનર્વિચાર કરવાનો સમય આવી ગયો છે. વધુમાં, જો ખાણોની નજીક વીજળી ઉત્પન્ન થાય છે, તો તે માત્ર પરિવહન ખર્ચ બચાવશે નહીં પરંતુ ઊર્જા ઉત્પાદનની ક્ષમતામાં પણ વધારો કરશે.” કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરીએ એડવાન્ટેજ વિદર્ભ એક્સપોમાં જણાવ્યું હતું. આ પ્રસંગે બોલતા એસોસિયેશન ફોર ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ (એઆઈડી) ના પ્રમુખ આશિષ હર્ષરાજ કાળેએ જણાવ્યું હતું, ‘અમારા બધા માટે એઆઈડીમાં વરિષ્ઠ સરકારી પ્રતિનિધિઓની સાથે ઉદ્યોગના વરિષ્ઠ નેતાઓની યજમાની કરવાનો આનંદ હતો. એસોસિએશન વતી, હું તેમાંથી દરેકનો પ્રદેશ પ્રત્યેના તેમના વિઝન માટે આભાર વ્યક્ત કરું છું.

## નિત્યાનંદ આશ્રમમાંથી ગુમ યુવતીઓના કેસમાં ચુકાદો

અમદાવાદ I તા.02

અમદાવાદમાં આવેલા નિત્યાનંદ આશ્રમમાંથી વર્ષ 2019માં બે યુવતી ગુમ થયા મુદ્દે યુવતીઓના પિતા જનાર્દન શર્મા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ પ્રિતેશ શાહ મારફત હેબિયસ કોર્પસ પિટિશન દાખલ કરવામાં આવી હતી.

એ મુદ્દે આજે જજ એ.વાય. કોગજે અને રાજેન્દ્ર સારીનની બેન્ચ દ્વારા સાડાચાર વર્ષે ચુકાદો અપાયો હતો. કોર્ટે ચુકાદો આપતાં યુવતીઓના પિતાની હેબિયસ કોપર્સ અરજીનો નિકાલ કર્યો છે. કોઈએ ગેરકાયદે રીતે ગોંધી રાખી નથી કોર્ટે ચુકાદો આપતાં જણાવ્યું હતું કે બંને યુવતી સલામત છે. કોર્ટે વીડિયો-કોન્ફરન્સ મારફત બંને યુવતી સાથે વાત કરી છે. તેમને કોઈએ ગેરકાયદે રીતે ગોંધી રાખી નથી. તેઓ તેમની મરજીથી ત્યાં રહે છે અને ત્યાં જ રહેવા માગે છે. તેઓ આધ્યાત્મિક માર્ગે છે અને અન્ય દુનિયાના કેટલાય લોકો આ માર્ગ પર ચાલે છે. બંને યુવતી પુખ્ત છે, જે પોતાનું સારું-નરસું સમજી શકે છે. કોર્ટે યુવતીઓના પિતાની હેબિયસ કોર્પસ અરજીનો નિકાલ કર્યો હતો, સાથે જ હાઈકોર્ટ રજિસ્ટ્રીને કોર્ટે યુવતીઓ સાથે વીડિયો-કોન્ફરન્સ દ્વારા કરાયેલી વાતનું રેકોર્ડિંગ સાચવવા હુકમ કર્યો હતો. પોતાની મરજી મુજબ તેમણે ઘર છોડ્યું કોર્ટે બંને યુવતી સાથે 10 જાન્યુઆરી, 2024ના રોજ વીડિયો-કોન્ફરન્સથી વાત કરી હતી, જેમાં યુવતીઓએ કોર્ટને જણાવ્યું હતું કે તેઓ બંને સલામત છે. પોતાની મરજી મુજબ તેમણે ઘર છોડ્યું છે.


**પશ્ચિમ રેલવે**

**પાર્સલ SLR ભાડે આપવાના કરાર માટે ઈ-ઓક્શન**

DCM(FM)-MMCT દ્વારા મુંબઈ ડિવિઝનની ટ્રેનોમાં પાર્સલ SLR ભાડે આપવાના કરાર માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. સૂચિ પહેલેથી જ IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી છે; વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:-

કરારનો પ્રકાર:- પાર્સલ, શ્રેણી: પાર્સલ એસએલઆર, કરારનો સમયગાળો: 2 વર્ષ

1 હરાજી સૂચિ નંબર:- MMCT-PLS-24-02

| લોટ નંબર | |
|---|---|
| 22451-SLR-R1-BDTS-CDG-23-1 | 12925-SLR-F1-BDTS-ASR-23-2 |
| 22921-SLR-R1-BDTS-GKP-23-1 | |

ઈ-ઓક્શનની તારીખ અને સમય:- લોટ માટે ઈ-ઓક્શન 05-02-2024ના રોજ 12:00 કલાકે શરૂ થશે. પ્રારંભિક ઠંડકનો સમયગાળો 30 મિનિટનો છે.

2 હરાજી સૂચિ નંબર:- MMCT-PLS-24-03

| લોટ નંબર | |
|---|---|
| 22901-SLR-R1-BDTS-UDZ-22-1 | 20941-SLR-R1-BDTS-GCT-23-2 |
| 22949-SLR-R1-BDTS-DEE-24-1 | 22971-SLR-F1-BDTS-PNBE-23-2 |
| 22971-SLR-F1-BDTS-PNBE-22-1 | |

ઈ-ઓક્શનની તારીખ અને સમય:- લોટ માટે ઈ-ઓક્શન 14-02-2024ના રોજ 12:00 કલાકે શરૂ થશે. પ્રારંભિક ઠંડકનો સમયગાળો 30 મિનિટનો છે.

વધારે માહિતી માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1120

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: twitter.com/WesternRly


## ધારાસભ્ય પ્રફુલભાઈ પાનશેરીયાના અથાગ પ્રયત્નોથી કામરેજમાં 300 બેડની હોસ્પિટલના નિર્માણ માટે રાજ્ય સરકારે આપી મંજૂરી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

૧૫મી ગુજરાત વિધાનસભા ચોથા સત્ર દરમ્યાન આજે રજૂ કરાયેલા વર્ષ ૨૦૨૪-૨૫ માટેનું અંદાજપત્ર બાદ કામરેજ 300 બેડની હોસ્પિટલના નિર્ણય સંદર્ભે રાજ્ય મંત્રી અને કામરેજ વિધાનસભાના ધારાસભ્ય પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ અને દિશાદર્શનમાં તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના મક્કમ નેતૃત્વમાં ગુજરાતની આરોગ્ય સેવાઓ નવી ક્ષિતિજોને આંબી રહી છે. આધુનિક સારવાર સાથે સ્વાસ્થ્ય સુવિધાઓ મળતી થઈ છે, જે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને અસહ્ય આર્થિક ભારણથી બચાવે છે. જનઆરોગ્ય સુવિધાઓ ક્ષેત્રે ગુજરાત અગ્રેસર છે; આરોગ્યલક્ષી સુવિધાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવાની પ્રતિબદ્ધતા સાથે રાજ્ય સરકાર કામ કરી રહી છે. વધુમાં ધારાસભ્ય પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, ’જનસેવા એ જ પ્રભુસેવા’ની ભારતીય સંસ્કૃતિની ઉમદા ભાવના રહી છે. શ્રેષ્ઠ તબીબી સંભાળ, સારવાર સુવિધાઓ પૂરી પાડવાનો અમારી રાજ્ય સરકાર પ્રયાસ છે, જેના ફળરૂપે 300 બેડની જિલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવાનો નિર્ણય સરાહનીય છે. આ તકે રાજ્ય મંત્રી અને કામરેજ વિધાનસભાના ધારાસભ્ય પ્રફુલભાઈ પાનશેરીયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાણા મંત્રી કનુભાઈ દેસાઈ અને આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલનો કામરેજ તેમજ સુરતના પ્રજાજનો વતી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. માનવતાના સેવા કાર્યમાં આરોગ્ય સેવાના ક્ષેત્રે આ 300 બેડની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ નવું સીમાચિહ્ન હાંસલ કરશે, અને કામરેજ સહિત આસપાસના વિસ્તારો માટે હેલ્થકેર ક્ષેત્રે લાઈફલાઈન સમાન પુરવાર થશે.

## નેશનલ હાઇવે ઓથોરિટીનો ગુજરાત હાઇકોર્ટે લીધો ઉધડો

અમદાવાદ I તા.02

રાજ્યમાં જમીન સંપાદનને લગતા કેસોમાં જમીન સંપાદન બાદ પણ વર્ષો સુધી જમીનનો ઉપયોગ નહી કરવા મુદ્દે અને મૂળ જમીન માલિકોને વળતરથી વંચિત રાખી ખોટી હેરાનગતિ થતી હોવાના મામલે ગુજરાત હાઈકોર્ટે ગંભીર નોંધ લઈ આજે નેશનલ હાઈવે ઓથોરીટી સત્તાવાળાઓનો ઉધડો લીધો હતો. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૂધ્ધા માયીની ખંડપીઠે આવા ગેરજવાબદાર વલણને લઈ નેશનલ હાઈવે ઓથોરીટીને કડક ચેતવણી આપી હતી અને સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, સત્તાવાળાઓની આ પ્રકારની ગેરવ્યસ્થાના કારણે સામાન્ય જનતાને કાયદાની આંટીઘૂંટીમાં ખોટી રીતે હેરાનગતિનો ભોગ બનવા દેવાય નહી. તમારા આવા બિનજરૂરી લીટીગેશન્સના કારણે લોકો રડી રહ્યા છે અને તમે એક સરમુખત્યારશાહની જેમ વર્તો છો.

### બગસરા વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા 72 મહિલા મંડળમાં

## ૯00 ઉપરાંત મહિલાઓ વિવિધ પ્રકારની સેવાકિય પ્રવૃત્તિઓ સાથે મહિલાઓને સિલાઈ મશીન અર્પણ કરવામાં આવ્યા

અશોક મણવર- અમરેલી : અમરેલીના બગસરા શહેરમાં વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા દ્વારા 72 મહિલા મંડળ દ્વારા, ૯૦૦ થી વધારે મહિલા ઓ સાથે વિવિધ પ્રકારની સેવાકિય પ્રવૃત્તિઓ ચાલી રહી છે. મહિલા સ્વ રોજગાર કાર્યક્રમ અંતર્ગત સીલાઈ તાલીમ વર્ગ ગ્રામીણ વિસ્તારમાં ચાલે છે જેમાં ૫૦૦ થી વધારે બહેનો તાલીમ મેળવી, સીલાઈ કામ ની કુશળતા પ્રાપ્ત કરી શકી છે, જેમાં જરૂરિયાત મંદ પરીવારની બહેનો માટે સીલાઈ મશીન ખરીદી સહાય અને લોન ધિરાણ કાર્યક્રમ ચાલે છે. આ યોજના અંતગત રૂપિયા ૩૫૦૦ ની સહાય આપવામાં આવે છે અને ૫૦૦૦ ની વગર વ્યાજની લોન આપવામાં આવે છે. જ્યારે કમાતા થાય ત્યારે હપ્તા થી ભરપાઈ કરી



આપવાની થાય છે. આ કાર્યક્રમ અંતર્ગત આજસુધી માં ૧૨૦ બહેનો ને સીલાઈ મશીન વસાવી શક્યા છે. વાસુ હેલ્થ કેર પ્રાઈવેટ લિમિટેડ વડોદરા ના સહયોગથી ૩૦ જાન્યુઆરી ના રોજ બાળ કેળવણી મંદીર બગસરાના પ્રમુખ શ્રી ચેતનભાઈ શાહ અને ઉપ પ્રમુખ શ્રી જયશ્રીબેન શાહ ના સાનિધ્યમાં સીલાઈ મશીન અર્પણ કરવામાં આવેલ હોવાનું દેવચંદ સાવલિયા વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરાની અખબાર યાદીમાં જણાવાયું.

## રાજસ્થાનથી સાયકલયાત્રા લઈને નીકળેલા સંત યાત્રાધામ ઢીમામાં પહોંચતા ભવ્ય સ્વાગત કરાયું

કિરણભાઈ એપા - વાવ બનાસકાંઠા : આ એવા સંત છે કે જેઓ આગળ સાયકલ રાખી ને હાથ થી ધકો મારે અને ધૂટણી એ પડીને ચાલતા હતા રાજસ્થાનથી યાત્રા પર એક નીકળેલા ઉંમરલાયક વ્યક્તિ જેમની ઉંમર છે ૭૨ વર્ષની ખૂબ કઠિન પરિશ્રમ કરી રહ્યા છે સનાતન ધર્મ માટે સનાતન નો પ્રચાર કરે છે જય શ્રી રામના ગુણગાન કરેછે તેઓ છેલ્લા દોઢ મહિના થી પોતાના વતન આશાડા રાજસ્થાનથી ઉત્તર ગુજરાત બનાસકાંઠા વાવ તાલુકાના ઢીમા ગામમાં પહોંચી ધરણીધર ભગવાનના ચરણોમાં વંદન કરી ધન્યતા અનુભવી હતી. ઢીમા ખાતે આ સાયકલ યાત્રા લઈને પહોંચેલ સંત નું ઢીમા ગ્રામપંચાયત સરપંચ ના પિતા માનાભાઈ રાજપૂત દ્વારા તેમને સાલ ઓઢાડી સ્વાગત



કરવામાં આવ્યું હતું. વધુમાં આ સંતે જણાવ્યુ હતુ કે હું ઢીમા પ્રથમ વખત આવ્યો છું પણ દ્વારકા તો 12વખત યાત્રા કરી ચુક્યો છું અને હવે અહીં ધરણીધર ભગવાન ના દર્શન કર્યા અને મંદિર ના પૂજારી દ્વારા પણ ખેસ પહેરાવી મારું સ્વાગત કર્યું તે બદલ તેમનો પણ હું આભાર વ્યક્ત કરું છું તેઓ અહીં થી નીકળી આવતી કાલે દ્વારકા જવા માટે નીકળીશ.

## એક મહિના જૂની અદાવતમાં યુવક પર તલવાર, છરીઓ લઇને માથાભારે તત્વો તૂટી પડ્યા

અમદાવાદ I તા.02

અમદાવાદમાં એક મહિના જૂની અદાવતના કારણે યુવક પર તલવાર, છરીઓ લઈને માથાભારે તત્વોએ ઘા ઝિંક્યા હતા. આ ઘટનામાં ચોંકાવનારી વાત એ બની કે, યુવકને બહાર કાઢવા માટે દુશ્મનોએ તેના મિત્ર સાથે હાથ મિલાવીને છળકપટ રચ્યું હતું. દુશ્મનોએ યુવકના હાથ અને પગના ભાગ પર ઉપરાછપરી છરીના ઘા ઝીંકી તેને મોતને ઘાટ ઉતારવાનો પ્રયાસ કર્યો હતો અને હુમલો કરીને હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. જોકે, પોલીસને ઘટનાની જાણ થતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. જૂની અદાવત રાખી ફરિયાદી પર હુમલો કર્યો શાહઆલમ વિસ્તારમાં આવેલી મુસામીયાની ચાલીમાં રહેતા મોહમદ કલીમખાન પઠાણે નારોલ પોલીસ સ્ટેશનમાં સાજીદ ઉર્ફે રબડી, રાજા (રહે. મીલ્લતનગર, ઈસનપુર), રાસીદ (રહે, નવાપુરા વટવા) અને મોહસીન ઉર્ફે બંબઈયા વિરૂદ્ધ હત્યાનો પ્રયાસ કરવાની તેમજ હત્યાનું કાવતરું રચવાની ફરિયાદ નોંધાવી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# તોડકાંડના આરોપી તરલ ભટ્ટની ધરપકડ

## સસ્પેન્ડેડ PI ને ATS એ ઝડપ્યો, આતંકવાદીને પકડતી એજન્સી તોડકાંડની તપાસ કરી રહી છે



અમદાવાદ | જૂનાગઢ તોડકાંડમાં આરોપી તરલ ભટ્ટની ગુજરાત ATSએ ધરપકડ કરી છે. જૂનાગઢમાં સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા તરલ ભટ્ટે અરજદારના એકાઉન્ટ ફ્રીજ બાબતે બોલાવીને બીજા પોલીસ કર્મચારીઓ સાથે મળીને તોડ કર્યો હોવાની પોલીસ ફરિયાદ નોંધાવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે જે એજન્સીનું કામ આતંકવાદીઓને ઝડપવાનું છે તે એજન્સી જૂનાગઢ પોલીસ તોડકાંડના કેસની તપાસ કરી રહી છે. આ સમગ્ર મામલે વિવાદ થયા બાદ તપાસ ગુજરાત ATSને સોંપવામાં આવી હતી. ગુજરાત ATSનો દાવો છે કે અમદાવાદથી તરલ ભટ્ટની ધરપકડ કરવામાં આવી છે. બીજી તરફ તરલ ભટ્ટના કેટલાક ખાસ માણસો એક દિવસ પહેલા ATSમાં ગયા હોવાની પણ વિગતો સૂત્રો પાસેથી મળી રહી છે. કોલ સેન્ટરના માફિયા અને માધુપુરા સટ્ટાકાંડના ડેટા તેમની પાસે હતા તેઓએ ATSની મુલાકાત લીધી હોવાની માહિતી છે. તો બીજી તરફ તરલ ભટ્ટ હાજર થયા હોય તેવી પણ ચર્ચા છે. ત્યારે આગળની તપાસ ATS કઈ દિશામાં કરે છે તેના પર સૌની નજર છે. જૂનાગઢમાં એક વ્યક્તિનું એકાઉન્ટ ફ્રીઝ થયા બાદ તેની સાથે થયેલા તોડની વિગતોમાં અનેક રાજ રોજેરોજ ખુલી રહ્યા છે. બીજી તરફ આ કેસમાં તરલ ભટ્ટને આરોપી બનાવવામાં આવ્યો છે જેને સાઈબર એક્સપર્ટ અને કોલ સેન્ટર કિંગ પણ કહેવાય છે. ત્યારે મોટાભાગનો ડેટા તેમણે કઈ રીતે મેળવ્યો તે અંગે તેમના નજીકના લોકો પણ જોડાયેલા હોય તેવી પૂરી શક્યતા છે. તરલ ભટ્ટ જ્યારે માધુપુરા સટ્ટાકાંડની તપાસ કરી રહ્યા હતા ત્યારે તેમની સાથે વિશાલ નામનો એક વ્યક્તિ જે ડેટા એનાલિસિસ કરનાર હોવાનું જાણવા મળી રહ્યું છે. મળતી માહિતી મુજબ તેણે તે સમયે એકાઉન્ટની ડીટેઈલ મેળવી લીધી હતી પણ તે કોના ઈશારે મેળવી હતી તે હજી જાણવા મળ્યું નથી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ એક દિવસ પહેલા ATSમાં વિશાલ પંડ્યા પણ પહોંચ્યો હતો.

**કેવી રીતે સામે આવ્યો સમગ્ર મામલો ?** : કેરળના કાર્તિક ભંડેરીનું બેન્ક એકાઉન્ટ ફ્રીજ થતા તેમણે બેંકનો સંપર્ક કર્યો હતો. ત્યારે બેંકે તેમને જૂનાગઢ SOGના સાઈબર ક્રાઈમ સેલ દ્વારા તેનું એકાઉન્ટ સીઝ કરવામાં આવ્યું છે તેવું જણાવવામાં આવ્યું હતું. જેથી કાર્તિક ભંડારીએ જૂનાગઢ SOG શાખાનો સંપર્ક કર્યો હતો અને ટેલીફોનિક વાતચીતમાં તેમને શાં માટે બેન્ક એકાઉન્ટ ફ્રીજ કર્યું છે તેની માહિતી મેળવી હતી. આ મામલે જૂનાગઢ SOG દ્વારા વેપારીને રૂબરૂ જૂનાગઢ આવવા જણાવ્યું હતું.

### તોડકાંડની તપાસ સરકારની ખાસ ATS કરી રહી છે...

જૂનાગઢના આ તોડકાંડની ગુંજ છેક સરકાર સુધી પહોંચી હતી અને સરકારની મધ્યસ્થી બાદ આ કેસમાં ફરિયાદ દાખલ થઈ હતી. હવે આ કેસની તપાસ સરકારની ખાસ ગણાતી ATS કરી રહી છે. જે એજન્સીનું કામ આતંકવાદી પકડવાનું છે તે એજન્સી હવે આ તોડકાંડની તપાસ કરી રહી છે. હવે તરલ ભટ્ટના હાજર થયા બાદ તેની તપાસ કઈ દિશામાં જાય છે તે હવે જોવું રહ્યું.

### માધુપુરા સટ્ટાકાંડમાં તરલ ભટ્ટની જૂનાગઢ બદલી કરાઇ હતી

કરોડોના સટ્ટાકાંડમાં પીઆઈ તરલ ભટ્ટની જૂનાગઢ ખાતે બદલી કરવામાં આવી હતી. જેમાં અમદાવાદના માધુપુરા વિસ્તારની એક ઓફિસમાં દરોડા પાડવામાં આવ્યા હતા. કરોડોના હિસાબોનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. આ કરોડોના સટ્ટાકાંડની તપાસ કરતા તરલ ભટ્ટની શંકાસ્પદ ભૂમિકા સામે આવતા ડીજીપી વિકાસ સહાયે થોડા મહિનાઓ પહેલા પીઆઇ તરલ ભટ્ટની જૂનાગઢ બદલી કરી હતી.

## SOGની ટીમે ખોરાક શાખાની સાથે રાખી તપાસ કરી

# ખાણીપીણીની ચીજોની તપાસ: નશીલા દ્રવ્યોની આશંકા: 45 સ્થળે ચેકિંગ

વડોદરા | શાળા અને કોલેજોના વિદ્યાર્થીઓને નશાથી બદીથી દૂર રાખવા માટે પોલીસે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. જે અંતર્ગત ગુરુવારે એસઓજીએ પહેલીવાર ખોરાક શાખાને સાથે રાખી કીર્તિ સ્તંભ પાસે મહાકાળી સેવ-ઉસળ, સયાજીગંજ ખેતલા આપા, કારેલીબાગના દેવીકૃપા ટી સ્ટોલ, ફતેગંજ ડીલક્ષ પાન સહિત 45 ખાણીપીણીની દુકાનો, લારી અને ગલ્લા પર ચેકિંગ કર્યું હતું. જ્યાંથી 50થી વધુ ખાણીપીણીની ચીજોના નમૂના લઈ તપાસ શરૂ કરાઈ છે. બીજી તરફ ટીમે લાઈસન્સ ન હોવાથી 3 દુકાનોને પણ બંધ કરાવી હતી.

પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતને રજૂઆત મળી હતી કે, શાળા-કોલેજોની આસપાસ ખાણીપીણીની લારીઓ અને દુકાનો પર વિદ્યાર્થીઓ ચા અને નાસ્તો કરવા જાય છે, ત્યાં વારંવાર જવાની ટેવ પડી જાય છે. જેના પગલે એસઓજી અને પાલિકાની ખોરાક શાખાના ફૂડ ઈન્સ્પેક્ટરની 55 સભ્યોની ટીમે સયાજીગંજ, ફતેગંજ, તાંદલજા, કીર્તિસ્તંભ, માંજલપુર નાકા, સરસ્વતી ચાર રસ્તા, અમિત નગર સર્કલ, સમા, સોમા તળાવ તથા વાઘોડિયા રોડ પર આવેલી શાળાઓની આસપાસ ખાણીપીણીની દુકાનો અને લારી-ગલ્લા પર ચેકિંગ કર્યું હતું. બંને વિભાગની ટીમોએ 45 દુકાનો પર ચા, જલેબી, ચાની ભૂકી, સેવ ઉસળનો રસો, નાસ્તો બનાવવા માટે વપરાતા રો-મટિરિયલ તેમજ અલગ-અલગ પ્રકારની ચટણીઓનું ચેકિંગ કરી તેના નમૂના એકત્ર કર્યા હતા. ચેકિંગ દરમિયાન કેટલાંક સ્થળોએ ગંદકી અને ખાદ્ય ચીજો ખુલ્લામાં મૂકવામાં આવી હોવાનું ધ્યાને આવતાં તેનો નાશ કરવામાં આવ્યો હતો. ખોરાક શાખાની ટીમે સ્વચ્છતા જાળવવામાં ન આવી હોય તેમજ લાઈસન્સ ન લીધું હોય તેવી 3 દુકાનોને બંધ કરાવી હતી.

વડોદરા | શહેર એસઓજીના પીઆઈ વિવેક પટેલે કહ્યું કે, તેઓએ શાળા-કોલેજોની આસપાસની દુકાનો તેમજ લારી-ગલ્લા પર 20 દિવસ સુધી ઓબ્ઝર્વેશન કર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ તેમજ ત્યાં આવતા લોકો સાથે પોલીસ કર્મીઓએ વાતચીત કરી હતી. વિદ્યાર્થીઓ કહ્યું કે, વારંવાર ખાવાની ઈચ્છા થાય છે. પોલીસે વિસ્તાર મુજબ દુકાનોની યાદી બનાવી ગુરુવારે કાર્યવાહી શરૂ કરી હતી. આગામી દિવસોમાં પણ આ પ્રકારની કાર્યવાહી ચાલુ રહેશે. એસઓજીએ ઘણા દિવસોથી ચેકિંગ હાથ ધરાઈ રહ્યું છે.

# રાજકોટમાં પોલીસમેન પર ખૂની હુમલાના કેસમાં બે આરોપીને સાત-સાત વર્ષની સજા...



રાજકોટ | રાજકોટના દાસી જીવણપરામાં વર્ષ 2013માં મામાના ઘેર આવેલી યુવતીની છેડતી કરનાર ચાર શખ્સોએ પોતાની ભાણેજને બચાવવા વચ્ચે પડેલા પોલીસમેન મામા ઉપર ચારેય શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હતો. જે કેસ ચાલી જતા અધિક સેશન્સ જજ વી. કે.ભટ્ટે બે આરોપીને સાત વર્ષ સખત કેદની સજા અને રૂ.50 હજાર દંડનો હુકમ કર્યો છે. આ કેસની વિગત એવી છે કે, તા.28-08-2013ના રોજ રાજકોટના દાસી જીવણપરા શેરી નં.3માં રહેતા પોતાના મામાના ઘેર આવેલી યુવતી રાત્રીના સમયે કૃષ્ણ ઉત્સવના ડાયરામાં ગઈ હતી તે દરમિયાન વિશાલ જયેશ વાઘેલા, પ્રદીપ ઉર્ફે પિન્ટુ વાઘેલા, મુકેશ કાંતિ મકવાણા અને નીતિન ખીમજી સારેશાએ મશ્કરી કરતા ટ્રાફિક પોલીસ તરીકે ફરજ બજાવતા મામા દીપક મુળજીભાઈ પરમાર પોતાની ભાણેજને બચાવવા વચ્ચે પડ્યા હતા. આથી ઉશ્કેરાયેલા આરોપીઓએ દીપક પરમાર ઉપર લોખંડના પાઈપ અને બેઝબોલના ધોકાથી હુમલો કર્યા બાદ તેના ઉપર સ્કોર્પિયો કાર ફેરવી દઈ જીવલેણ હુમલો કર્યો હતો. સરકાર પક્ષની દલીલો ધ્યાને લઈ અધિક સેશન્સ જજ વી.કે. ભટ્ટે આરોપી પ્રદીપ ઉર્ફે પિન્ટુ વાઘેલા અને ફરિયાદી ઉપર ગાડી ચલાવનાર વિશાલ વાઘેલાને સાત વર્ષની સખત કેદની સજા ફરમાવી છે.

## લોકસભાની ચૂંટણી પૂર્વે પોલીસ તંત્રમાં બદલીઓનો દોર

# ચૂંટણી પૂર્વે પોલીસ તંત્રમાં બદલીઓનો દોર: રાજકોટના 5 સામે 4 PI આવ્યા...




રાજકોટ | આગામી લોકસભાની ચૂંટણી સંદર્ભે આચારસંહિતાના અમલ કરાવવા માટે રાજ્યના પોલીસ તંત્રે પોલીસ ઈન્સ્પેક્ટર તેમજ સબ ઈન્સ્પેક્ટરોની બદલીનું લિસ્ટ જાહેર કર્યું છે. જેમાં 232 પોલીસ ઈન્સ્પેક્ટરની અને 551 સબ ઈન્સ્પેક્ટરની બદલીના હુકમ કરવામાં આવ્યા છે. રાજકોટ શહેરના 5 ઈન્સ્પેક્ટરની બદલી કરાઈ છે. જેની સામે 4 ઈન્સ્પેક્ટરની રાજકોટ મુકાયા છે. જ્યારે શહેરના 23 સબ ઈન્સ્પેક્ટરની બદલી સામે 25 સબ ઈન્સ્પેક્ટર મુકાયા છે.

બુધવારે મોડી રાતે જાહેર કરાયેલા બદલીના લિસ્ટમાં રાજકોટ આજી ડેમ પોલીસ મથકના પીઆઈ એલ. એલ.ચાવડા, પીસીબીના એમ.બી.નકુમ, મહિલા પોલીસ મથકના એન.એચ.મોર, એસઓજીના જે. ડી.ઝાલા, સાયબર ક્રાઈમના કે.જે.રાણાનો સમાવેશ થાય છે. જ્યારે રાજકોટ બદલી થઈને આવેલાઓમાં અમરેલીના પીઆઈ જે.એમ.કૈલા, સુરેન્દ્રનગરના એસ.એમ.જાડેજા, સુરત સિટીના જી.એ.પટેલ, એસીબીના આઈ.વી.રબારીનો સમાવેશ થાય છે. તદઉપરાંત રાજકોટ શહેરના 5 મહિલા સહિત 23 સબ ઈન્સ્પેક્ટરની વિવિધ જિલ્લાઓમાં બદલી કરવામાં આવી છે. જેની સામે રાજકોટ શહેરમાં 11 મહિલા સહિત 25 સબ ઈન્સ્પેક્ટર મુકાયા છે. રાજકોટ રૂરલ પોલીસના 3 પીઆઈની બદલી થઈ છે. જેમાં એ. બી.ગોહિલ, રાજકોટ વિભાગના એમ.પી.વાળા, કે. કે.જાડેજાનો સમાવેશ થાય છે. ત્રણ અધિકારીની બદલી સામે એક મહિલા સહિત ચાર ઈન્સ્પેક્ટરની રાજકોટ રૂરલ પોલીસમાં નિમણૂક આપવામાં આવી છે. તેમજ બે મહિલા સહિત 9 સબ ઈન્સ્પેક્ટરની જિલ્લા પોલીસમાંથી બદલી થઈ છે. જેની સામે ત્રણ મહિલા સહિત 13 સબ ઈન્સ્પેક્ટર મુકાયા છે.

# પાડોશીએ 15 વર્ષની સગીરાને ઇન્સ્ટાગ્રામમાં રિકવેસ્ટ મોકલી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું

રાજકોટ | ધોરણ-10માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે, જેને લઈ વિદ્યાર્થિનીના પિતા દ્વારા નીતિન બગથરીયા અને મધુ ધકાણ વિરુદ્ધ પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે. આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ ભક્તિનગર પોલીસ દ્વારા ગણતરીના કલાકોમાં આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે, જેની પૂછપરછ કરતા પાડોશમાં જ રહેતા વ્યક્તિ દ્વારા છ મહિનાથી દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. રાજકોટ શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા 42 વર્ષીય પુરુષે ફરિયાદ નોંધાવી છે જેમાં તેને જણાવ્યું હતું કે, હુ છેલ્લા 3 વર્ષથી અહી રાજકોટમાં મારા પરીવાર સાથે રહુ છુ. મારે સંતાનમાં એક દીકરો તથા એક દીકરી છે, જેમાં સૌથી મોટો દીકરો છે, જે મુંબઈમાં મારા સાસુ-સસરા સાથે રહે છે અને ત્યા જ અભ્યાસ કરે છે. તેનાથી નાની દીકરી 15 વર્ષની છે જે ધોરણ-10માં અભ્યાસ કરે છે. અમારૂ મુળ વતન રાજસ્થાન છે. મારી દીકરી છેલ્લા 10-15 દિવસથી ખૂબ જ ઉદાસ રહેતી હોય અને ઘણી વખત રડતી હોય, જેથી બે-ત્રણ વખત મે મારી દીકરીને ખૂબ જ સમજાવીને પુછેલ તો તે કાઈ બોલતી ન હતી અને સતત ટેન્શનમાં રહેતી હતી. ધોરણ-10માં અભ્યાસ કરતી હોય જેથી ભણવાનુ કોઈ ટેન્શન હશે એમ હુ સમજતો હતો પરંતુ, ગઈકાલે દીકરી ખૂબ જ ઉદાસ હતી અને મે મારી પાસે તેને બોલાવીને સમજાવતા દીકરી ખૂબ જ રડવા લાગેલ અને મને કહેવા લાગેલ કે, પાડોશમાં રહેતા નીતીન બગથરીયા અંકલ મને ડરાવીને બીવડાવીને એક આન્ટીને ત્યા બોલાવે છે અને મારી સાથે ખૂબ જ ખોટુ કામ કરે છે.

## ચાની ટપરી પર યુવકનું મર્ડર: પરિવારનો આર્થિક સહારો છીનવાયો

# સુરતમાં લુમ્સના કારખાનામાં કામ કરતા યુવકની અજાણ્યા શખસો હત્યા કરી

સુરત | સુરતના પાનેસરામાં લુમ્સના કારખાનામાં કામ કરતા કારીગરની મોડી રાત્રે ચાની ટપરી પાસે હત્યા કરવામાં આવી છે. યુવક ઉત્તરપ્રદેશનો હતો. સુરતમાં કામ કરીને પરિવારને આર્થિક રીતે મદદ કરતો હતો. કારખાનામાં નાઈટ શિફ્ટમાં કામ કરતો હતો. મોડી રાત્રે કારખાનાથી દૂર ચા ટપરી પાસે અજાણ્યા શખસો આવીને યુવક પર હુમલો કરી પથ્થર અને તિક્ષ્ણ હથિયાર વડે માર મારી હત્યા કરી નાખી છે. બનાવની જાણ થતાં પોલીસે ઘટના સ્થળે પહોંચીને અજાણ્યા શખસો સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સુરતમાં છેલ્લા થોડા દિવસોથી હત્યાના બનાવો અવારનવાર સામે આવી રહ્યા છે. સામાન્ય બાબતોમાં હત્યાની ઘટનાઓ બની રહી છે, ત્યારે વધુ એક ફરી સુરતમાંથી હત્યાની ઘટના બની છે. સુરતના પાંડેસરાના બાટલી બોય વિસ્તારમાં આવેલા સિલ્ક સીટી ઈન્ડસ્ટ્રીયલ ખાતે લુમ્સના કારખાનામાં કામ કરતા કારીગરની હત્યા કરવામાં આવી છે. ગત મોડી રાત્રે 32 વર્ષીય દિનેશ નિશાદ નામના કારીગરની હત્યા કરાય છે.

32 વર્ષીય દિનેશ નિશાદ મૂળ ઉત્તર પ્રદેશના રહેવાસી છે. તેરા પરિવારમાં એક પુત્ર-પુત્રી અને પત્ની છે. યુપીથી સુરત આવી દિનેશ પાંડેસરામાં સિલ્ક સીટી ઈન્ડસ્ટ્રીયલમાં આવેલા લુમ્સના કારખાનામાં કારીગર તરીકે કામ કરી વતનમાં રહેતા તેના પરિવારને આર્થિક મદદરૂપ થતો હતો. જોકે ગત મોડી રાત્રે દિનેશ નિશાન કેટલાક અજાણ્યા શખસો દ્વારા હુમલો કરી હત્યા કરી દેવાતા પરિવારે આધાર સ્તંભ ગુમાવ્યો છે.

દિનેશ નિશાદ જે કારખાનામાં કામ કરી રહ્યો હતો તેના 100 મીટરના અંતરમાં જ આવેલ ચાની ટપરી પાસે હત્યા કરવામાં આવી હતી. ગત મોડી રાત્રે બાર વાગ્યાની આસપાસ દિનેશ નિશાદ નાઈટ શિફ્ટમાં નોકરી કરવા ગયો હતો. આ દરમિયાન ચાની ટપરી પાસે તે બેઠો હતો. આ દરમિયાન અચાનક કેટલાક શખસો તેની પાસે આવીને ઝઘડો કરી તેને તીક્ષ્ણ હથિયારો અને પથ્થર વડે મારી કરપીણ હત્યા નિપજાવી કાઢી હતી.

**હત્યારાને પકડવા પોલીસે તપાસ હાથ ધરી** : બનાવ અંગે પાંડેસરા પોલીસને જાણ થતા પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી આવી હતી. પોલીસે મરનાર દિનેશ નિશાદના મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી હત્યા કરનારી શખસો સામે તપાસ હાથ ધરી હતી. પોલીસે બના વગે જુદી જુદી ટીમો બનાવી આસપાસના CCTV તપાસી હત્યારાઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## અકસ્માત : જેતપુરમાં પગથિયાં પરથી પટકાયા બાદ શ્રમિકનું માથું ફાટી જતાં મોત

### પેઢીની ઓફિસે મજૂરીના પૈસા લેવા જતી વખતે બની ઘટના

જેતપુર | જેતપુર માર્કેટિંગ યાર્ડમાં માલ ચડાવ ઉતારની મજૂરી કરતા યુવાનનું મજૂરીના પૈસા લેવા જતી વખતે યાર્ડની અગાસી પરથી નીચે જમીન પર પટકાતા માથું ફાટી જવાથી ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. શહેરના નાજાવાળા પરા વિસ્તારમાં રહેતો અને માર્કેટિંગ યાર્ડમાં માલ ચડાવ ઉતારની મજૂરી કરતો મયુર ગુજરાતી ઉ.વ. ૩૩ નામનો યુવાન સાંજના સમયે સંતકૃપા નામની પેઢીમાં માલ આવતા વાહનમાંથી ઉતારવા માટે ગયો હતો.

સાંજનો સમય હોય વાહનમાંથી માલ ઉતારતા અંધારું થઈ ગયું જેથી મજૂરી કરતા અન્ય મજૂરોને પોતાના ખિસ્સામાંથી મયુરે મજૂરી પેટેના પૈસા ચૂકવી આપ્યાં. અને પોતે ચૂકવેલા પૈસા અને પોતાની મજૂરી પેઢીના માલીક પાસેથી લેવા માટે યાર્ડમાં સંત કૃપા પેઢીની અગાસી પર આવેલી ઓફિસે જતો હતો ત્યારે અકસ્માતે તે પગથિયાં પરથી નીચે જમીન પર પટકાયો હતો.

વજનદાર શરીર ધરાવતો મયૂર પગથિયેથી નીચે ખાબકતા તેનું માથું ફાટી ગયું અને ચારે બાજુ લોહીની ધારાઓ વહેવા લાગી જેમાં માથું ફાટી જવાથી તેનું ઘટના સ્થળે જ તેનું મોત નીપજ્યું. મૃતક યુવાનને સંતાનમાં એક દીકરી હોવાની વિગત પ્રાપ્ત થઈ છે પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ડિવાઈડર કુદાવી કાર રોંગ સાઈડમાં ઘૂસી : બોનેટ સહિત ટાયરમાં પણ મોટું નુકસાન થયું

# રિંગરોડ બ્રિજ પર કારચાલક બન્યો બેકાબૂ, એક્ટિવાને અડફેટે લઈ આખી કાર ટ્રાફિક પોલીસ ચોકીમાં ઘુસાડી




સુરત | સુરતમાં અકસ્માતના કેસો અવારનવાર બનતા રહે છે. ત્યારે મોડી રાત્રે સુરતના ટ્રાફિકથી ધમધમતા રિંગરોડ બ્રિજ ડિવાઈડર કુદાવી રોંગ સાઈડમાં ઘૂસેલા કારચાલકે કાર પરથી કાબૂ ગુમાવતા એક એક્ટિવા ચાલકને અડફેટે લઈ બ્રિજ પર બનાવવામાં આવેલી ટ્રાફિક પોલીસની ચોકીમાં આખી કાર ઘુસાડી દીધી હતી. કારનો આગળનો બોનેટ સહિત ટાયરમાં પણ મોટું નુકસાન થયું છે. જ્યારે એક્ટિવા ચાલક અને કારચાલકને પણ ઈજા પહોંચી હતી. સુરતમાં રેલવે સ્ટેશન તરફથી રિંગ રોડ બ્રિજ ચડીને એક બ્રેજા કાર નંબર જીજે 5 આર એફ 9056નો ચાલક પૂરપાટ ઝડપે ઉધના તરફ જઈ રહ્યો હતો. દરમિયાન બ્રિજ પર પૂરપાટ ઝડપે જતી કાર પરથી કાબૂ ગુમાવી દીધો હતો. ત્યાર બાદ ડિવાઈડર કુદાવીને કાર રોંગ સાઈડમાં ઘૂસી ગઈ હતી. સામેથી આવતા એક્ટિવા ચાલકને અડફેટે લઈ લીધો હતો. એક્ટિવા ચાલકને અડફેટે લીધા બાદ પણ કાર રોકાઈ ન હતી. બ્રિજ પર જ બનાવવામાં આવેલી ટ્રાફિક પોલીસ ચોકીમાં કાર ઘુસાડી દીધી હતી. કાર એટલી સ્પીડમાં હતી કે જો બ્રિજ પર ડિવાઈડર ન હોત તો 30થી 40 ફૂટ નીચે કાર ખાબકી જાય તેવી શક્યતાઓ હતી. આ અકસ્માતમાં કારને આગળની સાઈડના બંને ટાયર અને બોનેટ સહિતનામાં ભારે નુકસાન થયું છે. કાર ટ્રાફિક પોલીસ ચોકીમાં ઘૂસી જતા ટ્રાફિક પોલીસ ચોકીને પણ નુકસાન થયું છે. અકસ્માતમાં એક્ટિવા ચાલકને ઈજા થતાં તેને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યારે કારચાલકને પણ ચહેરાના ભાગે ઈજાઓ પહોંચી છે તેને પણ સારવાર કરાવવામાં આવી હતી. સલાબતપુરા પોલીસના જણાવ્યા પ્રમાણે આ કારનો રાત્રે અકસ્માત સર્જાયો હતો. ત્યાર બાદ એક્ટિવા ચાલક અને કારચાલક બંનેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ત્યાર બાદ એક્ટિવા ચાલકનું નિવેદન લેવામાં આવ્યું હતું અને ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# દુષ્કર્મની ફરિયાદ રદ કરવાની અરજી આરોપીએ હાઇકોર્ટમાંથી પાછી ખેંચી

### મનપાના આસિ. ટીપીઓએ મહિલા કોન્સ્ટેબલને લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજાર્યું હતું...

રાજકોટ | રાજકોટમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલને લગ્નની લાલચ આપી દુષ્કર્મ કરવાના કેસમાં મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ શાખાના કર્મચારીએ ફરિયાદ રદ કરવા ગુજરાત હાઈકોર્ટમાં કરેલી અરજી પરત ખેંચી લીધી હતી.રાજકોટ મનપાના વેસ્ટ ઝોન ટાઉન પ્લાનિંગ વિભાગમાં આસિસ્ટન્ટ ટાઉન પ્લાનિંગ ઓફિસર તરીકે ફરજ બજાવતા વિપુલ મનસુખ મકવાણા વિરુદ્ધ ભોગ બનનાર મહિલા પોલીસ કોન્સ્ટેબલે દુષ્કર્મની ફરિયાદ નોંધાવેલ હતી. જે ફરિયાદ અનુસંધાને ભક્તિનગર પોલીસ સ્ટેશનના તપાસનીશ અધિકારીએ આરોપીની ધરપકડ કરી પોલીસ રિમાન્ડ મેળવ્યા હતા. આ રિમાન્ડના અંતે આરોપીને જેલહવાલે કરાયો હતો અને ત્યારબાદ આરોપી વિરુદ્ધ તપાસનીશ અધિકારીને પૂરતા પુરાવા મળી આવતા બળાત્કારના ગુના અંગેનું ચાર્જશીટ કર્યું હતું.

આરોપીએ ભોગ બનનાર દ્વારા નોંધાયેલ ફરિયાદ રદ કરાવવા ગુજરાત હાઈકોર્ટમાં કાર્યવાહી કરેલ હતી. જે આરોપી દ્વારા પરત ખેંચવામાં આવી હતી. ચાર્જશીટ થયા બાદ આરોપીએ ફરી ફરિયાદ અને ચાર્જશીટ રદ કરાવવા સંબંધે કાર્યવાહી કરેલ અને તેમજ રજૂઆત કરેલ કે તેઓ નિર્દોષ છે અને ખોટી રીતે ભોગ બનનાર દ્વારા સંડોવી દેવામાં આવેલ છે. ભોગ બનનાર તથા આરોપી બન્ને રાજ્ય સેવકો છે, બન્ને પુખ્તવયના છે. બન્નેએ સહમતીથી શારીરિક સંબંધો બાંધેલ હોય જેથી ગુનો બનતો નથી.

જ્યારે મહિલા ફરિયાદીની ફરિયાદ એ મતલબની છે કે આરોપીએ લગ્નની લાલચ આપી શારીરિક સંબંધો બાંધેલ હોય જેથી બળાત્કારનો ગુનો બને છે. તે પરથી આરોપી તરફે કરવામાં આવેલી રજૂઆતો માનવા લાયક ન હોય વગેરે તમામ સંજોગોને ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટમાં આરોપી દ્વારા ફરિયાદ રદ કરવા અંગેની કાર્યવાહી પરત ખેંચેલ હતી. આ કામમાં ફરિયાદી વતી એડવોકેટ તરીકે લલિતસિંહ શાહી રોકાયા હતા.

# 15 મી ગુ. વિ.સભાના ચોથા સત્રના આરંભે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગૃહમાં સંબોધ ન કરું

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



'ગુજરાત' એ ચાર અક્ષરનો બનેલો શબ્દ માત્ર નથી, લાખો-કરોડો લોકોના સપનાં સાકાર કરવાનું સ્થળ છે, અને આ બે દાયકા પૂર્વે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સૌનો સાથ સૌનો વિકાસ'ના મંત્ર સાથે આરંભેલી વિકાસયાત્રાનું પરિણામ છે, એમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ આજે વિધાનસભા ગૃહને સંબોધતાં કહ્યું હતું. ૧૫ મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રના આરંભે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગૃહમાં સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે, બે દાયકા પહેલાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ સ્વરૂપે વવાયેલું બીજ આજે વિશાળ વાઈબ્રન્ટ વટવૃક્ષ બની ગયું છે. 'ગેટવે ટુ ધ ફ્યુચર' થીમ સાથે અભૂતપૂર્વ સફળતાપૂર્વક યોજાયેલી ૧૦ મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વિકસિત ભારત @ ૨૦૪૭ માટે રાજ્યના રોડમેપના લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે સીમાચિહ્નરૂપ બની રહેશે. રાજ્ય સરકારે હંમેશા મહિલા કેન્દ્રિત વિકાસને પ્રોત્સાહન આપ્યું છે. નારીશક્તિ વંદન અધિનિયમના ઐતિહાસિક કાયદાથી મહિલા સશક્તિકરણને વધુ વેગ મળશે. રાજકીય ક્ષેત્રે મહિલાઓ વધુ મોટી જવાબદારી નિભાવવા સક્ષમ બનશે અને મહિલાઓ સ્ત્રી સશક્તિકરણ નીતિઓ ઘડવામાં યોગદાન આપી શકશે. રાજ્યપાલએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાને ભારતવાસીઓ માટે સમૃદ્ધિના દ્વાર ઉઘાડનાર કદમ ગણાવીને કહ્યું હતું કે, સંકલ્પ એ સફળતા માટેનું પ્રથમ પગથિયું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ 'પી.એમ. મિત્ર પાર્ક (મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ્સ રિજિયન એન્ડ એપરલ પાર્ક) વિશે બોલતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, દેશના સાત રાજ્યોમાં સ્થપાનારા આ પાર્ક પૈકી ગુજરાતમાં નવસારીના વાંસીબોરસીમાં ૧૧૪૧ એકરમાં પી.એમ.મિત્ર પાર્કના નિર્માણ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે એમ.ઓ.યુ. થયા છે. આ પાર્કમાં એક જ છત્ર હેઠળ સ્પિનિંગથી લઈને ગાર્મેન્ટ મેન્યુફેક્ચરિંગ સુધીની ટેક્સટાઈલ્સ વેલ્યુ ચેઈન ઉભી થશે અને પ્લગ એન્ડ પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ થશે.

ભાવનગર મહાપાલિકાની સાધારણ સભામાં વેરા વધારા સહિતના મામલે ભાજપ-કોંગ્રેસ વચ્ચે ઉગ્ર ચર્ચા જામી

# મનપામાં મિલ્કત વેરા વધારાનો ઠરાવ ભાજપે બહુમતીના જોરે મંજુર કર્યો, કોંગ્રેસનો બાયકોટ

ભાવનગર : ભાવનગર મહાપાલિકાની સાધારણ સભામાં આજે બુધવારે મિલ્કત વેરા વધારાનો ઠરાવ ભાજપે બહુમતીના જોરે મંજુર કર્યો હતો, જ્યારે મિલ્કત વેરા વધારાનો કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો હતો અને સાધારણ સભાનો બાયકોટ કર્યો હતો. કોંગ્રેસ નગરસેવકોએ ભાજપ વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરી સભા છોડી દીધી હતી. આ ઉપરાંત લીઝપટ્ટાની મુદત રીન્યુઅલ કરવી, આજીવન વાહન કરના દરમાં વધારો કરવા સહિતના કુલ ૧૪ ઠરાવને બહાલી આપવામાં આવી હતી, જેમાં ૧૩ ઠરાવને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

મહાપાલિકાના હોલ ખાતે આજે બુધવારે સાંજે સાધારણ સભા મેયરના અધ્યક્ષ સ્થાને મળી હતી. સાધારણ સભામાં મિલ્કત વેરો વધારાના પ્રશ્ને કોંગ્રેસ અને ભાજપના સભ્યો વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ હતી. મિલ્કત વેરો વધારવાનો ઠરાવ મેયરે અધ્યક્ષ સ્થાનેથી કર્યો હતો. આ ઠરાવના મામલે કોંગ્રેસ નગરસેવકોએ કેટલાક સવાલ ઉઠાવ્યા હતા અને મિલ્કત વેરા વધારા સામે વિરોધ નોંધાવ્યો હતો. મિલ્કત વેરાની રિકવરી સરખી કરવામાં આવે તો વેરો વધારો કરવાની જરૂર જ ના પડે, બાકી મિલ્કતો વેરો વસુલવા માટે કાર્યવાહી કરી ૮૦ થી ૯૫ ટકા ટારગેટ પૂર્ણ થાય તેવુ આયોજન કરવુ જોઈએ. મિલ્કત વેરો વધારાવા પાછળ ભાજપ નગરસેવકોએ વિકાસની વાતો કરી જવાબ આપ્યો હતો ત્યારે બાકી મિલ્કત વેરામાં ૧૦૦ ટકા વ્યાજ માફી યોજના આપવા માંગણી કરી હતી. વ્યાજ માફી યોજના લાવવાનુ કોઈ આયોજન નથી તેમ કહી મેયરે ઘસીને ના પાડી દીધી હતી.

નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે મિલ્કત-વેરાનાં કાર્પેટ એરીયા કર-પધ્ધતિનાં બેઝીક દરો રીવાઈઝ કરવાની મંજુરી આપવા નિર્ણય કરાયો હતો અને ૮.૩૩ ટકાનો વધારો કરદાતાઓ પર ઝીંકી દેવામાં આવેલ છે તેથી કરદાતાઓ પર ભારણ વધશે. રહેણાંક મિલ્કતમાં હાલ નિયત દર રૂ. ૧૨ પ્રતિ ચો.મી છે, જે વધારીને રૂ. ૧૬ પ્રતિ ચો.મી કરવાની દરખાસ્ત હતી પરંતુ હાલ ૧૩ પ્રતિ ચોરસ મીટર તેમજ બિનરહેણાંક મિલ્કતમાં હાલ નિયત દર રૂ. ૨૪ પ્રતિ ચો. મી. છે, જે વધારીને રૂ. ૩૨ પ્રતિ ચો.મી કરવા દરખાસ્ત હતી પરંતુ ૨૬ ચોરસ મીટર કરવામાં આવી છે. મહાપાલિકાએ દાવો કરતા જણાવેલ છે કે, હાલની સ્થિતીએ ભાવનગરની ૨,૩૦,૦૦૦ રહેણાંકીય મિલ્કતો પૈકી એક લાખ મિલ્કતોમાં મિનિમમ ટેકસ આવે છે, જે પૈકી બેઝિક દરમાં ફેરફાર બાદ પણ મીનીમમ ટેક્ષવાળી મિલ્કતો પૈકી ૯૫,૦૦૦ મિલ્કતોના એટલે કે ૯૫ ટકા મિલ્કતોના ટેક્સમાં કોઈ ફેરફાર થનાર નથી.

બેઝિક દરોમાં સૂચિત વધારાને કારણે નાના અને મધ્યમ રહેણાંકીય મિલ્કતો સિવાયની અન્ય રહેણાંકીય મિલ્કતોમાં પણ ૨ થી ૭ ટકા જેટલો વધારો લાગુ થશે, જ્યારે બિન રહેણાંકીય મિલ્કતોમાં ૩ થી ૮ ટકા જેટલો વધારો થશે. રહેણાંકની કુલ ૨,૩૦,૦૦૦ મિલ્કતોની સામે તેની વાર્ષિક ડિમાન્ડમાં રૂ. ૨.૨૫ કરોડ રૂપિયાનો વધારો, જ્યારે બીન રહેણાંકની ૬૨,૦૦૦ મિલ્કતોની સામે ૫.૩૮ કરોડ રૂપીયાની ડિમાન્ડમાં વધારો થશે. આમ કુલ ૨.૯૨ લાખ મિલ્કતોની સામે કુલ રૂ. ૭.૫૮ કરોડની વાર્ષિક ડિમાન્ડમાં વધારો થશે. સુચિત રેટ રિવિઝનથી ચાલુ વર્ષની મિલ્કતવેરાની રૂ. ૧૪૨ કરોડની વાર્ષિક ડિમાન્ડમાં અંદાજીત રૂ. ૭.૫ કરોડનો વધારો એટલે કે ૫ ટકા જેટલો વાર્ષિક ડિમાન્ડમાં ૭ વર્ષ બાદ વધારો થનાર છે. મહાપાલિકાના દાવા વચ્ચે ઘણા કરદાતાઓ પર કરનુ ભારણ વધશે તેથી કરદાતાઓનો રોષ વધશે.

# અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના યુ.સી.ડી. વિભાગ દ્વારા બ્રેસ્ટ કેન્સર નિદાન તેમજ અવેરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના યુસીડી વિભાગે આશીર્વાદ ફાઉન્ડેશન અમદાવાદના સહયોગથી અમદાવાદમાં બ્રેસ્ટ કેન્સર નિદાન અને અવેરનેસ કેમ્પનું આયોજન કર્યું છે. આ કેમ્પ ૨૯ એપ્રિલ ૨૦૨૪ સુધી વિવિધ તબક્કાઓમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ઝોન તેમજ વોર્ડમાં યોજાશે.



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગાંધીનગર ખાતે રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અને મંત્રી ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં રાજકોટ જિલ્લાની આયોજન બેઠક યોજાઈ. જેમાં વિવિધ વિકાસ કાર્યોની ચર્ચા કરી અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું.

# ભારતની 'રામસર સાઇટ' નળ સરોવર ગુજરાતનું 'પક્ષીતીર્થ' નળસરોવર સૌથી મોટું જળપક્ષી અભયારણ્ય અને છીછરા પાણીના સૌથી મોટા સરોવર પૈકીનું એક









ગાંધીનગર સંવાદદાતા| વિજયવીર યાદવ

ગુજરાતનું પક્ષીતીર્થ નળસરોવર સહેલાણીઓ ઉપરાંત દેશ વિદેશમાં વિખ્યાત છે. 'અમદાવાદથી આશરે ૬૨ કિ.મી જ્યારે સાણંદથી ૪૨ કિ.મી દૂર આવેલું નળસરોવર સૌથી મોટું જળપક્ષી અભયારણ્ય અને છીછરા પાણીના સૌથી મોટા સરોવર પૈકીનું એક છે. ગુજરાત વન્યપ્રાણી અને વન્યપક્ષી રક્ષણ અધિનિયમ-૧૯૬૩ની જોગવાઈઓ અંતર્ગત ૮ એપ્રિલ ૧૯૬૯ના રોજ નળસરોવરના ૧૧૫ ચો.કિ.મી વિસ્તારને પક્ષી અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું. ત્યારબાદ પાછળથી વધારાના ૫.૮૨ ચો.કિ.મી વિસ્તારને ૨૮ ડિસેમ્બર ૧૯૮૨થી વન્યજીવ સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની જોગવાઈઓ અંતર્ગત પક્ષી અભયારણ્ય જાહેર કરવામાં આવ્યુ. આમ, નળસરોવર ૧૨૦.૮૨ ચો કિ.મી જેટલા વિશાળ વિસ્તારમાં અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લા વચ્ચે પથરાયેલા એક મીઠા પાણીનું કુદરતી સરોવર તરીકે પથરાયેલો એક મોટો જળ ભંડાર છે. આ સરોવરની લંબાઈ ૩૨ કિ.મી તથા પહોળાઈ ૬.૪ કિ.મી છે. શિયાળાની શરૂઆત સાથે જ વિદેશી પક્ષીઓનું અહીં આગમન શરૂ થઈ જાય છે. તેમજ નળસરોવર પક્ષી અભયારણ્યને "રામસર સાઈટ" તરીકેની આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થયેલી છે. વળી મોટી સંખ્યામાં નળસરોવરમાં દૂર-દૂરના દેશોમાંથી સારી એવી સંખ્યામાં વિદેશી પક્ષીઓ દર વર્ષે ચોમાસા બાદ શિયાળાની ઋતુમાં આવે છે. અત્યાર સુધીમાં જળાશયમાં ૧૪૨ પ્રજાતિઓના પક્ષીઓ નોંધાયેલા છે, જે પૈકી ૭૦થી વધુ પ્રજાતિઓ વિદેશમાંથી આવે છે. જેમાં યુરેશિયા, સાઈબીરીયા, રશિયા, ચીન, અને ઉત્તરધ્રૂવ તરફના દેશઓમાંથી વિવિધ યાયાવર પક્ષીઓ અહી (નળસરોવર) આવ્યા હોવાનું નોંધાયેલું છે. નળસરોવર ખાતે આ પક્ષીઓને ખોરાક અને રહેઠાણ માટેની સુવિધાઓ મળી રહેવાના કારણે આ વેટલેન્ડ પક્ષી પ્રેમીઓનાં સ્વર્ગ સમાન બની ગયું છે. વર્ષ ૨૦૨૨ની પક્ષી ગણતરીમાં ૧૪૨ પ્રજાતિના કુલ ૨,૫૪,૧૨૮ પક્ષીઓની સંખ્યા નોંધાઈ નળસરોવર અભયારણ્યની પક્ષી ગણતરી - ૨૦૨૨માં અભયારણ્યને કુલ - ૪૦ ઝોનમાં વિભાજીત કરી ૧૦૪ પક્ષીવિદોની મદદથી પક્ષી ગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૪૨ પ્રજાતિના કુલ ૨,૫૪,૧૨૮ પક્ષીઓની સંખ્યા નોંધાયેલી છે. જ્યારે નળસરોવર ખાતે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૬૧,૨૬૮ પ્રવાસીઓએ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૯,૪૦૩ પ્રવાસીઓએ તેમજ વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં અત્યાર સુધીમાં ૪૦,૩૫૪ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.

લોકસભા ચૂંટણી પૂર્વે સામૂહિક બદલીનો ગંજીપો ચિપાયો

# ભાવનગર પોલીસ બેડાના 6 પીઆઈ, 10 પીએસઆઈની બદલી

ભાવનગર : લોકસભા ચૂંટણી પૂર્વે પોલીસ બેડામાં અધિકારીઓની સામૂહિક બદલીનો ગંજીપો ચિપાયો છે. અધિક પોલીસ મહાનિદેશક (વહીવટ) અને રાજ્યના ડીજી એન્ડ આઈજી ઓફ પોલીસે પીઆઈ, પીએસઆઈની બદલીના ઓર્ડર કર્યા છે. જેમાં ભાવનગર અને બોટાદ જિલ્લાના કુલ ૨૧ અધિકારીનો સમાવેશ થાય છે.

ભાવનગર પોલીસ બેડામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર (બિન હથિયારી) વી.એ. દેસાઈની સુરત ગ્રામ્ય, પી.બી. જાદવની આણંદ, બી.એસ. જાડેજાની અમદાવાદ શહેર, ડી.ડી.ઝાલાની અમદાવાદ વિભાગ, પી.ડી. પરમારની ગીર સોમનાથ અને જે.આર. ભાચકનની અમરેલી ખાતે બદલીના ઓર્ડર નીકળ્યા છે. જ્યારે પીએસઆઈ (બિન હથિયારી) તરીકે ફરજ બજાવતા એસ.કે. પટેલની બોટાદ, ડી.બી. ટીલાવતની સુરત, એચ.આર. જાડેજાની મોરબી, વાય. પી. વ્યાસની મોરબી, બી.બી. વાઘેલાની સુરત ગ્રામ્ય, એસ.ટી. મહેશ્વરીની રાજકોટ શહેર, એચ. એમ.ગોહિલની અમદાવાદ શહેર, એન.જી. જાડેજાની વડોદરા શહેર, આર.એમ. રહેવરની સુરત શહેર અને મહિલા પીએસઆઈ એસ.એમ. સોલંકીની સુરત શહેર બદલી થઈ છે.

બોટાદ જિલ્લા પોલીસ બેડામાંથી પીઆઈ (બિન હથિયારી) વી.બી. દેસાઈની ખેડા અને ટી.એસ. રિઝવીની જીપીએ કરાઈ ખાતે બદલી થઈ છે. પીએસઆઈ (બિન હથિયારી) આઈ. બી. જાડેજાની જીઈબી વડોદરા, વાય.એ.ઝાલાની અમદાવાદ ગ્રામ્ય અને મહિલા પીએસઆઈ એ.જે. પંડ્યાની પ.રે. વડોદરા બદલી કરવામાં આવી છે.જ્યારે સુરત ગ્રામ્યના પીઆઈ (હથિયારી) વાય.એલ.મોરેની ભાવનગર અને ક્ષેત્રપાલસિંહ ડી.ઝણકાતની ગીર સોમનાથથી બોટાદ બદલી કરવામાં આવી છે. પોલીસ ઈન્સ્પેક્ટર (બિન હથિયારી)માં એસ.એન. બારોટ (એસીબી), એચ.જી. કટારિયા (અમદાવાદ શહેર), કે.ડી. ડીંડોર (દાહોદ), વી.જી. ભરવાડ (વલસાડ), એસ. એમ. ઈસરાણી (ગીર સોમનાથ), એસ.વી. શિમ્પી (પ.રે. અમદાવાદ) ની ભાવનગર પોલીસ બેડામાં બદલી થઈ છે. જ્યારે એ.એચ. રાજપુત (સુરત) અને એમ.ડી. પંચાલ (અરવલ્લી)ની બોટાદ પોલીસ બેડામાં બદલીના હુકમ થયા છે. પીએસઆઈ (બિનહથિયારી)માં સુરત ગ્રામ્યમાંથી પી.એમ. પરમાર, એ.જી. બ્રીદ (અમદાવાદ શહેર), જયશ્રીબેન રમણભાઈ વૈદ્ય (વડોદરા શહેર), એમ.એમ. પરમાર (મહેસાણા), બી.બી. સોલંકી (અમદાવાદ શહેર), વી.કે. મકવાણા (અમદાવાદ શહેર), અરૂણાકુમારી નીછાભાઈ પટેલ (અમદાવાદ શહેર) અને એમ.જી. મવકાણા (સુરત શહેર)ની ભાવનગર જિલ્લા પોલીસમાં તેમજ બી.ડી. પટેલ (સુરત શહેર), કે.એમ.તડવી (નર્મદા), એસ.કે. પટેલ (ભાવનગર), નયનાબેન ઘનશ્યામભાઈ પરમાર (ગાંધીનગર) અને ગીતાબેન દાનુભાઈ આહિર (બનાસકાંઠા)ની બોટાદ પોલીસ બેડામાં બદલીના ઓર્ડર થયા છે.

## મંત્રીમંડળે ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે દ્વિપક્ષીય રોકાણ સંધિ પર હસ્તાક્ષર અને બહાલીને મંજૂરી આપી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આજે પ્રજાસત્તાક ભારત સરકાર અને સંયુક્ત આરબ અમીરાતની સરકાર વચ્ચે દ્વિપક્ષીય રોકાણ સંધિ પર હસ્તાક્ષર કરવા અને તેને બહાલી આપવા માટે મંજૂરી આપી છે. આ સંધિથી રોકાણકારો, ખાસ કરીને મોટા રોકાણકારોનો વિશ્વાસ વધશે તેવી અપેક્ષા છે, જેના પરિણામે વિદેશી રોકાણો અને ઓવરસીઝ ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ (ઓડીઆઇ)ની તકોમાં વધારો થશે અને તેનાથી રોજગારીનાં સર્જન પર સકારાત્મક અસર થઇ શકે છે. આ મંજૂરીથી ભારતમાં રોકાણમાં વધારો થવાની અપેક્ષા છે અને સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપીને, આયાત પરની નિર્ભરતામાં ઘટાડો કરીને, નિકાસમાં વધારો વગેરે દ્વારા ભારતનાં લક્ષ્યાંકને સાકાર કરવામાં મદદ મળશે.

## ખેડૂતો પાસેથી સરકાર વર્ષ 2023-24 માટે તુવેર રૂ.7,000 પ્રતિ કિવ., ચણા રૂ. 5,440 પ્રતિ કિવ. અને રાયડો રૂ. 5,650 પ્રતિ ક્વિ.ના ટેકાના ભાવે ખરીદી કરશે: કૃષિ મંત્રી રાઘવજી પટેલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટે તુવેર, ચણા અને રયાડા પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. મંત્રીએ વધુ માહિતી આપતા કહ્યું હતું કે, ભારત સરકારના પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન અંતર્ગત પી.એસ.એસ. હેઠળ ગુજરાતમાં તુવેર, ચણા અને રાયડા પાકની ટેકાના ભાવે ખરીદી હાથ ધરાશે. કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે, અને આ માટે રાજ્ય સરકાર દ્વારા આગોતરૂ આયોજન પણ કરાશે.

આણંદમાં પોલીસ બંદોબસ્ત સાથે દાંડી વિભાગની કાર્યવાહી

# બાકરોલ ટી પોઈન્ટથી લાંભવેલ દાંડી માર્ગ ઉપરના 150થી વધુ દબાણો દૂર કરાયા

આણંદ : આણંદના બાકરોલ ટી પોઈન્ટથી લાંભવેલ દાંડી માર્ગની આસપાસ ખડકાયેલા દબાણો ઉપર ગુરૂવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે તંત્રની ટીમે બુલડોઝર ફેરવી દઈ દબાણો દૂર કર્યા હતા. દિવસ દરમિયાન નાના-મોટા દોઢસોથી વધુ દબાણો દૂર કરાયા હતા.

આણંદ જિલ્લાના વિવિધ માર્ગો તેમજ ચોકડીઓની આસપાસ છેલ્લા ઘણાં સમયથી મોટાપાયે ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટયો છે. જેને લઈ થોડા દિવસો પૂર્વે જિલ્લા કલેક્ટર દ્વારા સંબંધિત તંત્રના અધિકારીઓને જિલ્લાના વિવિધ વિસ્તારો તેમજ ચોકડીઓ નજીક ખડકાયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવા સુચનાઓ આપવામાં આવી હતી.

જે અંતર્ગત દાંડી વિભાગની ટીમ દ્વારા ગુરૂવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે આણંદના બાકરોલ ટી પોઈન્ટથી લાંભવેલ તરફના માર્ગ ઉપર ખડકાયેલા દબાણો ઉપર સપાટો બોલાવવામાં આવ્યો હતો. સવારથી ચાર જેસીબી મશીન અને મજુરોને કામે લગાડી તંત્રની ટીમે ગેરકાયદેસર દબાણો તોડી પાડયા હતા. દિવસ દરમિયાન ચાલેલા આ ડીમોલીશનની કામગીરી દરમિયાન શાકભાજીના ફેરીયા તથા ખાણી-પીણીની લારીઓ સહિત દોઢસોથી વધુ નાના-મોટા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. ત્યારે આગામી દિવસોમાં પણ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાશે તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

દાંડી વિભાગની ટીમ દ્વારા આજે દાંડી માર્ગ પર આવેલા ગેરકાયદે દબાણો પોલીસ બંદોબસ્ત સાથે ખસેડવામાં આવ્યા હતાં. જેમાં મોડી સાંજે તંત્રની ટીમ દ્વારા વર્ષો જૂનું ગોપી ટોકીઝની સામે આવેલું મેલડી માતાનું નાનું મંદિર પણ તંત્ર દ્વારા તોડી નાખવામાં આવ્યું હતું. જેને પગલે માઈભક્તોમાં ભારે નારાજગી વ્યાપી ગઈ હતી.



સામાન્ય નાગરિક માટે 'બધા માટે ખોરાક, બધા માટે પોષણ' ની મોદી કી ગેરંટી પૂર્ણ કરી છે

# મંત્રીમંડળે પીડીએસ હેઠળ એએવાય પરિવારો માટે ખાંડ સબસિડીની યોજનાને મંજૂરી આપી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે જાહેર વિતરણ યોજના (પીડીએસ) મારફતે વિતરિત અંત્યોદય અન્ન યોજના (એએવાય) પરિવારો માટે ખાંડ સબસિડીની યોજનાને વધુ બે વર્ષ માટે એટલે કે 31 માર્ચ, 2026 માટે લંબાવવાની મંજૂરી આપી હતી. દેશના નાગરિકોની સુખાકારી પ્રત્યે કેન્દ્ર સરકારની અવિરત પ્રતિબદ્ધતાના અન્ય એક સંકેત તરીકે અને દેશના ગરીબમાં ગરીબ લોકોની થાળીની મીઠાશ સુનિશ્ચિત કરવાના અન્ય એક સંકેત તરીકે, તેમના આહારમાં ઊર્જા ઉમેરે છે જેથી તેમનું સ્વાસ્થ્ય સુધરે. આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર સહભાગી રાજ્યોના એએવાય પરિવારોને ખાંડની દર મહિને રૂ.18.50ની સબસિડી આપે છે. આ મંજૂરીથી 15માં નાણાં પંચ (2020-21થી 2025-26)નાં ગાળા દરમિયાન રૂ.1850 કરોડથી વધારે લાભ થવાની અપેક્ષા છે. આ યોજનાથી દેશના લગભગ ૧.૮૯ કરોડ એએવાય પરિવારોને લાભ થવાની અપેક્ષા છે. ભારત સરકાર પહેલાથી જ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (પીએમ-જીકેએવાય) હેઠળ મફત રાશન આપી રહી છે. 'ભારત આટા', 'ભારત દાળ' અને ટામેટાં અને ડુંગળીનું વાજબી અને કિફાયતી ભાવે વેચાણ એ પીએમ-જીકેએવાયથી આગળ પણ નાગરિકોની થાળીમાં પર્યાપ્ત માત્રામાં ખોરાક સુનિશ્ચિત કરવા માટેનાં પગલાં છે. અત્યાર સુધીમાં લગભગ 3 લાખ ટન ભારત દાળ (ચણાની દાળ) અને લગભગ 2.4 લાખ ટન ભારત આટાનું વેચાણ થઈ ચૂક્યું છે, જેનો લાભ સામાન્ય ગ્રાહકોને મળી રહ્યો છે. આમ, સબસિડીવાળા દાળ, આટા અને ખાંડની ઉપલબ્ધતાએ ભારતના એક સામાન્ય નાગરિક માટે 'બધા માટે ખોરાક, બધા માટે પોષણ' ની મોદી કી ગેરંટી પૂર્ણ કરી છે. આ મંજૂરી સાથે સરકાર સહભાગી રાજ્યોને પીડીએસ મારફતે એએવાય પરિવારોને દર મહિને એક કિલોના દરે ખાંડના વિતરણ માટે સબસિડી આપવાનું ચાલુ રાખશે. ખાંડની ખરીદી અને વિતરણ કરવાની જવાબદારી રાજ્યોની છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.

**વૃષભ (બ,વ,ઉ)**
લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.

**મિથુન (ક,છ,ઘ)**
આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.

**કર્ક (ડ,હ)**
તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.

**સિંહ (મ,ટ)**
આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો. જો તમે આવી સમસ્યાઓ ઉકેલશો નહીં તો તમે ક્યારેય પ્રગતિ કરી શકશો નહીં.

**કન્યા (પ,ઠ,ણ)**
સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.

**તુલા (ર,ત)**
તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.

**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો.

**ધન (ભ,ધ,ફ)**
આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

**મકર (ખ,જ)**
તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.

**કુંભ (ગ,શ,સ)**
આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ)**
આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.

# બજેટના દિવસે મોંઘવારીનો ઝટકો, ગેસ સિલિન્ડરમાં 14 રૂપિયાનો થયો વધારો



નવી દિલ્હી | આજે નાણામંત્રી નિર્મલા સીતારમણ સંસદમાં વચગાળાનું બજેટ રજૂ કરશે. આ પહેલા પણ દેશમાં મોંઘવારીનો ઝટકો લાગ્યો છે, હકીકતમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓના કારણે 19 કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડર (LPG સિલિન્ડરની કિંમતમાં વધારો) મોંઘો થઈ ગયો છે. IOCLની વેબસાઈટ અનુસાર, તેની કિંમતોમાં 14 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે, ત્યારબાદ રાજધાની દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત વધીને 1769.50 રૂપિયા થઈ ગઈ છે. નવા દરો આજથી 1 ફેબ્રુઆરી 2024થી અમલમાં આવ્યા છે. ફેરફાર બાદ દિલ્હીમાં 19 કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત (દિલ્હી એલપીજી સિલિન્ડરની કિંમત) 1755.50 રૂપિયાથી વધીને 1769.50 રૂપિયા થઈ ગઈ છે. અન્ય મેટ્રોની વાત કરીએ તો કોલકાતામાં એક સિલિન્ડરની કિંમત (કોલકાતા એલપીજી સિલિન્ડરની કિંમત) 1869.00 રૂપિયાથી વધારીને 1887 રૂપિયા કરવામાં આવી છે. કોમર્શિયલ સિલિન્ડર જે પહેલા મુંબઈમાં 1708 રૂપિયામાં મળતું હતું, તે હવે 1723 રૂપિયામાં મળશે. જ્યારે ચેન્નાઈમાં તેની કિંમત 1924.50 રૂપિયાથી વધીને 1937 રૂપિયા થઈ ગઈ છે. ગત 1 જાન્યુઆરી 2024ના રોજ 19 કિલોના સિલિન્ડરની કિંમતમાં થોડી રાહત આપવામાં આવી હતી. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ 19 કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કર્યો હતો. જે બાદ દિલ્હીથી મુંબઈ સુધીનો પહેલો કોમર્શિયલ ગેસ સિલિન્ડર 1.50 રૂપિયાથી 4.50 રૂપિયા સસ્તો થયો છે. ગયા મહિને કરાયેલા ઘટાડા બાદ દિલ્હીમાં 19 કિલોના સિલિન્ડરની કિંમત 1755.50 રૂપિયા અને મુંબઈમાં 1708 રૂપિયા થઈ ગઈ છે.

## ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી

કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે, જ્યારે ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતો સ્થિર રહી છે. 14 kg LPG સિલિન્ડરની કિંમત દિલ્હીમાં 903 રૂપિયા, કોલકાતામાં 929 રૂપિયા, મુંબઈમાં 902.50 રૂપિયા અને ચેન્નાઈમાં 918.50 રૂપિયામાં ઉપલબ્ધ છે. ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતો લાંબા સમયથી સ્થિર છે. નોંધનીય છે કે નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે સવારે 11 વાગ્યે સંસદમાં તેમના કાર્યકાળનું છઠ્ઠું બજેટ રજૂ કરશે. મોદી સરકારના બીજા કાર્યકાળનું આ છેલ્લું બજેટ હશે, જે વચગાળાનું છે. વાસ્તવમાં આ વર્ષે લોકસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે અને સંપૂર્ણ બજેટ ચૂંટણી બાદ રચાનારી નવી સરકાર આપશે.

# બજેટમાં કસ્ટમ ડ્યુટી નહિ ઘટતાં બજારમાં નારાજગી

## સોના-ચાંદીમાં ઘટાડો : દાણચોરીને કાબુમાં રાખવા ડ્યુટી ઘટાડવી આવશ્યક



મુંબઈ | મુંબઈ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ઘટાડા પર રહ્યા હતા. ચાંદીમાં ઘટાડો આગળ વધ્યો હતો. વિશ્વ બજારના સમાચાર વધ્યા ભાવથી પીછેહટ બતાવતા હતા. વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ વધતાં સોનામાં ઉછાળે ફંડોનું સેલીંગ વધ્યાના નિર્દેશો હતા. દરમિયાન, ભારતના આજે રજૂ થયેલા બજેટમાં સોના-ચાંદીની કસ્ટમ ડ્યુટીમાં કોઈ ફેરફાર કરવામાં નહિં આવતાં બજારમાં નારાજગી દેખાઈ હતી.

હાલ ઉંચી ઈમ્પોર્ટ ડ્યુટીના પગલે દેશમાં સોનાની દાણચોરી વધી છે. ડ્યુટી ઘટે તો દાણચોરી ઘટે એવી ગણતરી બજારમાં બતાવાતી હતી. જો કે નાણાંપ્રદાને આવી ડ્યુટી આજે જાળવી રાખીહતી. દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૦૩૮થી ૨૦૩૯ વાળા ઉંચામાં ૨૦૪૯થી ૨૦૫૦ થયા પછી ઝડપી તૂટી નીચામાં ૨૦૩૦ થઈ ૨૦૩૩થી ૨૦૩૪ ડોલર રહ્યા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે પણ ભાવ દબાણ હેઠળ જોવા મળ્યા હતા.

અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૩૦૦ ઘટી ૯૯.૫૦ના રૂ.૬૪૫૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૬૪૭૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૧૦૦૦ તૂટી રૂ.૭૨૦૦૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંશના ૨૩.૧૧થી ૨૩.૧૨ વાળા નીચામાં ૨૨.૫૯થી ૨૨.૬૦ થઈ ૨૨.૬૪થી ૨૨.૬૫ ડોલર રહ્યા હતા કોપરના ભાવ ૧.૦૬ ટકા તૂટયા હતા. વૈશ્વિક પ્લેટીનમના ભાવ ઔંશદીટઠ ૯૨૪થી ૯૨૫ વાળા ૯૧૪થી ૯૧૫ ડોલર રહ્યા હતા.

પેલેડીયમના ભાવ ૯૮૧થી ૯૮૨ વાળા ૯૬૭થી ૯૬૮ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઘટયા પછી ફરી ઉંચકાયા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના નીચામાં ૮૦.૧૦ થઈ ૮૦.૯૩ ડોલર તથા યુએસ ક્રૂડના ભાવ નીચામાં ૭૫.૪૪ થઈ ૭૬.૨૦ ડોલર રહ્યા હતા.

દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૬૨૪૩૪ વાળા રૂ.૬૨૩૪૮ રહ્યા હતા જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૬૨૬૮૫ વાળા રૂ.૬૨૫૯૯ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ આજે જીએસટી વગર રૂ.૭૧૬૬૮ વાળા રૂ.૭૦૮૩૪ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવતી ૩ ટકા ઉંચા રહ્યા હતા.

# ફિસ્કલ ડેફીસીટ કાબુમાં રહેવાના સંકેતો, રૂપિયો ઉછળી બે સપ્તાહની ટોચે

## બજેટના પગલે કરન્સી તથા બોન્ડ બજારમાં ઉછળકુદ...

મુંબઈ | મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં ઘટાડો આગળ વધતાં રૂપિયો ઉંચકાયો હતો. ડોલરના ભાવ ઘટી રૂ.૮૩ની અંદર ઉતરી ગયા હતા. બજેટમાં નાણાં પ્રદાને ફિસ્કલ ડેફીસીટ કન્ટ્રોલમાં રાખવા વિષયક વિવિધ પગલાઓ રજૂ કરતાં કરન્સી બજારમાં રૂપિયા પર પોઝીટીવ અસર જોવા મળી છે.

સરકાર દ્વારા ખર્ચ વધારવા તથા બોરોઈંગ ઘટાડવાના નિર્દેશો પણ અપાતાં બોન્ડ બજારમાં પણ અસર વચ્ચે યીલ્ડમાં પીછેહટ દેખાઈ હતી. દરમિયાન, રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૩.૦૫ વાળા આજે સવારે રૂ.૮૩.૦૨ ખુલ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૮૩.૦૪ થયા પછી ભાવ ઘટી નીચામાં રૂ.૮૨.૯૨ સુધી ઉતરી છેલ્લે ભાવ રૂ.૮૨.૯૭ રહ્યા હતા. રૂપિયો આજે વધુ ૦.૧૦ ટકા ઉંચકાયો હતો.

બજેટમાં નાણાંપ્રધાને કેપીચલ એક્સપેન્ડીચર મુડી ખર્ચનો ટારગેટ વધાર્યાના સમાચારની અસર બોન્ડ માર્કેટ પર જોવા મળી હતી તથા યીલ્ડમાં ઘટાડો જોવા મળ્યો હતો. બજેટ પછી શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો છતાં કરન્સી બજારમાં ડોલર સામે રૂપિયો વધુ ઉંચકાયો હતો. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ આજે ઉંચામાં ૧૦૩.૮૧ થઈ ૧૦૩.૬૯ રહ્યાના નિર્દેશો હતા. અમેરિકામાં આગળ ઉપર વ્યાજના દરમાં ઘટાડો વહેલો કરવામાં નહિં આવે એવા નિર્દેશો વચ્ચે વિશ્વ બજારમાં ડોલરના ભાવમાં મજબુતાઈ જોવા મળી હતી. નાણાંપ્રધાને બોરોઈંગ ઘટાડવા સંકેત આપતાં રૂપિયાના ફોરવર્ડ પ્રીમિયમો બપોર પછી ઉંચેથી નીચા આવ્યા હતા.

દરમિયાન, સરકારે બોરોઈંગ ઘટાડવાના સંકેત આપતાં બોન્ડ બજારમાં યીલ્ડ ઘટયા હતા. સરકારી બોરોઈંગ ઘટતાં માનસ ક્ષેત્ર માટે બોન્ડના સ્વરૂપમાં ભંડોળ વધવાની ગણતરી વચ્ચે યીલ્ડમાં ઘટાડો જોવા મળ્યો હતો. ૧૦ વર્ષના બોન્ડની યીલ્ડ આશરે ૯ પોઈન્ટ ઘટી ૭.૦૫ ટકા આસપાસ રહી હતી.

# એલએન્ડટી ફાઇનાન્સ હોલ્ડિંગ્સ લિ. (એલટીએફએચ) નાણાકીય વર્ષ 2023-24 ના ત્રીજા ત્રિમાસિક ગાળા માટે રૂ. 640 કરોડ (કોન્સોલિડેટેડ) નો વેરા પછીનો નફો (પીએટી) નોંધાવે છે, જે વાર્ષિક ધોરણે 41% (વાયઓવાય) વધુ છે

મુંબઈ | અગ્રણી નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની (એનબીએફસી)ઓમાંની એક એલએન્ડટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિ. (એલટીએફએચ) એ 31 ડિસેમ્બર, 2023 ના રોજ પૂરા થયેલા ત્રીજા ત્રિમાસિક ગાળામાં રૂ. 640 કરોડનો કોન્સોલિડેટેડ પીએટી નોંધાવ્યો છે, જે 41% ની વૃદ્ધિ દર્શાવે છે. કંપનીએ કુલ લોન બુકના 91% રિટેલ લોન પોર્ટફોલિયો મિશ્રણ પણ હાંસલ કર્યું છે, જે લક્ષ્ય 2026ના ધ્યેય હેઠળ નિર્ધારિત 80%



રિટેલાઈઝેશન લક્ષ્ય કરતાં વધુ છે. કંપનીએ લક્ષ્ય 2026 લક્ષ્યાંકો સમય કરતાં બે વર્ષ વહેલા હાંસલ કર્યા છે. કંપનીની કસ્ટમર ફેસિંગ એપ્લિકેશન - PLANET એપ, જે નાણાકીય વર્ષ 2021-2022ના ચોથા ત્રિમાસિકમાં સોફ્ટ લોન્ચ કરવામાં આવી હતી, તે તેના ગ્રાહકો માટે એક શક્તિશાળી ડિજિટલ ચેનલ તરીકે ઉભરી આવી છે અને અત્યાર સુધીમાં 76 લાખ ડાઉનલોડ્સને પાર કરી ગઈ છે. 31 ડિસેમ્બર, 2023ના રોજ પૂરા થયેલા ત્રીજા ત્રિમાસિક ગાળા માટે ત્રિમાસિક રિટેલ વિતરણ રૂ. 14,531 કરોડ થયું હતું, જે વાર્ષિક ધોરણે 25%ની વૃદ્ધિ નોંધાવે છે. રિટેલ ફાઈનાન્સમાં એલટીએફએચ દ્વારા આ ત્રિમાસિક વિતરણ શરૂઆતથી અત્યાર સુધીનું સૌથી વધુ છે અને તમામ રિટેલ સેગમેન્ટમાં મજબૂત વૃદ્ધિ દ્વારા પ્રેરિત છે. રિટેલ બુક હવે રૂ. 74,759 કરોડની છે જે 31 ડિસેમ્બર, 2022 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિકની સરખામણીમાં 31% વધારે છે. નાણાકીય પરિણામો પર ટિપ્પણી કરતા, 24 જાન્યુઆરી, 2024 ના રોજ એલએન્ડટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિ.ના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકેનો કાર્યભાર સંભાળતા શ્રી સુદિપ્તા રોયે જણાવ્યું હતું કે, “મને એ જાહેરાત કરતાં ઘણો આનંદ થાય છે કે અમે અમારા લક્ષ્ય 2026ના તમામ ધ્યેયો બે વર્ષ વહેલા પ્રાપ્ત કર્યા છે. 91%ના રિટેલાઈઝેશન સાથે, અમે ગ્રામીણ અને શહેરી માળખા સાથે જોડાયેલા રિટેલ એનબીએફસીમાં સંક્રમણ કર્યું છે. આગળ જતાં, કંપનીનું પ્રદર્શન સુસંગત અને અનુમાનિત રહેવાની ખાતરી સાથે અમારું મુખ્ય ધ્યાન લક્ષ્યના ધ્યેયોને સ્થાયી બનાવવા પર રહેશે. PUBLIC આ હાંસલ કરવા માટે, અમે વ્યૂહરચનાના આધારે પાંચ મુખ્ય સ્તંભો અમલી બનાવવા પર અમારું ધ્યાન કેન્દ્રિત કર્યું છે, એટલે કે ફનલ બનાવટ અને સંલગ્ન/નવી પ્રોડક્ટ્સ દ્વારા ગ્રાહક સંપાદન વધારવા, મોનો-એક્સિસ અંડરરાઈટિંગથી મલ્ટિ-એક્સિસ અંડરરાઈટિંગ એટલે કે ક્રેડિટ બ્યુરો પ્લસ એકાઉન્ટ એગ્રીગેટર અને ઓર્થોગોનલ સિગ્નલ્સ તરફ આગળ વધીને ક્રેડિટ અન્ડરરાઈટિંગને શાર્પ કરવા પર કેન્દ્રિત કર્યું છે.

# આશાવાદ:રાજકોષીય ખાધને ઘટાડવાનું લક્ષ્ય હાંસલ થઈ શકશે: નિષ્ણાતોનો સૂર

મુંબઈ | અર્થશાસ્ત્રીઓ અને વિશ્લેષકોએ વચગાળાના બજેટ દરમિયાન રાજકોષીય અંદાજોને આવકારતા કહ્યું હતું કે નીચી રાજકોષીય ખાધની આગાહી દર્શાવે છે કે સરકાર ચૂંટણીના વર્ષ દરમિયાન પણ રાજકોષીય ખાધને ઘટાડવા માટે ગંભીર છે અને લક્ષ્ય હાંસલ થશે તેવો આશાવાદ પણ છે.

ઈન્ડિયા રેટિંગ્સના મુખ્ય અર્થશાસ્ત્રી દેવેન્દ્ર કુમાર પંતે જણાવ્યું હતું કે આ વખતના વચગાળાના બજેટમાં ખાસ કરીને કૃષિ ક્ષેત્ર તેમજ ફિસ્કલ કોન્સોલિડેશન પર વિશેષ રીતે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તદુપરાંત નાણાકીય વર્ષ 2024 અને 2025ના અંદાજિત આંકડાઓ દર્શાવે છે કે સરકાર નાણાકીય વર્ષ 2026 સુધી 4.5%ના રાજકોષીય ખાધના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે. ઈકરા રેટિંગ્સના મુખ્ય અર્થશાસ્ત્રી અદિતી નાયરે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2024 માટે રૂ.9.3 લાખ કરોડની સામે રૂ.10 લાખ કરોડનો મૂડીખર્ચ તેમજ નાણાકીય વર્ષ 2025 માટે રૂ.10.2 લાખ કરોડની સામે રૂ.11.1 લાખ કરોડનો મૂડીખર્ચ તેમજ નાણાકીય વર્ષ 2024 માટે અગાઉના 6%ની તુલનાએ 5.8%ની રાજકોષીય ખાધનો અંદાજ ખર્ચની ગુણવત્તા પહેલા કરતાં સારી રહેશે તેવું સૂચવે છે.

KPMG ઈન્ડિયા ખાતેના ચીફ એક્ઝિક્યુટિવ યેઝદી નાગપોરવાલાએ જણાવ્યું હતું કે રાજકીય મજબૂરીઓથી પ્રભાવિત ન થવાની અને રાજકોષીય ખાધને અંકુશમાં રાખવાની ખાતરી આપવામાં આવી છે. તદુપરાંત આ બજેટ ગરીબો,



મહિલાઓ, યુવાવર્ગ અને ખેડૂતો એ તમામને સાથે લઈને સર્વસમાવેશક વિકાસની પ્રતિબદ્ધતામાં પણ સૂર પૂરાવે છે.

ડીબીએસ બેન્કના વરિષ્ઠ અર્થશાસ્ત્રી રાધિકા રાવ અનુસાર વચગાળાના બજેટમાં ઉચ્ચ મૂડીરોકાણ અને ઝડપી ગતિએ રાજકોષીય ખાધને ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. બજેટનું ગણિત માત્ર નાણાકીય વર્ષ 2024 માટે સારા રાજકોષીય ખાધના લક્ષ્યને અંકિત નથી કરતું પરંતુ નાણાકીય વર્ષ 2025 સુધીમાં 5.4%ની સામે 5.1%ના લક્ષ્યને પણ સૂચવે છે.

# આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડે આઈપીઓ માટે સેબીમાં DRHP ફાઇલ કર્યુ

નવી દિલ્હી | આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડે રૂ. 10,000 મિલિયન સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને બીસીપી ટોપ્કો સેવન પીટીઈ લિમિટેડ દ્વારા રૂ. 40,000 મિલિયન સુધીની વેચાણ ઓફર સહિતના સૂચિત આઈપીઓ માટે રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. જૂન, 2019થી બીસીપી ટોપ્કો જે પ્રમોટર છે અને બ્લેકસ્ટોન ગ્રુપ ઈન્કોર્પોરેશનના સહયોગીઓ દ્વારા સલાહ મુજબના અનેઅથવા મેનેજ થતા ફંડનું સહયોગી છે, તે ઓફર પહેલા ઈશ્યૂ થયેલા, સબ્સ્ક્રાઈબ કરેલા અને પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલના 98.7 ટકા હિસ્સો ધરાવે છે. કંપની ઈશ્યૂથી મળનારી કુલ આવકનો ઉપયોગ આ મુજબ કરવાની દરખાસ્ત કરે છેઃ (1) હવે પછીના ધિરાણ માટે જરૂરી ભાવિ મૂડી જરૂરિયાતોને પહોંચી વળવા અને (2) સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે. કંપની ભારતમાં ઓછી આવકના હાઉસિંગ સેગમેન્ટ (જેની ટિકિટ સાઈઝ રૂ. 1.5 લાખ કરતા ઓછી છે) પર ધ્યાન કેન્દ્રિત કરતી એચએફસી છે.

# PayTMના શેર 2 દિવસમાં 40% ઘટ્યા: IT-બેન્કિંગ શેર વધ્યા



નવી દિલ્હી | શેરબજારમાં આજે એટલે કે શુક્રવારે (2 ફેબ્રુઆરી) ઉછાળો જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ 1400થી વધુ પોઈન્ટના વધારા સાથે 73,000ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. તો, નિફ્ટીમાં 400થી વધુ પોઈન્ટનો ઉછાળો જોવા મળી રહ્યો છે, તે 22,100ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. સેન્સેક્સના તમામ 30 શેરોમાં વધારો જોવા મળી રહ્યો છે. આજે આઈટી, મેટલ અને બેન્કિંગ શેર્સમાં વધુ ઉછાળો જોવા મળી રહ્યો છે.

## શેર 2 દિવસમાં 40% ઘટ્યા

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા 31 જાન્યુઆરીએ ઓનલાઈન પેમેન્ટ સર્વિસ કંપની Paytm પર લેવામાં આવેલી કાર્યવાહીની મોટી અસર કંપનીના શેર પર દેખાઈ રહી છે. કંપનીના શેર માત્ર 2 દિવસમાં 40% તૂટ્યા છે. આજે તે 20% ની નીચી સર્કિટ ધરાવે છે. આ પહેલા ગઈકાલે એટલે કે ગુરુવારે પણ લોઅર સર્કિટ લગાવવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે 31 જાન્યુઆરીએ RBIએ પેટીએમ પેમેન્ટ બેંકની બેંકિંગ સેવાઓ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ જારી કર્યો હતો.

અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઇઝ લિમિટેડે આજે એટલે કે ગુરુવારે (1 ફેબ્રુઆરી) નાણાકીય વર્ષ 2023-24ના ત્રીજા ત્રિમાસિક (ઓક્ટોબર-ડિસેમ્બર)ના પરિણામો જાહેર કર્યા છે. Q3FY24માં, કંપનીનો નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે (YoY) 2.3 ગણો અથવા 130.29% વધીને રૂ. 1,888.4 કરોડ થયો છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીએ રૂ. 820 કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. Q3માં કામગીરીમાંથી કંપનીની આવક પણ વાર્ષિક ધોરણે 6.5% વધીને રૂ. 28,336.4 કરોડ થઈ છે. ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં તે રૂ. 26,612.2 કરોડ હતો. આ પહેલા ગઈકાલે એટલે કે ગુરુવારે (1 ફેબ્રુઆરી) શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 106 પોઈન્ટ ઘટીને 71,645.30 પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી 28 પોઈન્ટ ઘટીને 21,697.45 ના સ્તર પર બંધ થયો હતો.

# એપીજે સુરેન્દ્ર પાર્ક હોટેલ્સ લિ.નો 920 કરોડનો આઈપીઓ 5 ફેબ્રુઆરી, 2024ના રોજ ખૂલશે

અમદાવાદ | એપીજે સુરેન્દ્ર પાર્ક હોટેલ્સ લિમિટેડ (“ધ પાર્ક” અથવા “કંપની”) સોમવાર, 5 ફેબ્રુઆરી, 2024ના રોજ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ માટે તેની બિડ/ઓફર ખુલ્લી મૂકશે. ઈક્વિટી શેર્સની કુલ ઓફર સાઈઝ રૂ. 9,200 મિલિયન (રૂ. 920 કરોડ) સુધીની છે જેમાં રૂ. 6,000 મિલિયન (રૂ. 600 કરોડ) સુધીના ફ્રેશ ઈશ્યૂ તથા વેચાણકર્તા શેરધારકો દ્વારા રૂ. 3,200 મિલિયન (રૂ. 320 કરોડ) સુધીની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. એન્કર ઈન્વેસ્ટર બીડિંગ તારીખ શુક્રવાર, 2 ફેબ્રુઆરી, 2024 રહેશે. બિડ/ઓફર સબ્સ્ક્રીપ્શન માટે સોમવાર, 5 ફેબ્રુઆરી, 2024ના રોજ ખૂલશે અને બુધવાર, 7




ફેબ્રુઆરી, 2024ના રોજ બંધ થશે. કંપની ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી કુલ રકમનો કંપની દ્વારા લેવામાં આવેલા બાકી ઋણની સંપૂર્ણ કે આંશિક પુનઃચૂકવણી કે પૂર્વ ચૂકવણી કરવા માટે તથા બાકીની રકમનો સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગ કરવાની દરખાસ્ત કરે છે . વેચાણ માટેની ઓફરમાં એપીજે પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. 2,960 મિલિયન સુધીના, આરઈસીપી ફોર પાર્ક હોટલ ઈન્વેસ્ટર્સ લિમિટેડ દ્વારા રૂ. 230 મિલિયન સુધીના તથા આરઈસીપી ફોર પાર્ક હોટલ કો-ઈન્વેસ્ટર્સ લિમિટેડ દ્વારા રૂ. 10 મિલિયન સુધીના ઈક્વિટી શેરના વેચાણનો સમાવેશ થાય છે.

# ભારતપે ગ્રુપે રોહન ખારાની ચીફ પ્રોડક્ટ ઓફિસર પદે નિમણૂક કરી

નવી દિલ્હી | દેશની ફિનટેક ઈકોસિસ્ટમમાં અગ્રણી ભારતપે (BharatPe) ગ્રુપે ચીફ પ્રોડક્ટ ઓફિસર તરીકે રોહન ખારાની નિમણૂકની જાહેરાત કરી છે. રોહન આ નવી ભૂમિકામાં સમગ્ર ભારતપે ગ્રુપ ઓફ કંપનીઓમાં પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને ઈનોવેશન, મર્ચન્ટ્સ અને કન્ઝ્યુમર પ્રોડક્ટ્સની ડિઝાઈનિંગ અને યુઝર રિસર્ચ ટીમનું નેતૃત્વ કરશે. ભારતપેમાં જોડાતા પહેલાં રોહન ફેરમની ઈન્ડિયામાં મેનેજિંગ ડિરેક્ટર પદે કાર્યરત હતા. રોહન ભારતપેના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર અને વચગાળાના સીઈઓ નલિન નેગીને રિપોર્ટિંગ કરશે. સ્ટાર્ટઅપની દુનિયામાં રોહનનું નામ ખૂબ જાણીતુ છે. જે પ્રોડક્ટ મેનેજમેન્ટ, ડિઝાઈન અને ઈનોવેશન સહિત વિવિધ સેગમેન્ટમાં 17 વર્ષનો અનુભવ ધરાવે છે. સ્ટાર્ટઅપના દિગ્ગજ રોહને ભારત, ઈન્ડોનેશિયા, અને નાઈજેરિયા જેવા 3 ઉભરતા બજારોમાં છેલ્લા આઠ વર્ષથી ફિનટેક સ્ટાર્ટઅપ્સમાં ફાઈનાન્સિયલ સર્વિસિઝ પ્રોડક્ટ્સ (નાણાકીય સેવા ઉત્પાદનો)ની શોધ અને નિર્માણકાર્યમાં જોડાયેલા હતા. તેમની પ્રોફેશનલ જર્નિમાં મોબિક્વિક, ક્વિકર સહિતના ઘણા સ્ટાર્ટઅપ્સમાં પ્રોડક્ટનું નેતૃત્વ કરતી ભૂમિકાઓ પર



ફરજ બજાવી છે. ભારતના બિઝનેસ માટે એમડી પદે પ્રમોશન થયુ તે પહેલાં તેઓ નાઈજેરિયા અને ભારતના બજાર માટે ફેરમનીમાં તેઓ ચીફ પ્રોડક્ટ ઓફિસર પદે કાર્યરત હતા. ફેરમનીમાં સીપીઓ તરીકે તેમણે નાઈજેરિયમાં ફેરમની ડિજિટલ બેન્ક લોન્ચ કરી હતી. જેમાં સેવિંગ્સ એકાઉન્ટ, ડેબિટ કાર્ડ, એરટાઈમ-બિલ પેમેન્ટ્સ, ઝડપી બેન્ક ટ્રાન્સફર સહિતની પ્રોડક્ટ્સ સાથે બેન્ક એકાઉન્ટની સંખ્યા 30 લાખથી વધારી હતી. તેઓએ ભારત ઉપરાંત, પેરિસ, લાટવિયા, નાઈજેરિયામાં કંપનીના પ્રોડક્ટ ફંક્શન સ્થાપિત કરી વિસ્તરણ કર્યું હતું. રોહન જકાર્તા (ઈન્ડોનેશિયા)માં ગોજેકના ફાઈનાન્સિયલ સર્વિસિઝ બિઝનેસ યુનિટના કો-ફાઉન્ડર પણ રહી ચૂક્યા છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2080, પોષ વદ-09

# સંભવ છે દેશભરમાં એકસાથે ચૂંટણી

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં 'એક દેશ એક ચૂંટણી' પર નિયુક્ત સમિતિએ દેશમાં તમામ પક્ષો અને પ્રજાજનો પાસેથી ૧૫ જાન્યુઆરી સુધીમાં સૂચનો માંગ્યા હતા. આ સૂચનો પર વિચાર કરવાની સાથે સમિતિ દ્વારા જુદા જુદા વિશેષજ્ઞો સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવી રહી છે. સૌપ્રથમ ૧૯૮૩માં ચૂંટણી આયોગે લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી એકસાથે યોજવાનું સૂચન કર્યું હતું. ત્યારબાદ ૧૯૯૯માં જસ્ટિસ બીપી જીવનરેડ્ડીની અધ્યક્ષતામાં નિમાયેલ વિધિ આયોગે ચૂંટણી કાયદામાં સુધારા અંગેના પોતાના રિપોર્ટમાં આ વાતની પ્રસ્તુતિ કરી હતી. ૨૦૧૭માં પૂર્વ રાષ્ટ્રપતિએ પ્રણવ મુખર્જી અને કોવિન્દે પણ તેનું સમર્થન કર્યુ. ૨૬ નવે.૨૦૧૦ની નીતિ આયોગે અને વિધિ આયોગ દ્વારા આયોજીત સંવિધાન દિવસ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં આ બાતે રાષ્ટ્રીય વિમર્શનું આહ્વાન કર્યું હતું અને ૨૦૧૮માં વિધિ આયોગે આ વિષયે વિચાર-વિમર્શ કરીને પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો. સ્વતંત્રતાના બાદ ચાર ચાર લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી એકસાથે થઈ હતી પરંતુ ૧૯૬૭માં આઠ રાજ્યોમાં બિનકોંગ્રેસી ગઠબંધન સરકાર બનવાથી અને દળબદલની સમસ્યાના કારણે અસ્થિરતા આવવાના કારણે આ ક્રમ તૂટ્યો હતો. આજે ચૂંટણી આયોગને દર વર્ષ ચાર-પાંચ રાજ્યોમાં ચૂંટણી યોજવી પડી રહી છે. જેમાં પોતાના દળના સ્ટાર પ્રચારકના રૂપમાં વડાપ્રધાન અને તમામ મંત્રીઓ પણ જોડાતા હોય છે. જેના કારણે શાસન-પ્રશાસન પ્રભાવિત થાય છે. આદર્શ વિચારસંહિતાથી વિકાસ કાર્યોને અવરોધ થાય છે. વધુ પડતો ખર્ચ થાય છે, શિક્ષણમાં અવ્યવસ્થા થાય છે. દક્ષિણ આફ્રિકા, સ્વીડન, બેલ્જિયમ, ઈન્ડોનેશિયા અને અમેરિકા જેવા અનેક દેશોમાં એકસાથે ચૂંટણી યોજાય છે. જે દર્શાવે છે કે એકસાથે ચૂંટણી લોકતંત્ર અને સંઘવાદથી વિપરીત નથી. ઈંગ્લેન્ડમાં પણ ૨૦૧૧માં સંસદે 'નિશ્ચિત કાર્યકાળ અધિનિયમ' પારિત કર્યો, જે અનુસાર મધ્યવર્ષી ચૂંટણી ત્યારે યોજાશે જ્યારે સંસદમાં બે તૃતિયાંશ બહુમત દ્વારા તેની પ્રસ્તુતિ કરવામાં આવે. ઈંગ્લેન્ડમાં સરકાર વિરૂદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પારિત થઈ જાય ત્યારે પણ વડાપ્રધાન સંસદને તુરંત ભંગ કરી શકતા નથી. સંસદ પાસે એ વિકલ્પ હોય છે કે તે ૧૪ દિવસની અંદર વૈકલ્પિક સરકાર ગઠિત કરી શકે. જ્યાં સુધી એકસાથે ચૂંટણી યોજવાની વાત છે તે બાબતમાં ભારતમાં બે મુખ્ય સંવૈધાનિક અવરોધ જોવા મળે છે. પહેલો એ છે કે જુદાજુદા સમય અવધિવાળી વિધાનસભાઓ અને લોકસભાને એકસાથે ચૂંટણી યોજવા માટે એકસાથે કેવી રીતે લાવી શકાય? ચૂંટણીઓ એકસાથે યોજવાનો મુદ્દો અટપટો છે. જેમાં કાનૂની અને સંવૈધાનિકની સાથેસાથે વિભિન્ન રાજનીતિક દળો અને રાજ્ય સરકારોની સહમતિ જરુરી છે. સંભવ છે કે કેટલીક વિધાનસભાનો કાર્યકાળ વધારવો પડે તો કેટલીક સરકારોએ સમય પહેલા ત્યાગપત્ર આપવું પડે. જોકે આ આસાન નથી.

**ભરૂચ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ દરેક તાલુકામાંથી યાત્રા નીકળશે**

## ફૈઝલ પટેલ દ્વારા આગામી 10 ફેબ્રુઆરીથી જંબુસરથી દેવમોગરા સાગબારા સુધી ભરૂચ જોડો ભારત જોડો યાત્રા

ભરત શાહ - રાજપીપળા : અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને સાંસદ રાહુલ ગાંધી હાલ મણિપુરથી મુંબઈ સુધી ભારત જોડો ન્યાય યાત્રા લઈને નિકળ્યા છે જેને ખુબજ સારો પ્રતિસાદ મળી રહ્યો છે ત્યારે કોંગ્રેસના નેતા સ્વ.અહમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલ દ્વારા આગામી 10 મી ફેબ્રુઆરી થી ભરૂચ જોડો ભારત જોડો યાત્રા ની શરૂઆત કરવામાં આવનાર હોવાની જાણકારી પ્રાપ્ત થઈ છે. મળતી માહિતી મુજબ આગામી 10મી ફેબ્રુઆરી ના રોજ ભરૂચ જિલ્લાના જંબુસરથી નર્મદા જિલ્લાના સાગબારા અને સમગ્ર આદિવાસી સમાજના પવિત્ર યાત્રાધામ એવા દેવમોગરા સુધી ભરૂચ જોડો ભારત જોડો યાત્રાનું




આયોજન કોંગ્રેસના દિગ્ગજ નેતા સ્વ.અહમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલ દ્વારા કરવામાં આવ્યું છે.યાત્રા ની શરૂઆત જંબુસર ખાતે જ્યાંથી ગાંધીજીએ દાંડી યાત્રા ની શરૂઆત કરી હતી તે દાંડીકૂચ પથ થી કરવામાં આવશે અને ભરૂચ સહિત નર્મદા જિલ્લા ના તાલુકાઓમાંથી પસાર થાય તેવું આયોજન કરાયું છે.યાત્રાનો મુખ્ય ઉદ્દેશ સામાન્ય લોકોને મળવા સાથે તેમના દુ:ખમાં સહભાગી થવાનો છે. ફૈઝલ પટેલ ભરૂચ જોડો ભારત જોડો યાત્રા દરમિયાન તેમના પિતા સ્વ.અહમદ પટેલના દ્વારા કરવામાં આવેલ વિકાસના કાર્યો વિશે ઊંડી સમજ મેળવશે અને ભવિષ્યમાં સર્વોદય પ્રોગ્રેસ ફોર ઓલ ની ભાવના થકી ગરીબ વંચિત અને શોષિત લોકોનો સર્વાંગી વિકાસ કેવી રીતે કરી શકાય તે વિશેનો આશય રહેશે અને તેમના પિતા થકી મળેલ વારસાને હંમેશા ગરીબ જરૂરિયાતમંદ લોકોની નિસ્વાર્થ સેવા કરવામાં આગળ વધારશે.ત્યારે ભરૂચ અને નર્મદા જિલ્લાની જનતાને ભરૂચ જોડો ભારત જોડો યાત્રામાં ઈતિહાસના ભાગીદાર બનવા અને સહભાગી બનવા માટે અપીલ કરવામાં આવી છે.

## ચાણસ્મા ગંજ બજારમાં રવિ સિઝનના પ્રારંભે રાયડાની આવક શરૂ થઈ

અહેવાલ નિતીન ઠાકર સાથે
પ્રતિક જેઠી ચાણસ્મા

ખેડૂતો ના રોકડીયા પાકો ની આવક કરાવતી.સિઝન એટલે રવિ સિઝન રવિ પાકો નો મોલ તૈયારી માં છે ત્યારે ચાણસ્મા ગંજ માં ગુરૂવાર થી નવા રાયડા ની આવક શરૂ થતાં ગંજ ના વેપારી ઓ માં આનંદ સાથે ઉત્સાહ પ્રેરક નવી ઉર્જા નો સંચાર થયો છે.

ચાણસ્મા ગંજ બજારમાં ચાણસ્મા તાલુકા ના તેમજ નજીક ના મીઠીવાવડી ચંદ્રુમાણાં ભલગામ અડિયા અંબાલા સુરપુરા જેવા પાટણ હારીજ બેચરાજી તાલુકા ના ખેડૂતો ચાણસ્મા ગંજ બજાર માં ખેડૂતો તેમનો રવિ સિઝન નો મોલ


ખેડૂતોની ઉત્પાદીત જણસનો યોગ્ય તોલ ભાવ આપી સંતોષ અપાશે : દશરથભાઈ પટેલ, ચેરમેન એ.પી. એમ સી. ચાણસ્મા

ભરાવી ચાણસ્મા ગંજ ને ધમ ધમ તો કરશે તેવી આશા વ્યકત કરતા જોવા મળી રહ્યા છે.

જ્યારે ચાણસ્મા એ પી એમ સી. ના ચેરમેને રવિ સિઝન ના પ્રારંભ પહેલા જ નવી સિઝન ના રાયડા ની આવક થતાં ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે ચાણસ્મા તાલુકા ના અને ચાણસ્મા તાલુકા ને અડી ને આવેલા ગ્રામીણ વિસ્તાર ના ખેડૂતો, પોતાની ખેત પેદાશ નો માલ ચાણસ્મા ગંજબજાર માં ભરાવી સહકાર આપી પોતાના ખેત પેદાશ ના માલ નો યોગ્ય ભાવ મેળવે ચાણસ્મા ગંજ બજાર ખેડૂતો ના માલ નો યોગ્ય તોલ અને યોગ્ય ભાવ આપી ખેડૂત ને સંતોષ થાય તે દિશા માં ખેડૂતો ને સહકાર આપવામાં આવશે તેમ જણાવી સૌ ખેડૂતો ને સહકાર આપવા વિનંતિ કરી હતી.

## ડેકાઇ ગામે લગનમા થયેલ બાઈક ચોરી કરનાર ઈસમને ગણતરીના કલાકોમાં શોધી કાઢતી એકતાનગર પોલીસ

ભરત શાહ - રાજપીપળા : નર્મદા જિલ્લામાં થયેલ બાઈક ચોરી નો ગુનો ગણતરી નાં કલાકો માં એકતાનગર પોલીસે ઉકેલી બાઈક સાથે ચોર ને ઝડપી પાડ્યો હતો. મળતી માહિતી અનુસાર પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબે નાઓની સુચના તેમજ વાણી દૂધાત નાયબ પોલીસ અધિક્ષક એકતાનગર ડીવિઝન



તથા એમ.કે.ચૌધરી પોલીસ ઈન્સપેકટર એકતાનગર નાઓના માર્ગદર્શન મુજબ એકતાનગર પો.સ્ટે માં બાઈક ચોરીનો ગુનો તા.૨૩/૦૧/૨૦૨૪ ના રોજ દાખલ થયેલ જે ગુનાની તપાસમાં બાતમી નાં આધારે તપાસ કરતાં આશીકભાઈ ઉર્ફે આશીષ સુરેંદ્રસિંહ તડવી,રહે-કેવડીયા ગામ તા. ગરુડેશ્વર જી- નર્મદાનાઓને એકતાનગર પોલીસ સ્ટેશન ખાતે લાવી પુપરછ કરતાં તેણે બાઈક ચોરી નાં ગુનાની કબુલાત કરેલ અને ચોરીમાં ગયેલ યમાહા કંપનીની R15 મોટર સાયકલ કી રૂ ૮૦,૦૦૦/- ની રીકવર કરી આશિક તડવી વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરી છે.

## જુનિયર ગર્લ્સ નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશિપમાં રાજપીપળા એ.પી.એચની વિદ્યાર્થિની ઝળકી




ભરત શાહ - રાજપીપળા : 45 મી જુનિયર ગર્લ્સ નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશિપ 2023 24 રમતોનું આયોજન બિહાર મુકામે થયું હતું જેમાં નર્મદા જિલ્લા ડીએલએસએસ શાળા શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કુલ ની વિદ્યાર્થીની વસાવા કરુણા ની પસંદગી ગુજરાતની ટીમમાં થઈ હતી ગુજરાતની ટીમે આ ચેમ્પિયનશિપમાં ત્રીજો ક્રમાંક મેળવી બ્રોન્ઝ મેડલ મેળવેલ છે,શાળાની વિદ્યાર્થીની કરુણાએ ડીએલએસએસ શાળા પ્રતિનિધિત્વ કરતા શાળા તેમજ નર્મદા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે હેન્ડબોલ ની સમગ્ર તાલીમ કોચ સંદીપભાઈ બારોટ તેમજ ટ્રેનર દિગ્વિજયસિંહ ગોહિલ ના માર્ગદર્શન હેઠળ આપવામાં આવી હતી આ સિદ્ધિ મેળવવા બદલ શાળા પરિવાર ડી એલ એસ એસ સ્ટાફ આચાર્ય તેમજ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના મહામંત્રી ગોહિલ સાહેબે અભિનંદન પાઠવેલ છે.

## નાંદોદનાં મયાસી ગામે નજીવી બાબતે ચપ્પુ, પાઇપ જેવા હથિયારો વડે હુમલો કરનાર 3 વિરૂદ્ધ ફરિયાદ

ભરત શાહ - રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના મયાસી ગામમાં નજીવી બાબતે મારા મારી કરનાર ત્રણ ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ થયો છે. મળતી માહિતી અનુસાર હર્ષદભાઈ શકરાભાઈ વસાવા ઉ.વ.૩૨ રહે. મયાસી તા.નાંદોદ નાઓ એ આપેલી ફરિયાદ મુજબ મયાસી ગામની ખાડીનાં નાળા ઉપર નિતીનભાઈ વિઠ્ઠલભાઈ વસાવા નાઓ તેમની મો.સા. ઉપર આવી તેમનાં મોટાને તમે બો દાદા થઈ ગયા છો, તેમ કહી ગમેતેમ ગાળો બોલવા લાગેલ જેથી હર્ષદભાઈ એ જણાવેલ તું કેમ મારા મોટાને ગાળો બોલે છે, અમે તો મારા મમ્મીનાં ઘરે જઈએ છે તેમ કહી પોતાનાં મમ્મીનાં ઘરે આવતા રહેલ અને થોડીવારમાં (૧) નિતીનભાઈ વિઠ્ઠલભાઈ વસાવા (૨) અમીતભાઈ વિઠ્ઠલભાઈ વસાવા (૩) મેહુલભાઈ વિઠ્ઠલભાઈ વસાવા તમામ રહે.મયાસી તેમના માતાનાં ઘરની અંદર આવીને ચપ્પુ વડે જમણા હાથનાં અંગુઠાનાં ભાગે મારી દઈ તેમજ પાઈપથી ડાબી આંખથી ઉપરનાં ભાગે કપાળ ઉપર તેમજ જમણા કાન પાસે પાઈપ મારી દઈ તેમજ લાકડીથી બંને પગનાં જાંઘનાં ભાગે લાકડીના સપાટા મારી ઈજા કરતા હર્ષદભાઈ નીચે પડી જતા બરડામાં તથા બંને પગમાં લાકડીના સપાટા મારી દેતા તેમની માતા તથા મોટા વચ્ચે પડતા તેમને પણ ઢીંકાપાટુનો માર મારી આ ત્રણેય એ ગમેતેમ ગાળો બોલી એકબીજાની મદદગારી કરી ગુનો કરતા આમલેથા કાયદેસર કાર્યવાહી કરી છે.

## કલર્સ તેના નવા લોન્ચ સાથે પ્રેમની સીઝનની ઉજવણી કરવા માટે તમારા અમદાવાદમાં પ્યાર કી મશાલ લાવે છે : વિગતો તપાસો !

અમદાવાદ : ફરીથી પ્રેમમાં પડો કારણ કે ભારતના અગ્રણી HGEC કલર્સ તેના પ્રાઈમ-ટાઈમ સ્લોટને રાત્રે 9:30 વાગ્યાથી 11:00 વાગ્યા સુધીના ત્રણ મંત્રમુગ્ધ કરવાવાળી પ્રેમ કથાઓનું પ્રસારણ કરીને રોમાંસ એક્સ્ટ્રાવેગેન્ઝામાં પરિવર્તિત કરે છે જે પ્રેક્ષકોના દિલને હચમચાવી નાખશે. ત્રણ અલગ-અલગ પ્રેમ કથાઓ સાથે દર્શકો માટે નોન-સ્ટોપ મનોરંજનના વચન સાથે, પ્રથમ 'મેરા બાલમ થાનેદાર' છે, જે બે વિરોધી વ્યક્તિઓ વચ્ચેના રોમાંસની રોલરકોસ્ટર સફર છે અને રાજસ્થાનમાં શગુન પાંડે (વીર) અને શ્રુતિ ચૌધરી (બુલબુલ) અભિનીત સગીર વયના લગ્નની પૃષ્ઠભૂમિ સામે સેટ છે. તેના પછી છે 'પ્રચંડ અશોક', એક શાહી પ્રેમ ગાથા કે જે અદનાન ખાન (સમ્રાટ અશોક) અને મલ્લિકા સિંહ (રાજકુમારી કૌરવકી) ને દર્શાવતા ભારતીય ઈતિહાસનો અભ્યાસક્રમ ફરીથી લખ્યો છે.

ત્રીજો શો 'કયામત સે કયામત તક' છે, જે પુનર્જન્મ પર આધારિત સત્ય ઘટના છે જેમાં મુખ્ય ભૂમિકામાં કરમ રાજપાલ (રાજ) અને તૃપ્તિ મિશ્રા (પૂર્ણિમા) છે. શાશ્વત રોમાંસની ઉજવણી કરતા, કલર્સ એક મશાલ પ્રગટાવે છે, જે અમદાવાદમાં તેના 'પ્યાર કી મશાલ' ની ઝુંબેશને આગળ ધપાવે છે અને દર્શકોની અંદર એક સળગતી જ્યોતના રૂપમાં દ્રશ્ય ભવ્યતા સાથે પ્રેમને પ્રજ્વલિત કરે છે. પ્રેમનો જાદુ જીવંત થાય છે કારણ કે એક પ્રકારની મૂવિંગ વેન (કેન્ટર) ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને ગુજરાતના મુખ્ય શહેરોમાં મુસાફરી કરતી વખતે રોમાંસ ફેલાવે છે. આ મંત્રમુગ્ધ કરનાર કેન્ટર આ ત્રણ શોમાં કેપ્ચર થયેલ પ્રેમની જ્યોતને પ્રજ્વલિત કરવા માટે અમદાવાદ ખાતે પીટસ્ટોપ બનાવે છે. ચેનલ અમદાવાદના લોકોને શુક્રવારે 2જી ફેબ્રુઆરીએનવા નરોડા, નિકોલ ક્રોસ રોડ અને વંદેમાતરમ સિટી ખાતે 'પ્યાર કી મશાલ' જોવા માટે આમંત્રણ આપે છે.

## નર્મદા જિલ્લામાં કુલ પાંચ શાળાઓમાં મેગા ઈવેન્ટનું કરાયું આયોજન

ભરત શાહ - રાજપીપળા : નર્મદા જિલ્લામાં શાળા સલામતી સપ્તાહ અંતર્ગત તા. ૦૧ લી ફેબ્રુઆરીના રોજ કુલ પાંચ શાળાઓમાં



મેગા ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેડીયાપાડા તાલુકાની બે શાળાઓમાં ફાયર સેફ્ટી, તિલકવાડા તાલુકાની શાળામાં ૧૦૮ ડેમોસ્ટ્રેશન અને નાંદોદ તાલુકાની બે શાળાઓમાં પ્રાથમિક સારવાર પર ડેમોસ્ટ્રેશન આપવામાં આપવામા આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૦૨ મી ફેબ્રુઆરીના રોજ સાગબારાની ધનશેરા અને સેલંબા કન્યા શાળા, ગરુડેશ્વરની અકતેશ્વર અને ગભાણા, તિલકવાડાની બુજેઠા સરકારી પ્રાથમિક શાળાઓમાં મેગા ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

## બારડોલી તાલુકા પંચાયતના કથિત સ્માર્ટ બોર્ડ કૌભાંડ મામલે કોંગ્રેસનો મોરચો

બારડોલી : સુરત જિલ્લાની બારડોલી તાલુકા પંચાયતમાં આચરવામાં આવી રહેલા કથિત ભ્રષ્ટાચાર અને ખાસ કરીને શાળાઓમાં લગાવવામાં આવેલા સ્માર્ટ બોર્ડના કૌભાંડ મામલે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકની આગેવાનીમાં કોંગ્રેસના કાર્યકરો મોરચો લઈને બારડોલી તાલુકા પંચાયત કાર્યાલય પહોંચ્યા હતા. જ્યાં તેમણે બારડોલી તાલુકા પંચાયતના મદદનીશ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી યોગ્ય તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહીની માગ કરી હતી. બારડોલી તાલુક પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારી



વિભૂતિ સેવક હાજર ન હોય તેમની જગ્યાએ મદદનીશ તાલુકા વિકાસ અધિકારી નિલેષ મહેતાને આવેદનપત્ર આપતા કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકે રોષ સાથે જણાવ્યુ હતું કે, બારડોલી તાલુકા પંચાયતમાં હોદ્દેદારો અને અધિકારીઓની મિલીભગતમાં કથિત ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. તેમણે તાલુકા પંચાયતના સ્વ-ભંડોળમાંથી તાલુકાની 22 શાળાઓમાં 66 લાખના ખર્ચે લગાવવામાં આવેલા સ્માર્ટ બોર્ડમાં ભ્રષ્ટાચાર આચારવારમાં આવ્યો હોવાનો આરોપ લગાવ્યો હતો. શાળામાં આપવામાં આવેલ એક સ્માર્ટની કિંમત અંગે શંકા વ્યક્ત કરતાં જણાવ્યુ હતુ કે સ્માર્ટ બોર્ડની કિંમત ત્રણ લાખ રૂપિયા કઈ રીતે હોય શકે? સામાન્ય રીતે આવા સ્માર્ટબોર્ડ એક લાખ રૂપિયા સુધીમાં આવતા હોય છે. આવેદનપત્રમાં સ્માર્ટ બોર્ડ બાબતે તટસ્થ સમિતિ બનાવી તપાસ કરવા માગ કરી છે.

## પ્રોજેક્ટ વીર ગાથામાં પ્રતાપપુરા પ્રા શાળાની વિદ્યાર્થીનીનું દાહોદ જિલ્લામાં પ્રથમ સ્થાને

દિપક રાવલ - દાહોદ લીમખેડા : ભારતમાતા રક્ષા માટે શહીદ થનાર ભારત ના વીર સપૂતો વિશે શોર્ય ગાથા લેખન માટે પ્રતાપપુરા પ્રા શાળા ની શિક્ષિકા રસીલાબેન પટેલ ના માર્ગદર્શન હેઠળ 3 પ્રોજેક્ટ ઓનલાઈન સબમિટ કરવામાં આવ્યા હતા.

સમગ્ર પ્રોજેક્ટ માં જિલ્લા કક્ષાએ થયેલ મૂલ્યાંકન માં ધોરણ 5 ની વિદ્યાર્થિની કટારા હેતલબેન શૈલેષભાઈ ની કવિતાની જિલ્લા કક્ષાએ પ્રથમ પસંદગી કરવામાં આવી હતી અને હેતલબેન ને 3000/- નો ચેક પ્રમાણપત્ર અને ભેટ આપીને સન્માનિત કરવામાં આવી હતી.જે બદલ શાળા ની શિક્ષકો ,



આચાર્ય, સી આર. સી, બી. આર. સી વિદ્યાર્થિની હેતલબેન અને માર્ગદર્શક શિક્ષિકા રસીલાબેન પટેલ ને અભિનંદન પાઠવે છે.

## રાજપીપળા નગરપાલિકાનાં 25 રોજિંદા કર્મચારીઓને પરત નોકરીમાં લેવાતા હડતાળ સમેટાઇ



ભરત શાહ - રાજપીપળા : રાજપીપળા નગરપાલિકા નાં ૨૫ જેટલા સફાઈ કર્મચારીઓ ને કોઈ પણ જાણ વિના અચાનક છુટા કરી દેતા ૮૦ જેટલા તમામ સફાઈ કર્મચારીઓ એ હડતાળ જાહેર કરતા શહેર માં સફાઈ મુદ્દે પ્રશ્ન ઉઠ્યો હતો અને શુક્રવારે શહેર માં કેટલાક વિસ્તારો માં સફાઈ નહિ થતા તેમજ કચરા ની ગાડી પણ નહિ આવતા સ્થાનિક લોકો ગંદકી નાં પ્રશ્ને અકળાઈ ઉઠ્યા હતા. જોકે યુનિયન લીડર ભરત સોલંકી એ આ મુદ્દે જણાવ્યું કે પાલિકાના મુખ્ય અધિકારી એ અમારી માંગણી સ્વીકારી છુટા કરાયેલા ૨૫ કર્મચારીઓ ને પરત ફરજ પર લેવાની ખાતરી આપતા અમે હડતાળ સમેટી લીધી છે અને શનિવાર થી શહેર માં તમામ સફાઈ કર્મીઓ સફાઈ કરશે માટે અમારી માંગણી સંતોષાતા અમે હડતાળ ને સમેટી લીધી છે.

## BRC ભવન ખાંભાના યુવક દ્વારા "જીવો અને જીવવા દો"ની ભાવના વધારવા ચલાવે છે એક અનોખો સેવાયજ્ઞ

કિશોર આર. સોલંકી- જાફરાબાદ : ખાંભાના ભગવતીપરા ખાતે રહેતા અને BRC ભવન ખાંભામાં સ્પેશિયલ એજ્યુકેટર (IED) તરીકે ફરજ બજાવતા યુવાન દ્વારા છેલ્લા છ વર્ષથી દર ઉત્તરાયણમાં 'પક્ષી બચાવો' નો અનોખો સેવાયજ્ઞ ચલાવતા અજયભાઈ સરવૈયા દ્વારા ઉત્તરાયણમાં પતંગ રસિયા દ્વારા પતંગના પેચ લગાવી એક બીજાની પતંગો કાપતા રસ્તા ઉપર, વૃક્ષ, થાંભલા, છત, શેરી, નળિયાં કે જાહેર રસ્તા ઉપર પતંગ સાથેની દોરીઓ પડી હોઈ કે લટકતી હોઈ તે ભેગી કરી પક્ષીઓને ઉડવા કે મુક્ત જીવન જીવવામાં નડતર રૂપ પતંગના જીવલેણ દોરાથી ઉત્તરાયણ બાદ પક્ષીઓ ઘાયલ ન થાય તે માટે આ સેવાયજ્ઞ ચલાવી 3 થી 15 વર્ષના બાળકોમાં પણ જીવાદયાનો ભાવ જાગે અને 'જીવો અને જીવવા



દો' ના ઉદેશ્યના નૈતિક સંસ્કાર બાળપણથી જ મળે તેવા આશયથી બાળકો દ્વારા ઘર, શેરી, વૃક્ષ, કે રસ્તામાંથી જીવલેણ દોરા કે ગુંચળા ભગવતીપરા ખાતે રહેતા અજયભાઈ સરવૈયાને આપીને ચવાણું, મમરાના લાડુ, મીઠાઈ, ફ્રૂટ, ચોકલેટ ભરેલ પ્લાસ્ટિકના લંચબોક્સ નકામા દોરા લાવેલ બાળકોને દોરાના ગૂંચળાના બદલામાં વિના મુલ્યે આપી પ્રોત્સાહિત કરી એકઠા કરેલ દોરા કે પતંગોને સળગાવી તેનો નાશ કરીને ખરા અર્થમાં 'પક્ષી બચાવો' અને 'જીવો અને જીવવા દો' નો ઉદેશ્ય સાથે અનોખા સેવાયજ્ઞ દ્વારા સર્વને પણ પ્રેરણા આપે છે. આ કાર્યને સિદ્ધ કરવા માટે સ્વૈચ્છિક દાતાશ્રી હકુભા રાઠોડ, બાબુભાઈ ખુમાણ-ખાંભા, હરિચરણદાસ નિર્મળસિંહ... મહાવીરસિંહ...વગેરે એ આર્થિક યોગદાન આપેલ સાથે શાંતિલાલ, જગદીશભાઈ, રસિકભાઈ વગેરે એ સેવાધર્મ કરીને આ કાર્યને વધુ સાર્થક કરવા અને દરેક બાળમાનસમાં જીવ દયાના સંસ્કારો જાગૃત કરવામાં યોગદાન આપી 'જીવો અને જીવવા દો' ની પ્રેરણા પુરી પાડવામાં સહભાગી થયેલ છે.

## ગુજરાત બજેટ માં સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે નવા આકર્ષણો ઉમેરવા માટે રૂ.475 કરોડની જોગવાઈ

ભરત શાહ - રાજપીપળા : ગુજરાત સરકારનું શુક્રવારે રજુ થયેલ વર્ષ 2024-25ના બજેટમાં પ્રવાસન ક્ષેત્ર ઉપર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે અને તેના હેઠળ ગુજરાતના વિશ્વ કક્ષાના પ્રવાસન ક્ષેત્ર સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે નવા આકર્ષણો ઉમેરવામાં આવશે. એકતા નગર માટે બજેટમાં રૂ. 475 કરોડ કરતા વધુ રકમની જોગવાઈ કરવામાં આવી છે. બજેટમાં જાહેરાત કરાયેલ તમામ કાર્યો સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, એકતા નગર ના અધ્યક્ષશ્રી અને નર્મદા નિગમના વહીવટી સંચાલક મુકેશ પૂરી અને મુખ્ય કારોબારી અધિકારી અને નર્મદા નિગમના સંયુકત વહીવટી સંચાલક ઉદિત અગ્રવાલના સંયુકત



માર્ગદર્શનમાં હાથ ધરવામાં આવશે. નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ શુક્રવારે વિધાનસભામાં વર્ષ 2024-25 માટેનું બજેટ રજુ કર્યું. બજેટમાં પ્રવાસન ક્ષેત્રને વેગ આપવા પર ખાસ ભાર મૂકાયો છે. નાણા મંત્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી,એકતા નગર માટે વિવિધ આકર્ષણો ઉમેરવા માટે રૂ. 475 કરોડ કરતા વધુની રકમની જોગવાઈ કરવામાં આવી છે. બજેટની જોગવાઈઓ મુજબ સ્ટેચ્યુ ઓફ યુનિટી સંકુલના વિકાસ અને આંતરમાળખાકીય સુવિધાઓની વૃદ્ધિ માટે રૂ. ૧૫૦ કરોડ, એકતા નગર ખાતે હોસ્પિટાલિટી ડિસ્ટ્રીક્ટ વિકાસના પ્રોજેક્ટ માટે રૂ. ૩૦૦ કરોડ અને એકતા નગર ખાતે જ સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટરના પ્રોજેક્ટ માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈઓ કરવામાં આવી છે. આ ઉપરાંત બજેટમાં એકતા નગર ખાતે ગુજરાત વંદના તેમજ દેશી રજવાડાઓનું સંગ્રહાલય બનાવવાની સાથે વીર બાળક ઉદ્યાન બનાવવાના આયોજનની પણ જાહેરાત કરવામાં આવી છે.

## ગટર લાઇન નું ખોદકામ કરીશ તો કુહાડી વડે તને જાન થી મારી નાખીશ : સાગબારા તાલુકાની ઘટના

ભરત શાહ - રાજપીપળા : નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ભાદોડ ગામમાં ગટર લાઈન નાં ખોદકામ મુદ્દે થયેલી માથાકુટ માં એક શખ્સ ની માર મરનાર ઈસમ સામે ફરિયાદ નોંધાઈ છે પ્રાપ્ત માહિતી અનુસાર મનેશભાઈ પારસીંગભાઈ મંડોળ રહે.આગાવાડા, તાલુકો, જીલ્લો દાહોદ નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ ભાદોડ ગામે ગ્રામ પંચાયતની અંડર ગટર લાઈનની કામગીરીમા મજુરી કામ કરતા હતા તે વખતે હરીસીંગભાઈ નરસુભાઈ વસાવા રહે. ભાદોડ, તા.સાગબારા, જીલ્લો નર્મદા નાઓ તેમની પાસે આવી ગમે તેવી ગાળો બોલી કહેવા લાગેલ કે,આ જગ્યા મારી છે મારી જગ્યામાં કોઈ પણ જાતનુ ગટર લાઈનનુ ખોદકામ કરવાનુ નથી.અને જો ખોદકામ કરશો તો કુહાડી લાવીને તમને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા ગટર લાઈનનું કામ બંધ કરી દીધેલ ત્યાર બાદ ભાદોડ ગ્રામ પંચાયતના માજી સરપંચ જેશ્વરભાઈ જેહરસીંગભાઈ વસાવા નાઓએ ગટર લાઈનનું કામ ચાલુ કરવા જણાવતા આ કામના મનેશ ભાઈ એ ગટરનું કામ ચાલુ કરેલ તે વખતે હરિસિંગ વસાવા અચાનક આવી પથ્થર મનેશ ભાઈ ને ડાબા પગની ઘુટીની થોડે ઉપર મારી દઈ ઈજા પહોંચાડી તથા નજીકમા પડેલ પાવડો લઈ ડાબા હાથના બાવળા ઉપર મારી દઈ ગેબી ઈજા પહોચાડી તથા જેશ્વરભાઈ જેહરસીંગભાઈ વસાવા નુ કોલર પકડી ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા સાગબારા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ઉપલેટામાં તાજા જન્મેલા બાળકને તરછોડનાર પરપ્રાંતીય સગા માતા-પિતાને ઉપલેટા નામદાર કોર્ટે ફટકારી બે વર્ષની સજા

વિજય રાડીયા - ભાયાવદર :

ઉપલેટાની નામદાર કોર્ટ દ્વારા વર્ષ ૨૦૨૧ માં ઉપલેટા શહેરમાં તાજા જન્મેલા બાળકને તરછોડી દેવાના ગુનાના બનેલ બનાવમાં કમાવતર બનેલા સગા માતા-પિતાને ઉપલેટા નામદાર કોર્ટે સજા અને દંડ ફટકાર્યો છે જેમાં એક તાજા જન્મેલા બાળકને તરછોડનાર પરપ્રાંતિય સગા માતા-પિતાને બાળકને તરછોડી દેવાના ગુનાની અંદર ઉપલેટાના મહેરબાન પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ જજ એ.એ. દવે દ્વારા તકસીરવાન ઠરાવીને માતા-પિતા બન્નેને બે વર્ષની સજા અને રૂપિયા ૫,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કરવામાં આવ્યો છે. ઉપલેટા શહેરના પાટણવાવ રોડ ઉપર વર્ષ ૨૦૨૧ માં માલ ઢોર ચરાવતા એક માલધારીને પાટણવાવ રોડ પર




આવેલ પોલીસ ચોકી પાસેના પુલ પાસેથી અવાવરૂ જગ્યામાં એક રડતું બાળક મળી આવ્યું હતું કે બાદ આ મળી આવેલ બાળકને લઈને ઉપલેટા પોલીસ મથકમાં તરછોડનારના માતા-પિતા સામે તુરંત પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી જેમાં પોલીસ ફરિયાદ નોંધાયા બાદ ઉપલેટાની નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ હતું જે બાદ કેસ નંબર સી.સી. ૧૦૨/૨૦૨૨ થી ચાલેલો હતો જે કેસ કોર્ટમાં ચાલી જતાં ઉપલેટા નામદાર કોર્ટ દ્વારા આરોપીઓને સજા અને દંડ ફટકારવામાં આવ્યો છે. ઉપલેટા શહેરમાં બનેલ આ બનાવના કેસની અંદર ઉપલેટા નામદાર કોર્ટે બાળકને તરછોડનાર પરપ્રાંતિય મજુર અને બાળકના સગા માતા-પિતાને બાળકને તરછોડી દેવાના ગુનાની અંદર પિતા અમદા ઝંડુ માલિયા (રાઠવા) તેમજ માતા પાનડીબેન ડો/ઓ ધાનકા વાસ્કેલિયાને તકસીરવાન ઠરાવેલ છે જેમાં ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓ અને દલીલોને ધ્યાને લઈ ઉપલેટાના મહેરબાન પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ જજ એ.એ. દવેએ તાજા જન્મેલા બાળકને તરછોડી દેવાના ગુનામાં માતા-પિતાને આરોપીઓ જાહેર કરીને બે વર્ષની સજા અને રૂપિયા ૫,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# પેરિસ શહેરની નીચે જમીનમાં મૃતકોનું નગર!



પેરિસ એટલે એફિલ ટાવર માટે ખાસ જાણીતું છે. દુનિયાભરમાંથી લોકો એફિલ ટાવર જોવા માટે પેરિસ આવતા હોય છે. એફિલ ટાવરની ભવ્યતા જોવા સાથે સાથે તેની સાથે ફોટા પાડીને લોકો એક યાદગીરી સાથે રાખતા હોય છે, તો અનેક મિત્રો માટે એફિલ ટાવરની પ્રતિકૃતિ પણ ભેટ આપવા માટે લઈ જતા હોય છે. સહેલાણીઓ માટે પેરિસનો એફિલ ટાવર ખૂબ જ જાણીતો ખરો, પરંતુ કેટલાક

**લાખો લોકોના મૃતદેહોના અવશેષોથી ભરેલી આ સુરંગોમાં ફરવું એ રોમાંચક ભલે લાગતું હોય, પરંતુ ડર પણ પેદા કરે છે**

સાહસિક સહેલાણીઓ માટે પેરિસ કરતાં પણ બીજું એક સ્થળ ખૂબ જ જાણીતું છે અને એ સ્થળ એટલે જમીન નીચે આવેલી સુરંગો. એ સુરંગોમાંથી કેટલીક તો મૃતદેહોના અવશેષોથી ભરેલી છે!

પેરિસ જેવા શહેરમાં વળી સુરંગની જરૂર જૂના સમયમાં કેમ પડી હશે એ પણ એક સવાલ થાય. વાસ્તવમાં 18મી સદીમાં પેરિસનો બહુ ઝડપથી વિસ્તાર થયો હતો. પેરિસમાં રોજગારીની પણ તક વધુ હોવાને કારણે લોકોની વસતી પણ સતત વધતી જતી હતી. લોકોને રહેવા માટે જમીનની અછત પડતી હોય એ તો જાણે સમજ્યા, પણ વધતી વસતી સાથે મૃતકો માટે કબ્રસ્તાનમાં પણ જગ્યાની ભારે અછત હતી! એ સમયે મૃતકોની સંખ્યા વધુ રહેતી હતી. જો તેમનું દફન ન થાય તો શહેરમાં મૃતદેહોના કોહવાટને કારણે દુર્ગંધ ફરી વળે અને એમાં વળી બીમારી પણ ફેલાવાનો ભય રહે. મૃતદેહોની સંખ્યા વધુ હોય ત્યારે એ તમામના કોહવાટથી ફેલાતી દુર્ગંધ માથું ફાડી નાંખે એવી જ હોય. વળી એ કોહવાટને પગલે બીમારી ફેલાવાનો પણ ભય રહે. એ જોખમ પેદા ન થાય એ માટે પેરિસના અધિકારીઓએ શહેરની નીચે રહેલી ખાણોને જ કબ્રસ્તાન બનાવી દેવાનો નિર્ણય કર્યો હતો. એ સમયે જેનું મૃત્યુ થાય તેનું દફન આ ખાણમાં જ થઈ જાય. જાણે મૃતકોનું એક શહેર જ વસી ગયું હોય એમ એક અંદાજ મુજબ એ નગરમાં 60 લાખ લોકોના મૃતદેહોના અવશેષ હોવાનું માનવામાં આવે છે. પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન જર્મન સૈનિકોએ પેરિસમાંની સુરંગોને બંકર તરીકે ઉપયોગમાં લીધી હતી. જ્યારે એ જ સુરંગોનો ઉપયોગ ફ્રાંસના સૈનિકો છુપાવવા માટે કરતા હતા. જ્યારે એ જ સુરંગોમાં ખેડૂતો મશરૂમની ખેતી કરતા હતા. આ સુરંગોને 1809માં લોકોને જોવા માટે ખુલ્લી મૂકી દેવાઈ હતી. જોકે હવે તેના કેટલાક હિસ્સામાં જ લોકો જઈ શકે છે. 1955થી આ સુરંગોમાં ફરવું ગેરકાયદે જાહેર કરાયું હતું. જોકે એ મનાઈ છતાં આજે પણ આ સુરંગો એવા લોકોનો નિવાસ છે, જેને કૈટાફિલ્સ કહેવાય છે. સામાન્ય રીતે એ સમુદાયમાં એવા યુવાનો હોય છે, જેઓ પેરિસ શહેરના નિયમો અને ગતિવિધિથી દૂર પોતાની એક અલગ દુનિયા ઈચ્છતા હોય છે. 1970 અને 80ના દાયકાઓમાં કૈટાફિલ્સ સમુદાયના લોકો ખોપડીઓ અને હાડકાંથી ભરેલી આ સુરંગમાં પાર્ટી કરતા હતા! એ જ સ્થળે તેઓ નાટક અને કળાઓનું પ્રદર્શન પણ કરતા હતા. અહીં નશો કરીને એક અલગ દુનિયામાં ખોવાઈ જતા હતા. આ સુરંગો કૈટાફિલ્સ લોકોનું એક ગુપ્ત સામ્રાજ્ય થઈ ગઈ હતી.

લાખો લોકોના મૃતદેહોના અવશેષોથી ભરેલી આ સુરંગોમાં ફરવું એ રોમાંચક ભલે લાગતું હોય પરંતુ ડર પણ પેદા કરે છે. એ ઉપરાંત આ સફર મુસીબત ભરેલી પણ બની રહે છે. નહીં જોયેલા માર્ગો અને પ્રતિબંધિત રસ્તામાં લોકો

**પેરિસનું નામ પડે એટલે એફિલ ટાવર યાદ આવ્યા વિના ન રહે. પેરિસ નગરમાં ફરવા જેવાં અનેક સ્થળો છે, પરંતુ એક સ્થળ એવું છે કે જ્યાં ફરવા જવાનો પણ ડર લાગે. એ સ્થળ એટલે મૃતકોનું શહેર!**

ઘણી વખત ખોવાઈ જતા હોય છે. અંધારું હોય અને ક્યાંક પાણી પણ ભરાયેલાં હોય ત્યારે લોકો ફસાઈ પણ જતા હોય છે. ઓછી ઊંચાઈવાળા માર્ગોમાંથી વાંકા વળીને જવું પડે એ પણ આ સફરનો એક અલગ રોમાંચ પેદા કરે છે. પેરિસના કેટાકોમ્બ ઉપરાંત રોમ, યૂક્રેન, સ્પેન, યુનાઈટેડ કિંગ્ડમ, પોર્ટુગલ અને બીજા અનેક દેશોમાં પણ જમીનની નીચેની સુરંગો કબ્રસ્તાન બની રહી છે. યાદ રહે કે માલ્ટામાં જમીનની નીચેના કબ્રસ્તાનના પરિસરને યુનેસ્કોએ વિશ્વની ધરોહરની યાદીમાં પણ સામેલ કરવા માટેની દરખાસ્ત કરી છે.

---

સફળતા અને નિષ્ફળતા એક જ સિક્કાના બે પાસા છે. સફળતાની રાહ સરળ હોતી નથી. આ કોઈ પણ વ્યક્તિના પ્રયત્ન, ધગશ અને મહેનત પર નિર્ભર કરે છે કે તે કેટલુ સફળ થઈ શકે છે અને કેટલુ નિષ્ફળ. સફળતાની રાહમાં ઘણા પડકારો આવે છે. નવા પડકારોનો સામનો પૂરી હિંમત સાથે કરવો જોઈએ.

# જીવનમાં આવતા પડકારોનો સામનો કરવા માટે અપનાવો આ 4 રીત, મળશે સફળતા



### 1 સકારાત્મક વિચાર રાખો

કોઈ પણ પ્રકારના પડકારોનો સામનો કરવા માટે સકારાત્મક માનસિકતા રાખવી ખૂબ મહત્વની છે. સકારાત્મક વિચાર રાખવાથી આત્મવિશ્વાસ વધે છે. માર્ગમાં આવતી સમસ્યાઓને એક તક તરીકે જુઓ. સકારાત્મક વિચાર સાથે તમે યોગ્ય દિશામાં આગળ વધી શકો છો.

### 2 પોતાના લક્ષ્યને પડકારની જેમ જુઓ

પોતાના લક્ષ્યને પડકારની જેમ જુઓ. તેનાથી તમે પોતાને શ્રેષ્ઠ કરવા માટે પ્રેરિત કરતા રહેશો. એક સ્પષ્ટ લક્ષ્ય બનાવવાથી પડકારોનો સામનો કરવો સરળ થઈ જાય છે. લક્ષ્યો પ્રત્યે સંપૂર્ણ રીતે સમર્પિત રહેવાથી માર્ગમાં આવનારા પડકારો ખૂબ સરળ લાગે છે અને તમે યોગ્ય દિશામાં આગળ વધો છો. પડકારોને એક નવા અવસરની દ્રષ્ટિથી જુઓ.

### 3 લોકોની મદદ લો

ક્યારેક આપણે એવી મુશ્કેલીઓથી ઘેરાઈ જઈએ છીએ જેમાંથી બહાર નીકળવુ અશક્ય લાગે છે. દરમિયાન પોતાની આસપાસના લોકોની મદદ લો. તમારા મિત્ર, પરિવાર કે સાથે કામ કરતા લોકો પણ તમારા કામ આવી શકે છે. તેથી મદદ લેવાથી ક્યારેય પણ અચકાશો નહીં. અનુભવશીલ લોકો પાસેથી સલાહ લેવી અને તેમની સાથે અનુભવ શેર કરો તમારા પડકારોમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવશે.

### 4 યોગ્ય આયોજન બનાવો

લક્ષ્ય તરફ પહોંચવા માટે જરૂરી છે કે તમે ત્યાં સુધી પહોંચવા માટે સારી યોજના બનાવો. એક ટાઈમ ટેબલ બનાવીને તેની પર કામ કરો. એક સારી તૈયારી અને યોજના તમને પડકારોનો સામનો કરવામાં મદદ કરશે. યોગ્ય આયોજન બનાવીને કામ કરવાથી તમને નવા અનુભવ પ્રાપ્ત થશે. યોગ્ય આયોજન નવા કૌશલ્ય અને જ્ઞાનની પ્રાપ્તિમાં મદદ કરે છે. યોગ્ય આયોજન આત્મ-વિશ્વાસનો સોનેરી અવસર છે.

---

# પ્રોડક્ટ રિટર્ન કરવા છતાં શોપિંગ એપ અથવા બેંક પાછા આપી રહી નથી તમારા રૂપિયા?

**આજકાલ ઓનલાઈન શોપિંગનો જમાનો ચાલી રહ્યો છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ અને ઘણી ઈ-શોપિંગ એપ્સ પર હજારો પ્રોડક્ટ્સ ઉપલબ્ધ છે, જેના પર યુઝર્સ ઘણી આકર્ષક ઓફર જોઈ શકે છે. યૂઝર્સ ઑફર્સ દ્વારા આકર્ષાય છે અને પછી તેમના ક્રેડિટ અથવા ડેબિટ કાર્ડનો ઉપયોગ કરીને પ્રોડક્ટનો ઓર્ડર આપે છે. ઓર્ડર મળ્યા પછી, જો યૂઝર્સને ઉત્પાદન પસંદ ન આવે તો તેઓ તેને પરત કરવાનો પ્રયાસ કરે છે અને પૈસા પાછા મેળવે છે. ઘણીવાર આવી પ્રોડક્ટને સેલર્સ સરળતાથી પરત કરી લે છે, પરંતુ કેટલીકવાર આવું થતું નથી. યૂઝર્સ સેલર્સ, શોપિંગ વેબસાઈટ્સ અથવા એપ્સને વિનંતીઓ કરીને નિરાશ થાય છે, પરંતુ તેમની સમસ્યાઓ ઉકેલાતી નથી. એવામાં યૂઝર્સ શું કરી શકે? જો તમને ખબર ન હોય તો ચાલો તમને જણાવીએ. એવામાં, યૂઝર્સ ભારતીય રિઝર્વ બેંક એટલે કે આરબીઆઈને ફરિયાદ કરી શકે છે અને વળતર પણ મેળવી શકે છે. ચાલો તમને તેની સંપૂર્ણ પ્રક્રિયા જણાવીએ.**

### આ સ્ટેપ્સને કરો ફોલો

- આ માટે યુઝર્સને પહેલા આરબીઆઈ લોકપાલની ઓફિશિયલ વેબસાઈટ પર જવું પડશે. તમે આ લિંક (https://rbi.org.in/Scripts/Complaints.aspx) પર ક્લિક કરીને સીધા ઓફિશિયલ વેબસાઈટ પર પણ જઈ શકો છો.
- આરબીઆઈ લોકપાલની વેબસાઈટની મુલાકાત લીધા પછી, યૂઝર્સને કોઈપણ બેંક, એનબીએફસી અથવા આવી કોઈપણ અન્ય સંસ્થા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાનો વિકલ્પ મળશે.
- તમે જેની સામે ફરિયાદ કરવા માંગો છો તેના વિકલ્પ પર ક્લિક કરો. - ત્યારબાદ યુઝર્સને ફરિયાદ નોંધાવવા માટે File a complaint નો વિકલ્પ મળશે.
- ત્યારબાદ યુઝર્સે પોતાનું નામ અને નંબર એન્ટર કરવાનો રહેશે.
- ત્યાર પછી યુઝર્સના ફોનમાં OTP આવશે. તેને વેબસાઈટમાં એન્ટર કરીને ક્લિક કરવાનું રહેશે.
- તે પછી તમારો OTP વેરિફિકેશન થશે, અને પછી તમારે તમારી ફરિયાદની વિગતો લખવાની રહેશે.
- આ માટે યુઝર્સે ફરિયાદીનું નામ, ફોન નંબર, ઈમેલ આઈડી, રાજ્યનું નામ, ફરિયાદની શ્રેણી અને તેમનું સંપૂર્ણ સરનામું એન્ટર કરવું પડશે.
- આ બધું ભર્યા પછી, યૂઝર્સે તે બેંક અથવા NBFCનું નામ પસંદ કરવાનું રહેશે જેની સામે તમે ફરિયાદ કરવા માંગો છો.
- ત્યારબાદ આખરે યૂઝર્સે તેમની ફરિયાદની માહિતી દાખલ કરવી પડશે અને બધું તપાસવું પડશે.
- ફરિયાદ કરવા માટે જરૂરી તમામ માહિતી ભર્યા પછી યૂઝર્સ તેને સબમિટ કરી શકે છે.

### આ વાતોનું જરૂર રાખો ધ્યાન

યૂઝર્સ IBI લોકપાલને તેમની ફરિયાદ નોંધાવ્યા પછી, યૂઝર્સ તેમના ફસાયેલા નાણાં સાથે વળતરની માંગ કરી શકે છે. આરબીઆઈ લોકપાલ લગભગ આગામી બે અઠવાડિયામાં યૂઝર્સ દ્વારા કરવામાં આવેલી ફરિયાદની તપાસ કરે છે, અને પછી મામલાને ઉકેલે છે. જો કે, આરબીઆઈમાં ફરિયાદ નોંધાવતા પહેલા યૂઝર્સે તેમની બેંક અથવા સંબંધિત એનબીએફસીમાં ફરિયાદ નોંધાવવી પડશે. જો લેખિત ફરિયાદ કરવા છતાં પણ યુઝરની સમસ્યાનું નિરાકરણ ન આવે તો તે RBIમાં ફરિયાદ નોંધાવી શકે છે.

---

# પપ્પાના મુખ પરનું ખોવાય ગયેલ હાસ્ય પરત ફર્યું

કૃષ્ણાશ્રય બંગલા માં આજ હવા ખુશીઓ ની ચારેબાજુ મ્હેકી રહી હતી,ઉમળકો બધાને ઘરમાં નવા સદસ્યની એન્ટ્રી નો હતો..હું વાર્તા ખૂબ ખુશ છું બે વર્ષ બાદ પપ્પા ના મુખ પરનું ખોવાય ગયેલ હાસ્ય પરત ફર્યું. ખબર છે વાચકો કાલ રાત્રે ૧૨વાગ્યે એપોલો હોસ્પિટલ ના સ્પેશિયલ રૂમમાં મીનું એ દીકરા ને જન્મ આપ્યો છે,બેભાન મીનું ને ખબર નથી કે દીકરાની માં બની ગઈ છે પરંતુ દીકરા ના પપ્પા,નાના નાની, દાદા દાદી અને ખાસ m ખાસ એની માંસીઓ તો સમાચાર સાંભળી ને ઉત્સાહ માં આવી ગઈ છે..પપ્પા ની લાડલી સૌથી નાની રેવતી ખુશ ખુશાલ થઈ રૂપલી ને બોલી કે દીદી,જ્યારે મીનું દીદી બાબુ ને લઈને ઘરે આવશે ત્યારે આપણે બધા એની માસી બની જશું. મમ્મી અને પપ્પા પણ નાના નાની બની જશે.કૃપા સામુ નજર કરીને રેવતી મજાક કરતા બોલી કે દીદી,મને તો એ વિચારી ને હસવું આવે છે કે જ્યારે બાબુ કૃપાને માસી બોલશે ત્યારે કેવું લાગશે? બાબુ તો કૃપાના ચશ્મા જોતા રડવા લાગશે,એને થશે કે નાનકડી બિલ્લીમાસી મારા ઘોડિયા આગળ બેઠી છે. રૂપાદીદી તમારા વાળ બાંધી બે રાખજો બાબુ વાળ ને ટેલિફોન નો વાયર સમજી ખેંચશે તો.. રૂપલ નાનકડી રેવતી ની વાત સાંભળી ને હસવા લાગી. કૃપાને રેવતી પર જબ્બર નો ગુસ્સો આવતા એ બોલી તને હું બિલાડી જેવી લાગુ છું.સાચું કહું બકા,તું ચાલે છે ને ત્યારે ઉટ જેવી લાગે છે,માથું નાનું ને લંબાઈ વધારે,હાથ પગ તો સૂકા લાકડા જેવા લાગે છે.ભલેને તું ૭માં ધોરણ માં ભણી રહી છો પણ લાગે છે હાલતું ચાલતું ઢંગધડા વગરની ઉટડી..કૃપા અને રેવતી ની રક જક માં રેવતી રડવા લાગી ને બોલી કે હમણાં પપ્પા ને આવવા દે એટલી વાર છે.તારી બધી ફરિયાદ કરી દઈશ.ત્યાં ઘરની બહાર કાર ઊભી રહી એ ભેગા રેવતી દોડી ને દરવાજો ખોલ્યો તો સામે પપ્પા અને મમ્મી હતા. પપ્પા મમ્મી ઘરમાં પ્રવેશી ને સોફા પર બેઠા ત્યાજ રેવતી એ કૃપા ની ફરિયાદ નું લાંબુ લીસ્ટ વાચવા મંડ્યા..મમ્મી પપ્પા ને આખી રાત હોસ્પિટલ માં ૨ ઉજાગરા માં મીનું ની ચિંતા નાં કારણે ખૂબ થાકયા હતા.



મારા પપ્પાનું વિશ્વ

- રુપાલી દવે

પપ્પા એ હળવો ગુસ્સા કરતા બન્ને ને ચૂપ કહ્યું ને સિલ્ક ડેરી મિલ્ક ચાર રૂપલ ના હાથ માં મૂકતા કીધું કે બે માંથી કોઈનો અવાજ આવ્યો છે તો ખબર છે ને શું સજા મળશે? ડર ના માર્યા રેવતી સોફા પર પપ્પાની બાજુ માં ગોઠવાઈ ગઈ.કૃપા ફટફટ અંદર જઈને મમ્મીની જમ્યા પહેલાં ની ટેબલેટ અને પાણી લેવા ગઈ.

ગરમ ગરમ બટેટા પૌવા અને ચા ટ્રે માં લઈને રૂપલ બેઠક ખંડ માં આવી,ત્યારે મમ્મી ની જમ્યા પહેલાની દવા કૃપા એ આપી દીધી હતી.રૂપલ સેન્ટર ટેબલ પર ટ્રે મૂકતા બોલી કે પપ્પા દીદી ની તબિયત કેવી છે હવે? દીદી ભાનમાં આવી ગઈ?બાબુ તો અસ્સલ દીદી જેવોજ લાગે છે. પપ્પા તમે મોબાઈલ પર બાબુ ના પિક મોકલ્યા છે ને ત્યારથી અમને થાય છે કે દીદી જલદી જલદી ઘરે આવી જાય.પપ્પા આનંદ માં આવીને બોલ્યાં કે રૂપલી તારી વાત તો સાચી,બાબુ અસ્સલ મીનું જેવોજ લાગે છે મોટા મોટા ગાલ ને એમાં ઊંડા ઊંડા ખંજન પડે છે.પત્ની તરફ જોઈને કહ્યું કે સુમન,મીનું જન્મી ત્યારે અસ્સલ આવીજ લાગતી હતી.મમ્મી એ મોબાઈલ મા બાબુ નો પિક જોતા બોલી કે સાચું કહું નારાજ તો થશો નહી ને...મને બાબુની આંખ અને કપાળ નો ભાગ જોતાજ કોઈની યાદ આવી ગઈ. પત્ની ની વાત સાંભળી ને પણ પપ્પા ના ચહેરા પરના હાવભાવ બિલકુલ બદલાયા નહિ ને બોલ્યા કે તારા કહેવાનો મતલબ સંજુ જેવા..એમને..અરે!!પત્ની શ્રી,સંજુ મારી દીકરી છે એનાથી મને સમસ્યા નથી, એ આજ પણ આવીને માફી માંગશે તો માફ કરી દઈશ.સંજુ મને 1 આજે પણ મારા જીવ થી અધીક મારી બીજી દિકરીઓ જેવીજ વાહલી છે. પ્રેમલગ્ન કર્યા એની સામે વાંધો નથી પરંતુ માબાપ ને ધોખો આપીને કર્યા છે,એની સામે વાંધો છે ને હમેશાં રહશે.સુમન,જેવી રીતે બાળકો ની દરેક પ્રકારની ફરજ માબાપ ની હોય છે એમ બાળકો ની ફરજ માબાપ ના પ્રેમ ને વફાદાર રહેવાની હોય છે.

મમ્મી એ ઘરમાં બધેય નજર કરતા જોયું કે ઘરમાં વિભા નથી. સુમન ચિંતિત સ્વરે પૂછ્યું કે રૂપલ,વિભા ક્યાં છે? કેમ નથી દેખાતી? આ છોકરી ને ક્લાસ છૂટે એટલે ઘરે આવવાની ખબર જ નથી પડતી. રૂપલે મજાક કરતા કહ્યું કે મધર ઈન્ડિયા ભૂલી ગયા વિભા ક્લાસ માંથી ૧૧:૩૦ એ છૂટે છે,સામે ઘડિયાળ માં જુવો કેટલા વાગ્યા છે ૧૦:૩૦,હજી કલાક ની વાર છે. નાસ્તો થઈ ગયો હોય તો તું અને પપ્પા નાહી ધોઈને ફ્રેશ થઈ જાવ. રસોઈ તો તૈયાર છે,તમે નાહી ને ફ્રેશ થશો ત્યાં સુધીમાં વિભા આવી પોહચશે.આમપણ તે તો આખી રાત આંટી ની સાથે બકબક કરી હશે,તુ ખુદ પણ નહિ ઊંઘી હોય ને બિચારા આંટી ને પણ નહિ સુવા દીધા હોય.પપ્પા બોલ્યાં રૂપલી તારી વાત એકદમ સાચી છે તારી મમ્મી ની વાતો કરવાની stemina ગજબ ની છે.અરે!!એ બોલતી હતી એટલે તો હું અને વિનોદ જાગતા હતા. અમને તો જાણે કોઈ રેડિયો વાગતો હોય એવું લાગતું હતું. એમાં પણ વેવાણ જ્યારે જોકે ચડે ને નસકોરા વગાડવાનું ચાલુ કર્યું જ હોય ને તારી મમ્મી બોલે ઊંઘી ગયા કે શું? પેલા બિચારા ઊંઘતા ઝડપાયા હોય એટલે હળવે થી આખો ખોલીને બોલે કે જાગું જ છું,પણ આંખ ને થાક લાગ્યો હતો એટલે થોડીવાર બંધ કરી હતી,તમે તમારે બોલો હું સાંભળું છું.મને તો સુમન તારુ ખૂબ હસવું આવતું હતું..

પપ્પા ની વાત સાંભળી ને સુમન ચિડાઈ ને બોલી કે શું કરું? દીકરી લેબર રૂમમાં પીડાતી હતી તો મને ઊંઘ કેમ આવે? કરું તો પણ શું કરું? જો એની પીડા હું લઈ શકતી હોત તો મારી ફૂલ જેવી દીકરી ને ક્યારેય કશું સહેવા ન દેત.મારાથી બોલવા સિવાઈ બીજો કોઈ રસ્તો નહતો. પપ્પા બોલ્યાં એટલે તો મીનું ની ડિલિવરી પહેલા વેવાણ ઝોકા ખતા હતા ને ડિલિવરી પછી તું મસ્ત લાંબી થઈને રૂમ બહારના સોફા પર સુઈ ગઈ હતી.પપ્પા બોલ્યા કે કહેવું પડે સુમન,બાબુ ના જન્મ પછી તો વેવાણ ની ખુશી જોવા જેવી હતી. વેવાણ એ સુમન ને જેવું કીધુ ને કે હું રૂમ માં મીનું ની આગળ છું ચિંતા ના કરો તમારી મીનું નું કાળજીપૂર્વક ધ્યાન રાખીશ.હજી બેત્રણ કલાક તો બેભાન રહશે.તમે બહાર જઈને આરામ કરો મીનું ભાનમાં આવતા વેત તમને જગાડી દઈશ...



બસ આમ બે વર્ષ પછી ઘરમાં હાસ્ય વિનોદ માં ખીલ ખીલાટ સાંભળી ને હું વાર્તા આનદ થી રાહ જોવા લાગી..કોની? વિભાની..વિભા ક્લાસથી આવી એટલે બધા જમી પરવારીને રાત ના થાક અને ઘરમાં નવા મેહમાન ના આગમનની ખુશી માં નિરાંતની ઊંઘમાં સરી પડ્યુ.

પરંતુ કૃષ્ણાશ્રય બંગલા માં ના સભ્યો એ અન્ય ખાસ ખુશીઓથી તદન અજાણ હતા...વાચકો અમદાવાદ થી દૂર દિલ્હી ની સિટી હોસ્પિટલ મા સંજુ એ જોડિયા બાળકો બબો બેબી ને કાલ રાત્રે ૧૨વાગ્યે જન્મ આપ્યો છે...પરિવાર સુધી સંજુ ના બાળકો ના જન્મ ની ખુશીઓ કેવી રીતે? અને કોણ પોહચડશે? કોઈનો ફોન આવશે? કે કોઈ રૂબરૂ આવી મીઠાઈ આપી જણાવશે?..મને શું ખબર એતો સમય આવશે ત્યારે ખબર પડશે.. સુવા દો બધાને શાંતિથી. 'હું લેખક અને તમે વાચક તમને નિરાશ નહિ થવા દઈશ. રૂપલી પણ કેવી છે? બધું મારા પર નાખી ને યુગ ની સાથે ઊંઘી ગઈ છે..

# પ્રિયંકા ચોપરા છેતરાઈ 165 કરોડનાં ઘરનું બાંધકામ તકલાદી નીકળ્યું



મુંબઈ : પ્રિયંકા ચોપરા અને નિક જોનાસે લોસ એન્જલિસમાં ભારતીય રુપિયા પ્રમાણે ૧૬૫ કરોડ રુપિયામાં ખરીદેલું વિશાળ ઘર તકલાદી બાંધકામ, પાણીનાં ગળતર તથા ઠેર ઠેર ફૂગ લાગી જતાં રહેવા લાયક રહેતાં ખાલી કરવું પડયું છે. તેમણે તેમને આ ઘર વેચનારા સામે કરોડો ડોલરનો નુકસાનીનો કાનૂની દાવો પણ માંડયો છે. પ્રિયંકાએ ડિસેમ્બર ૨૦૧૮માં લગ્ન કર્યાં હતાં તે પછીનાં વર્ષે જ સપ્ટેમ્બર ૨૦૧૯માં તેણે અને નિકે આ ભવ્ય ઘર ખરીદ્યું હતું.

આ ઘર તેણે ભારે હોંશથી સજાવ્યુ હતું. તેણે પોતાના મિત્રો, પરિવારજનો તથા અન્યો સાથે અહીં દિવાળી, હોળી સહિતના ભારતીય તહેવારો તથા ગેટ ટૂ ગેધર અને પાર્ટીઓની ઉજવણી પણ કરી હતી. પ્રિયંકાએ આ ઘરના સંખ્યાબંધ ફોટા પણ પોસ્ટ કર્યાહ તા.

જોકે, કેટલાક સમયથી પ્રિયંકાની સોશિયલ મીડિયા પોસ્ટસમાં આ ઘરની તસવીરો જોવા ન મળતાં તરેહ તરેહની અટકળો વહેતી થઈ હતી. જોકે, હવે એવા સમાચાર આવ્યા છે કે પ્રિયંકા અને નિકે આ ઘર રહેવા લાયક જ નહીં રહ્યું હોવાથી તત્કાળ ખાલી કરી દીધું છે. આ ઘરનું બાંધકામ તકલાદી નીકળ્યું હતું. તેમાં ઠેર ઠેર પાણીનાં ગળતરની સમસ્યા થવા લાગી હતી. સમગ્ર ઘરમાં કેટલીય દીવાલો પર ફૂગ લાગી ગઈ હતી. પ્રિયંકા તથા નિકે વેચાણ કર્તા પાસેથી નુકસાની પેટે જંગી વળતર માગ્યું હોવાનું કહેવાય છે. પ્રતિવાદીએ તમામ રિપેરિંગ ખર્ચ ભરપાઈ કરી આપવું જોઈએ તથા અન્ય નુકસાની પણ વાળી આપવી જોઈએ તેવી માગણી પણ કરાઈ છે. માત્ર વોટરપ્રૂફિંગ પેટે ૧૨ કરોડ અને અન્ય નુકસાન પેટે ૨૦ કરોડના નુકસાનનો અંદાજ બાંધવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર પ્રિયંકા અને નિક તેમની બે વર્ષની દીકરી માલતી સાથે અન્ય પ્રોપર્ટીમાં રહેવા જતાં રહ્યાં છે. હવે તેઓ આ મૂળ ઘરમાં પાછાં ફરશે કે કેમ તે નક્કી નથી. જાણકારો કહે છે કે આ ઘરમાં હાલ કોઈ રહેતું નથી અને તે કોઈને ભાડે પણ અપાયું નથી. પ્રિયંકા અને નિકનાં લોસ એન્જલિસનાં આ ઘરમાં નવ બેડરુમ તથા સાત બાથરુમ છે. તેમાં શેફ માટે અલાયદું ભપકાદાર કિચન છે. આ ઉપરાંત ટેમ્પરેચર કન્ટ્રોલ ધરાવતો ખાસ વાઈન રુમ છે. આ ઘરમાં જ ઈન્ડોર બાસ્કેટ બોલ કોર્ટ પણ છે. તેમાં હોમ થિયેટર, એન્ટરટેઈનમેન્ટ લોન્જ, સ્ટીમ શાવર સાથે સ્પાની સગવડ ઉપરાંત આધુનિક જીમ તથા બિલિયર્ડ રુમ પણ છે.



# ફેમસ મોડલ અને એક્ટ્રેસ પૂનમ પાંડેનું સર્વાઈકલ કેન્સરના કારણે 32 વર્ષની ઉંમરે નિધન

મુંબઈ : વિવાદોમાં રહેનાર મોડલ અને અભિનેત્રી પૂનમ પાંડેનું 32 વર્ષની ઉંમરે નિધન થયુ છે. પૂનમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક્ટ્રેસના મોતના સમાચાર શેર કરવામાં આવ્યા છે. પૂનમના અચાનક મોતના સમાચારે દરેકને ચોંકાવી દીધા છે. પૂનમ પાંડેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરવામાં આવેલી પોસ્ટમાં લખ્યુ છે, ''આ સવાર અમારા માટે મુશ્કેલ છે. તમને એ જણાવતા ખૂબ દુ:ખ થઈ રહ્યુ છે કે અમે સર્વાઈકલ કેન્સરના કારણે પોતાની વ્હાલી પૂનમને ગુમાવી દીધી છે. તેમના સંપર્કમાં આવનાર દરેક વ્યક્તિ તેમને પ્રેમથી મળ્યા. દુ:ખના આ સમયમાં અમે પ્રાઈવસીની વિનંતી કરીશુ. અમે તેમને અમારા દ્વારા શેર કરવામાં આવેલી દરેક વાત માટે પ્રેમપૂર્વક યાદ કરીશુ.''પૂનમ પાંડેના મોતના સમાચારથી ચાહકો શોકમાં ડૂબી ગયા છે અને સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી દુ:ખ વ્યક્ત કરી રહ્યા છે.પૂનમ પાંડે એક ફેમસ મોડલ હતી. 2011 ક્રિકેટ વર્લ્ડ કપ ફાઈનલ પહેલા એક વીડિયો મેસેજના કારણે તેની લોકપ્રિયતા વધી ગઈ હતી. ત્યારે તે પહેલી વખત વિવાદોમાં આવી હતી. પૂનમ પાંડેને છેલ્લી વખત કંગના રનૌતના રિયાલિટી શો માં જોવામાં આવી હતી.પૂનમ સેમ બોમ્બે સાથે લગ્ન કરીને ખૂબ ચર્ચામાં રહી હતી. આ લગ્ન તમામ માટે એક સરપ્રાઈઝની જેમ હતા. જોકે તેમના લગ્ન ટકી શક્યા નહોતા. તેણે 2020માં પોતાના લગ્નના તાત્કાલિક બાદ પોતાના પતિ સેમ બોમ્બે પર ઘરેલૂ હિંસાનો આરોપ લગાવ્યો હતો.



# કોકટેલ ટૂમાં અનન્યા પાંડે અને સારા અલી ખાનની જોડી



મુંબઈ : સૈફ અલી ખાન, દીપિકા પાદુકોણ અને ડાયના પેન્ટીની ફિલ્મ 'કોકટેલ'ની ફ્રેન્ચાઈઝી 'કોકટેલ ટૂ'માં દીપિકા અને ડાયનાની જગ્યાએ અનન્યા પાંડે અને સારા અલી ખાન ભૂમિકા ભજવે તેવી શક્યતા છે. આ બંને હિરોઈનો તાજેતરમાં ફિલ્મ નિર્માતાની ઓફિસમાં જોવા મળી હતી. તે પછી 'કોકટેલ ટૂ'ની તૈયારી થઈ રહી હોવાની અટકળો શરુ થઈ ગઈ છે. દીપિકા અને સારા વ્યક્તિગત રીતે પણ બહુ સારી મિત્રો છે. ૨૦૧૨માં 'કોકટેલ રજૂ થઈ ત્યારે દીપિકા ઓલરેડી સ્ટાર બની ચુકી હતી જ્યારે ડાયનાએ આ ફિલ્મથી પોતાનું ડેબ્યૂ કર્યું હતું. જોકે, આ હિટ ફિલ્મમાં કામ કરવા છતાં ડાયના પેન્ટીને કેરિયરમાં કોઈ ખાસ ફાયદો થયો ન હતો. હવે ફિલ્મમાં સૈફ અલી ખાનની ભૂમિકા કયા હિરોને સોંપાય છે તેના પર સૌની નજર છે. નવી જનરેશનના કોઈ હિરોની આ માટે પસંદગી થઈ શકે છે.

# 68 વર્ષની ઉંમરે આટલું ડેડિકેશન ! ચિરંજીવીનો વીડિયો જોઈને દંગ રહી ગયા લોકો



મુંબઈ : સાઉથ સિનેમાના સુપરસ્ટાર ચિરંજીવીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં તે વર્કઆઉટ કરતા જોવા મળી રહ્યા છે. તે તેની આગામી ફિલ્મમાં પરફેક્ટ દેખાવા માંગે છે, તે માટે તે તૈયારી કરી રહ્યા છે.મેગાસ્ટાર ચિરંજીવીએ પોતાની 46 વર્ષની કારકિર્દીમાં ઘણી શાનદાર ફિલ્મો આપી છે અને દર્શકોનું ભરપૂર મનોરંજન કર્યું છે. હવે તે પોતાની નવી ફિલ્મ 'વિશ્વંભરા'ની તૈયારીમાં વ્યસ્ત છે. આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થશે. આ ફિલ્મની તૈયારી કરી રહેલા ચિરંજીવી હવે જીમમાં પરસેવો પાડતા જોવા મળે છે. વીડિયોમાં ચિરંજીવી વર્કઆઉટ કરતા જોવા મળે છે. તેમની ઉંમર 68 વર્ષની છે, પરંતુ આ ઉંમરે પણ તે જે તૈયારીઓ કરતા જોવા મળે છે તે સોશિયલ મીડિયા યુઝર્સને ચોંકાવી દે છે. તેના આ વીડિયો પર લોકોની અલગ-અલગ પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે.

# ગોવિંદાના ઘરે ગૂંજશે શરણાઈ, દુલ્હનના ભાઈ કૃષ્ણા અભિષેકની ખુશીનો નથી કોઈ પાર!

મુંબઈ : બોલિવૂડના જાણીતા એક્ટર ગોવિંદા હંમેશા કોઈને કોઈ કારણોસર સતત ચર્ચાનો ભાગ બનતા રહ્યા છે. એક્ટર પ્રોફેશનલ લાઈફની સાથે સાથે જિંદગીને લઈને પણ ચર્ચામાં રહ્યા છે. ગોવિંદાની ભાણી આરતી સિંહ લગ્ન કરવાની તૈયારીમાં છે. ટીવી એક્ટ્રેસની સાથે સાથે બિગ બોસનો ભાગ રહી ચૂકેલી આરતી જલ્દી જ લગ્ન કરશે. માહિતિના અનુસાર એક્ટ્રેસ પોતાના બોયફ્રેન્ડ દીપક ચૌહાણની સાથે લગ્ન કરવા જઈ રહી છે.કોમેડિયન અને એક્ટર કૃષ્ણા અભિષેકની બહેને જ તેના લગ્નના સમાચારને કન્ફર્મ કર્યા છે. તેના અનુસાર આ વર્ષે એપ્રિલ કે મે મહિનામાં તે લગ્ન કરશે. તેના પછી હવે પ્રશ્ન એ થાય કે આ લગ્નમાં કોણ કોણ સામેલ થશે. શું આરતીના મામા પણ લગ્નમાં સામેલ થશે. તો હાલમાં આરતી સિંહે જે વાત કહી છે તેના અનુસાર તેણે કહ્યું કે તે જલ્દી જ તેના બોયફ્રેન્ડની સાથે લગ્ન કરવા જઈ રહી છે. આરતી સિંહના લગ્ન મુંબઈમાં જ યોજાશે તેવી ચર્ચાઓ છે. હાલમાં લગ્નના સ્થળને લઈને ડિસ્કશન ચાલી રહ્યું છે. માનવામાં આવી રહ્યું છે કે આ ખાસ લગ્નમાં અનેક મોટી વ્યક્તિઓ સામેલ થઈ શકે છે. લગ્નના તમામ ફંકશન પણ મુંબઈમાં જ યોજાશે. ઉલ્લેખનીય છે કે આરતી નાના પડદા પરની જાણીતી એક્ટ્રેસમાંની એક છે અને તેના ઈન્ડસ્ટ્રીમાં અનેક મિત્રો છે. તેના કારણે હવે એ જોવાનું રહે છે કે આ લગ્નમાં કોણ કોણ સામેલ થઈ શકે છે. મળી રહેલી જાણકારી અનુસાર ભલે મામા ગોવિંદાની સાથે કૃષ્ણા અભિષેકના સંબંધો સુમેળભર્યા ન હોય પણ આરતી સિંહના લગ્નમાં તેમને પણ બોલાવવામાં આવશે. આ સાથે આશા રાખવામાં આવી રહી છે કે તે પોતાની ભાણીને આશીર્વાદ આપવા માટે આવશે.

# બોબી દેઓલે ભાણીના લગ્નમાં માથા પર ગ્લાસ રાખીને કર્યો 'જમાલ કુડુ' સોંગ પર ડાન્સ

મુંબઈ : બોલીવુડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રની ભાણી નિકિતા ચૌધરીએ રાજસ્થાનના ઉદયપુરમાં એક ભવ્ય સમારોહમાં પોતાના બોયફ્રેન્ડ ઋષભ શાહ સાથે લગ્ન કર્યા. આ લગ્નમાં પૂરો દેઓલ પરિવાર સામેલ થયો. સની દેઓલ, બોબી દેઓલ, અભય દેઓલ, કરણ દેઓલ અને રાજવીર દેઓલ સહિત લોકો લગ્નમાં ખૂબ મજા કરતા નજર આવ્યા. આ લગ્નમાં નિકિતાના મામા બોબી દેઓલે પણ પોતાની બ્લોકબસ્ટર ફિલ્મ એનિમલના વાયરલ ગીત જમાલ કુડુ પર સિગ્નેચર સ્ટેપની સાથે ડાન્સ કર્યો.બોબી દેઓલનો જમાલ કુડુ ગીત પર માથા પર ગ્લાસ મૂકીને નાચવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં બોબી દેઓલ સ્ટેજ પર ઊભો થઈને પોતાનો ફેમસ ડાન્સ કરી રહ્યા છે. નવવિવાહિત દંપતી તેની પાછળ ઊભુ રહીને ચિયર કરી રહ્યુ છે. બોબી દેઓલની



સાથે અમુક બીજા મહેમાન પણ આ ગીત પર ડાન્સ કરતા જોઈ શકાય છે. વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે અને ચાહકો બોબી દેઓલના ખૂબ વખાણ પણ કરી રહ્યા છે.અભય દેઓલે ઈન્સ્ટાગ્રામ પર પોતાની ભાણી નિકિતા ચૌધરી અને તેના પતિ ઋષભ શાહ સાથે પોઝ આપતા એક તસવીર શેર કરી. નિકિતા ધર્મેન્દ્રની પુત્રી અજિતા દેઓલ અને કિરણ ચૌધરીની પુત્રી છે. તે એક ડેન્ટિસ્ટ છે. વર્તમાનમાં અમેરિકામાં રહે છે. અભય દેઓલે ઉદયપુરમાં ભવ્ય કાર્યક્રમ માટે મનીષ મલ્હોત્રા દ્વારા ડિઝાઈન કરેલી ગુલાબી શેરવાની પહેરી.પ્રી-વેડિંગ સેલિબ્રેશનમાં સની દેઓલ અને અભય દેઓલ પોઝ આપતા નજર આવ્યા. સની દેઓલને એક ગ્રે કોટ પહેરેલા જોવામાં આવ્યા. જેને તેમણે સફેદ શર્ટ સાથે કેરી કર્યો હતો જ્યારે અભયને સફેદ શર્ટ અને કાળા ચશ્મા પહેરેલા જોવામાં આવ્યા હતા. અભય દેઓલે ઈન્સ્ટાગ્રામ પર લગ્ન પહેલાના જશ્નનો એક વીડિયો શેર કર્યો છે.

# એ.આર.રહેમાને AIનો ઉપયોગ કરી મૃત ગાયકોના અવાજનો ઉપયોગ કરતા વિવાદ થયો

મુંબઈ :એ.આર. રહેમાને તાજેતરમાં જ તેમના એક ગીતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કર્યો છે. આ ગીતનું શીર્ષક 'થિમિરી યેહૂદા' છે, જેનો ઉપયોગ રજનીકાંતની ફિલ્મ 'લાલ સલામ'માં કરવામાં આવ્યો છે. ગીતમાં, રહેમાને દક્ષિણના બે દિવંગત ગાયકો શાહુલ હમીદ અને બમ્બા બાક્યાના અવાજનો ઉપયોગ AI વડે કર્યો છે. આ ગીત રિલીઝ થયા બાદ સોશિયલ મીડિયા પર તેની ચર્ચા શરૂ થઈ ગઈ છે. જ્યારે કેટલાક લોકો આને અદ્યતન ટેક્નોલોજીના લાભ તરીકે જુએ છે, તો કેટલાક કહે છે કે આમ કરવું અનૈતિક છે. હવે રહેમાને આ ગીત પર પોતાનો ખુલાસો કર્યો છે. રહેમાને કહ્યું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા બંને દિગ્ગજ ગાયકોના અવાજનો ઉપયોગ કરતા પહેલાં તેણે તેમના પરિવારના સભ્યોની પરવાનગી લીધી હતી. રહેમાને ટ્વિટમાં લખ્યું, અમે બંને દિવંગત ગાયકોના પરિવારજનો પાસેથી તેમના અવાજના અલ્ગોરિધમનો ઉપયોગ કરવાની પરવાનગી લીધી છે. તેણે તેમનું વેતન પણ મોકલ્યું. જો આપણે ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરીએ તો તે કોઈ ખતરો કે અવરોધ નથી...જણાવી દઈએ કે,બમ્બા બાક્યાએ રહેમાન સાથે કામ કર્યું હતું 2022માં કાર્ડિયાક અરેસ્ટને કારણે તેમનું અવસાન થયું હતું. શાહુલ હમીદનું 1997માં ચેન્નાઈ નજીક કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. રજનીકાંત ફિલ્મ 'લાલ સલામ'માં વિસ્તૃત કેમિયોમાં જોવા મળશે. તેનું નિર્દેશન રજનીકાંતની પુત્રી ઐશ્વર્યા રજનીકાંતે કર્યું છે. આ સ્પોર્ટ્સ એક્શન ડ્રામા ફિલ્મમાં વિષ્ણુ વિશાલ અને વિક્રાંત મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ 9 ફેબ્રુઆરીએ રિલીઝ થવાની છે.

# સની દેઓલની આ ફિલ્મથી પ્રીતિ ઝિંટાનું થશે કમબેક, ફર્સ્ટ લૂક આવ્યો સામે

મુંબઈ :90ના દશકની જાણીતી એક્ટ્રેસ પ્રીતિ ઝિંટા એકવાર ફરીથી બોલિવૂડમાં પોતાની ધાક જમાવવા માટે એન્ટ્રી કરવાની તૈયારીમાં છે. ક્યારેક રોમાંસ અને ક્યારેક સસ્પેન્સ થ્રિલરને લઈને એક્ટ્રેસ આ વખતે કંઈ નવા અંદાજમાં જોવા મળે તેવી શક્યતાઓ છે. હાલમાં સોશિયલ મીડિયા પર એક્ટ્રેસનો એક ફોટો વાયરલ થયો છે. તો શું હવે એક્ટ્રેસ સની દેઓલની અપકમિંગ ફિલ્મ લાહોર 1947થી કમબેક કરવાની તૈયારીમાં છે. સામે આવી રહેલી માહિતિથી માની શકાય કે આ વાત સાચી છે. હાલમાં પ્રીતિ ઝિંટાની લાહોર 1947ના લુક ટેસ્ટનો એક ફોટો સોશિયલ મીડિયા પર જોવા મળ્યો છે.



હાલમાં સોશિયલ મીડિયા પર જે ફોટો વાયરલ થઈ રહ્યો છે તેમાં સિનેમેટોગ્રાફર સંતોષ દિવાન પણ છે. તેઓએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક ફોટો શેયર કર્યો છે. ફોટોમાં રાજકુમાર સંતોષી અને પ્રીતિ ઝિંટા જોવા મળ્યા છે. આ ફોટોમાં પ્રીતિ ઝિંટાએ માથા પર સફેદ દુપટ્ટો ઓઢેલો જોવા મળી રહ્યો છે. ટીમની સાથેનો પ્રીતિ ઝિંટાનો આ ફોટો ફેન્સને પસંદ આવી રહ્યો છે.હાલમાં જે માહિતિ સામે આવી રહી છે તેમાં ફિલ્મ લાહોર 1947ના કો-પ્રોડક્શન આમિર ખાનના પ્રોડક્શનને જોડવામાં આવ્યું છે. તો સાથે જ વર્ષો બાદ એક વાર ફરીથી સની દેઓલ અને પ્રીતિ ઝિંટા એકસાથે સ્ક્રીન શેયર કરતા જોવા મળી શકે છે. લાહોર 1947ની પહેલા એક્ટ્રેસ અને એક્ટર ફિલ્મ હીરો: લવ સ્ટોરી ઓફ એ સ્પાઈ, ફર્ઝ, ભૈયાજી સુપરહિટ જેવી ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યા છે. એક્ટ્રેસની લાહોર 1947માં એન્ટ્રી કન્ફર્મ થયા બાદથી ફેન્સમાં ફિલ્મ માટે એક્સાઈટમેન્ટ વધ્યું છે.

# પિંક સાડીમાં પરમસુંદરી બની કૃતિ સેનન, તસવીરો પર ફેન્સે વરસાવ્યો પ્રેમ

મુંબઈ :એક્ટ્રેસ કૃતિ સેનન તેની અપકમિંગ ફિલ્મ 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'ના પ્રમોશનમાં બિઝી છે અને તેથી તે દરરોજ મીડિયા અને પાપારાઝી માટે કિલર સ્ટાઈલમાં પોઝ આપતી જોવા મળે છે. હાલમાં જ તે ટ્રેડિશનલ લુકમાં જોવા મળી હતી.આ તસવીરોમાં કૃતિ સેનનનો ટ્રેડિશનલ લુક જોવા જેવો છે, જેમાં તે પરમસુંદરી બની છે. આ તસવીરોમાં કૃતિ સેનન પિંક કલરની પ્લેન ચમકદાર બોર્ડરવાળી સાડી અને ડીપ નેક બ્લાઉઝમાં સિઝલિંગ પોઝ આપતી જોવા મળે છે. આ તસવીરો શેર કરતી વખતે કૃતિ સેનને કેપ્શન આપ્યું છે "ગુલાબ" ને ખૂબ ગંભીરતાથી લેવું અને કેટલાક ઈમોજી પણ શેર કર્યા. કૃતિ સેનને સાડી સાથે મેચિંગ નેક પીસ કૈરી કર્યો છે. આ તસવીરોમાં કૃતિ સેનન તેના કર્વી ફિગરને ફ્લોન્ટ કરતી જોવા મળે છે. તેના લાખો ફેન્સ કૃતિ સેનનની આ તસવીરો પર ગુલાબો, ઉફ્ફ, બ્યુટીફુલ, ક્વીન, વાહ અને સ્ટનિંગ જેવી કોમેન્ટ કરતા જોવા મળે છે.





## ED તેમની કંપની ઈન્ડિયા સિમેન્ટ્સના રેકોર્ડની તપાસ કરી રહી છે, FEMAના ઉલ્લંઘનનો મામલો

# BCCIના પૂર્વ પ્રમુખ શ્રીનિવાસનના ઘર પર દરોડા

ચેન્નાઈ તા 02

તપાસ એજન્સી EDએ BCCIના પૂર્વ પ્રમુખ એન શ્રીનિવાસનની કંપની ઈન્ડિયા સિમેન્ટ્સના ઓફિસ પર દરોડા પાડ્યા હતા. કંપનીની દિલ્હી અને ચેન્નઈમાં આવેલી ઓફિસની સર્ચ કરવામાં આવી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ કાર્યવાહી ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA)ના ઉલ્લંઘનમાં કરવામાં આવી રહી છે. FEMAની રચના 1999માં વિદેશી ચલણના પ્રવાહને નિયંત્રિત કરવા માટે કરવામાં આવી હતી. બુધવારથી ચેન્નઈમાં ઈન્ડિયા સિમેન્ટની બે ઓફિસ અને દિલ્હીમાં એક ઓફિસમાં સર્ચ ચાલી રહ્યું છે. કંપનીનું કહેવું છે કે તે એજન્સીની તપાસમાં સહકાર આપી રહી છે. ઈન્ડિયા સિમેન્ટ દેશની સૌથી મોટી સિમેન્ટ કંપનીઓમાંની એક છે. આવકની દ્રષ્ટિએ તે 9મી સૌથી મોટી લિસ્ટેડ સિમેન્ટ કંપની છે. તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં તેના 7 પ્લાન્ટ છે.



### શ્રીનિવાસન CSKમાં 28.14% હિસ્સો ધરાવે છે

શ્રીનિવાસન IPL ટીમ ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)ના માલિક પણ છે. તેમના પરિવાર સાથે તેમની પાસે 28.14% હિસ્સો છે. શ્રીનિવાસન અને તેમની પુત્રી રૂપા ગયા વર્ષે જ CSK ટીમના માલિક તરીકે પરત ફર્યા હતા. તેમણે 2008માં ચેન્નઈ સુપર કિંગ્સ $91 મિલિયનમાં ખરીદી હતી. વર્ષ 2013માં એન શ્રીનિવાસનની ટીમ CSKનું નામ સ્પોટ ફિક્સિંગમાં આવ્યું હતું. આ પછી ટીમ પર બે વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. શ્રીનિવાસન અને તેમનો પરિવાર ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)માં 28.14% હિસ્સો ધરાવે છે. એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA)ના ઉલ્લંઘનમાં કરવામાં આવી રહી છે.

### શ્રીનિવાસન 2005માં જ BCCIમાં જોડાયા હતા

શ્રીનિવાસન 2001 થી 2018 સુધી તમિલનાડુ ક્રિકેટ એસોસિયેશન (TNCA)ના પ્રમુખ હતા. તેઓ 2005થી 2008 સુધી BCCIના ટ્રેઝરર હતા. ત્યારબાદ 2008થી 2011 સુધી તેઓ BCCI સેક્રેટરી હતા. બાદમાં વર્ષ 2011-12 દરમિયાન તેઓ BCCIના પ્રમુખ પણ બન્યા હતા. પરંતુ ફિક્સિંગમાં CSKનું નામ સામે આવતાં તેમણે મે 2023માં આ પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું.બુધવારથી ચેન્નઈમાં ઈન્ડિયા સિમેન્ટની બે ઓફિસ અને દિલ્હીમાં એક ઓફિસમાં સર્ચ ચાલી રહ્યું છે.

### શ્રીનિવાસનનો ક્રિકેટ સાથે જૂનો સંબંધ

કંપનીના માલિક અને મેનેજિંગ ડિરેક્ટર શ્રીનિવાસનની વાત છે, તો તેમનો પણ ક્રિકેટ સાથે લાંબો સંબંધ છે. તેઓ લાંબા સમયથી તમિલનાડુ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ છે. તેઓ 2011 થી 2013 સુધી BCCIના પ્રમુખ પણ હતા. આ પછી તેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદમાં પ્રવેશ કર્યો, જ્યાં તેઓ 2014 થી 2015 સુધી આ પદ પર રહ્યા હતા.

### ધોની કંપનીનો વાઈસ પ્રેસિડેન્ટ

તેને 2012માં ઈન્ડિયા સિમેન્ટ્સમાં કર્મચારી તરીકે સામેલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ધોનીને કંપનીમાં વાઈસ પ્રેસિડેન્ટ (માર્કેટિંગ) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તે સમયના નિમણૂક પત્ર મુજબ, ધોનીને તે સમયે 43,000 રૂપિયાના પગાર ધોરણ અને વિવિધ ભથ્થાઓ સાથે તેને 1.70 લાખ રૂપિયાથી વધુનો માસિક પગાર મળી રહ્યો હતો.

# રિષભ પંતે કહ્યું- એવું લાગ્યું કે મારો ટાઇમ ખતમ થઈ ગયો: અકસ્માત પછી

## ઘૂંટણ 180 ડિગ્રી વળી ગયો, જો નસમાં ઈજા પહોંચી

બેંગલુરુ તા 02

ભારતીય વિકેટકીપર રિષભ પંતે પોતાના કાર અકસ્માતને યાદ કરતા કહ્યું- 'તે દિવસે મને લાગ્યું કે દુનિયામાં મારો સમય પૂરો થઈ ગયો છે.' 26 વર્ષના પંતે પહેલીવાર આ ઘટના પર ખુલીને વાત કરી. પંતે સ્પોર્ટ્સ બ્રોડકાસ્ટર સ્ટાર સ્પોર્ટ્સ સાથેની વાતચીતમાં કહ્યું- 'મારા જીવનમાં પહેલીવાર મને લાગ્યું કે મારો સમય પૂરો થઈ ગયો છે. અકસ્માત સમયે હું જાણતો હતો કે મને ક્યાં ઈજા થઈ હતી. તે વધુ ગંભીર હોઈ શકે છે, પરંતુ હું નસીબદાર હતો. પંતે મજાકમાં કહ્યું કે મેં એસયુવી લીધી હતી, પરંતુ અકસ્માત બાદ તેની હાલત સેડાન જેવી થઈ ગઈ હતી. એક વર્ષ પહેલા, 30 ડિસેમ્બર, 2022ના રોજ, રિષભ પંતની કારને દિલ્હીથી દેહરાદૂન જતી વખતે અકસ્માત થયો હતો. હવે તે સ્વસ્થ થઈ ગયો છે અને આગામી IPL સિઝનથી ક્રિકેટમાં કમબેક કરી શકે છે. પંત સાથેની વાતચીતની ખાસ વાતો- રજત-નિશુના કારણે હું જીવિત છું પંતે કહ્યું- તે રજત અને નિશુ કુમારના કારણે જીવિત છે. અકસ્માત બાદ બંને પંતને કારમાંથી બહાર લઈ ગયા હતા. પંત બહાર આવતાની સાથે જ કાર સંપૂર્ણપણે બળી ગઈ હતી. પંતાએ કહ્યું- હું જીવનભર આ બંને છોકરાઓનો આભારી રહીશ. ઘૂંટણ સંપૂર્ણપણે ખરાબ થઈ ગયું હતું અકસ્માતના સમયને યાદ કરતા પંતે કહ્યું- મારો જમણો ઘૂંટણ સંપૂર્ણ રીતે ડિસલોક થઈ ગયો હતો અને 180 ડિગ્રી વળી ગયો હતો. મેં ઘૂંટણને તેની જગ્યાએ પાછા લાવવા માટે નજીકમાં ઉભેલા લોકોની મદદ માગી. નસીબદાર મેં મારો પગ ગુમાવ્યો નથી પંત કહે છે કે તે દર્દથી કંટાળી રહ્યો હતો અને હવે તે પોતાને નસીબદાર માને છે કે અકસ્માત દરમિયાન તેણે પોતાનો પગ ગુમાવ્યો નથી. જો હાડકા સિવાયની કોઈ નર્વને નુકસાન થયું હોત તો તે મારા પગને શરીરથી અલગ કરી દે તેવી પણ શક્યતા હતી. અકસ્માત પછી ભવિષ્ય વિશે વિચારવાનું શરૂ કર્યું પંતે કહ્યું.

જ્યારથી મેં ક્રિકેટ રમવાનું શરૂ કર્યું ત્યારથી મેં ક્યારેય ભવિષ્ય વિશે નથી વિચાર્યું, પરંતુ આ ઈજા પછી મેં ભવિષ્ય વિશે વિચારવાનું શરૂ કર્યું. મેં ડોક્ટરને પૂછ્યું કે મને ઈજામાંથી સાજા થવામાં કેટલો સમય લાગશે. મેં કહ્યું કે જુદા જુદા લોકો દસ વાતો કહે છે અને માત્ર તમે જ મને સ્પષ્ટતા આપી શકો છો. તો ડોક્ટરે કહ્યું કે 16થી 18 મહિનાનો સમય લાગી શકે છે. મેં પછી ડૉક્ટરને કહ્યું કે તમે જે સમય આપો છો તેમાંથી હું છ મહિના કાઢી લઈશ.



# પૃથ્વી શો રણજી ટ્રોફી માટે ફિટ : મુંબઈની રેડ બોલ ટીમમાં સમાવેશ

નવી દિલ્હી તા 02

ટીમ ઈન્ડિયાનો વિસ્ફોટક ઓપનર પૃથ્વી શો કમબેક માટે તૈયાર છે. મુંબઈ ક્રિકેટ એસોસિયેશન (MCA)એ તેનો રણજી ટ્રોફી ટીમમાં સમાવેશ કર્યો છે. ઈજામાંથી સાજા થયા બાદ 24 વર્ષીય બેટર સંપૂર્ણ રીતે ફિટ છે અને 2 ફેબ્રુઆરીએ ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં બંગાળ સામેની મેચ પણ રમશે. NCA તરફથી મંજૂરી મળી પૃથ્વી શો ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ઈજાગ્રસ્ત થયો હતો. ઈંગ્લેન્ડમાં વન ડે કપ રમતી વખતે તેને ઘૂંટણમાં ઈજા થઈ હતી. ત્યારથી તે બેંગલુરુમાં નેશનલ ક્રિકેટ એકેડમી (NCA) માં સારવાર લઈ રહ્યો હતો. 5 મહિનાની રિકવરી બાદ NCAએ હવે તેને સંપૂર્ણપણે ફિટ જાહેર કર્યો છે. પૃથ્વી શોએ 2018માં ભારત માટે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. તેણે તેની છેલ્લી ટેસ્ટ 2021માં રમી હતી. પ્રથમ 4 મેચ રમી શક્યો નહતો પૃથ્વી શો 2023માં વિજય હજારે ટ્રોફી અને સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં મુંબઈ તરફથી રમી શક્યો ન હતો. તે રણજી ટ્રોફીમાં ટીમની પ્રથમ 4 મેચમાં પણ ભાગ લઈ શક્યો ન હતો. ટીમે બિહાર, આંધ્રપ્રદેશ અને કેરળને હરાવ્યું હતું, પરંતુ ઘરઆંગણે ઉત્તર પ્રદેશ સામે 2 વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. પૃથ્વી શોએ 2018માં જ ભારત માટે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. ત્યારપછી તેણે 2020માં ODI અને 2021માં T20 ડેબ્યૂ કર્યું હતું. જોકે, 2021થી તે ટીમ ઈન્ડિયાના પ્લેઈંગ-11માં જગ્યા બનાવી શક્યો ન હતો. પૃથ્વીએ ફર્સ્ટ ક્લાસમાં ત્રેવડી સદી ફટકારી પૃથ્વીએ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની 44 મેચમાં 3802 રન બનાવ્યા છે. જેમાં 16 ફિફ્ટી અને 12 સેન્ચુરીનો પણ સમાવેશ થાય છે. તેણે ગયા વર્ષે જાન્યુઆરીમાં આસામ સામે 379 રનની ઈનિંગ રમી હતી. આ સિવાય પૃથ્વીના નામે લિસ્ટ-Aમાં 10 સદી અને T-20માં એક સદી છે. પૃથ્વી શોએ 2018માં ભારત માટે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. તેણે તેની છેલ્લી ટેસ્ટ 2021માં રમી હતી. મુંબઈ હાલમાં એલિટ ગ્રુપ-બીમાં ટોચ પર છે, ટીમ છેલ્લી 3 મેચ જીતીને નોકઆઉટ સ્ટેજ માટે ક્વોલિફાય કરવા માગશે. શોએ ભારત માટે 5 ટેસ્ટમાં 339 રન બનાવ્યા છે. તેના નામે 6 વન-ડેમાં 189 રન છે. તે એકમાત્ર T20માં ખાતું પણ ખોલી શક્યો નહોતો.



### રહાણે મુંબઈની ટીમનું નેતૃત્વ કરી રહ્યો છે

અજિંક્ય રહાણે મુંબઈની 17 સભ્યોની ટીમનો કેપ્ટન છે. ટીમમાં શિવમ દુબે, પૃથ્વી અને ધવલ કુલકર્ણી જેવા આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ પણ સામેલ છે. વિશાખાપટ્ટનમમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ બીજી ટેસ્ટ રમતા જોવા મળશે. ટીમનો કેપ્ટન રોહિત શર્મા પણ મુંબઈ તરફથી ડોમેસ્ટિક ક્રિકેટ રમે છે. અજિંક્ય રહાણે (કેપ્ટન), શિવમ દુબે, પૃથ્વી શો, જય બિસ્તા, ભૂપેન લાલવાણી, અમોઘ ભટકલ, સુવેદ પારકર, પ્રસાદ પવાર (વિકેટકીપર), હાર્દિક તામોર (વિકેટકીપર), સૂર્યાંશ શેડગે, તનુષ કોટિયન, અથર્વ અંકોલેકર, આદિત્ય, મોહિતી , ધવલ કુલકર્ણી, રોયસ્ટન ડાયસ અને સિલ્વેસ્ટર ડિસોઝા.

# ટીમ ઈન્ડિયા ઈજાથી પરેશાન, હવે 100 ટેસ્ટ રમનાર બોલર કરશે વાપસી!



નવી દિલ્હી તા 02

ભારતીય ટીમનો સિનિયર ખેલાડી ઈશાંત શર્મા દિલ્હીની રણજી ટીમમાં પરત ફરવા માટે તૈયાર છે. તે ટીમની આગામી મેચમાં ભાગ લેશે, આ પુનરાગમન ત્યારે થઈ રહ્યું છે જ્યારે ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણીમાં ઈજાગ્રસ્ત ખેલાડીઓની સમસ્યાનો સામનો કરી રહી છે.એક તરફ ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટ મેચ માટે તૈયાર છે તો બીજી તરફ ઈજાના કારણે ટીમમાં ખળભળાટ મચી ગયો છે. મોહમ્મદ શમી, રવિન્દ્ર જાડેજા, કેએલ રાહુલ સહિત અન્ય ઘણા ખેલાડીઓ ઈજાના કારણે એનસીએ પહોંચ્યા છે. એવા સમયે જ્યારે ભારતીય ટીમ મુશ્કેલીમાં છે ત્યારે એક સિનિયર ખેલાડી મેદાનમાં પરત ફરી રહ્યો છે.પાલમના એરફોર્સ ગ્રાઉન્ડની પિચ સપાટ છે પરંતુ દિલ્હીના શિયાળા અને વરસાદને કારણે ભેજ ફાસ્ટ બોલરોને મદદ કરશે. જો સૂર્ય બહાર ન હોય તો પીચની ભેજ નવદીપ સૈની અને હિમાંશુ ચૌહાણની સાથે ઈશાંતને મદદ કરશે. ઈશાંત શર્મા ભલે રણજી ટ્રોફીમાં મેદાનમાં વાપસી કરી રહ્યો હોય, પરંતુ તે લાંબા સમયથી ભારતીય ટીમની બહાર છે. કોટલામાં મેચ કેમ નથી યોજાઈ રહી? ઈશાંતની હાજરી યુવા કેપ્ટન હિંમત સિંહને નિર્ણય લેવામાં મદદ કરી શકે છે. તે પુડુચેરી સામે તેના શ્રેષ્ઠ ફોર્મમાં નહોતો પરંતુ તે પ્રથમ મેચમાં મળેલી હારની ભરપાઈ કરવા માંગશે. આ મેચ ફિરોઝશાહ કોટલામાં રમાવાની હતી પરંતુ તેને વિમેન્સ પ્રીમિયર લીગ માટે તૈયાર કરવામાં આવી રહી છે.

રણજી ટ્રોફીમાં દિલ્હીની હાલત ખરાબ

### ઈશાંત શર્મા રણજી ટ્રોફીમાં રમવા માટે તૈયાર

સિનિયર ઝડપી બોલર ઈશાંત શર્મા પાલમ ગ્રાઉન્ડ પર શુક્રવારથી શરૂ થઈ રહેલી પાંચમી રણજી ટ્રોફી ગ્રુપ ડી મેચમાં બરોડા તરફથી દિલ્હીની પ્લેઈંગ ઈલેવનમાં રમશે. 100થી વધુ ટેસ્ટ મેચ રમી ચુકેલા અનુભવી ઝડપી બોલર ઈશાંત દિલ્હીની હોમ મેચમાં રમવા માટે તૈયાર છે અને તે પ્રિન્સ યાદવનું સ્થાન લેશે. મોહાલીમાં ઉત્તરાખંડ સામેની પુનરાગમન જીતથી દિલ્હી હિંમત સિંહની આગેવાની હેઠળની ટીમ પાસે ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશવાની તક છે.

# રજત પાટીદાર: વિરાટ ભાઈની બેટિંગ પસંદ : રોહિત સાથે વાત કર્યા પછી કોન્ફિડન્સ વધ્યો

નવી દિલ્હી તા 02

વિરાટ કોહલીના સ્થાને ટીમ ઈન્ડિયાની ટેસ્ટ ટીમમાં સામેલ થયેલા રજત પાટીદારનું કહેવું છે કે તેને વિરાટની બેટિંગ જોવી ગમે છે. હું હંમેશા તેના ફૂટવર્કમાંથી શીખવાનો પ્રયત્ન કરું છું. નેટ પ્રેક્ટિસમાં રોહિત શર્મા સાથે વાત કર્યા પછી મને ઘણો આત્મવિશ્વાસ મળ્યો. રજતે BCCIને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું, 'હું નાનપણથી જ ભારત માટે ટેસ્ટ રમવા માગતો હતો. ડેબ્યૂ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છું. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ શ્રેણીની બીજી મેચ 2 ફેબ્રુઆરીથી વિશાખાપટ્ટનમમાં રમાશે. જાણો રજત વિશે મહત્વની બાબતો...

દ્રવિડ-રોહિત સાથે વાત કર્યા બાદ આત્મવિશ્વાસ વધ્યો રજતે કહ્યું, 'હું ડોમેસ્ટિક ક્રિકેટ અને ઈન્ડિયા-એમાં ઘણા ખેલાડીઓ સાથે રમ્યો છું. છેલ્લી શ્રેણીમાં પણ ટીમનો ભાગ હતો, ત્યારથી હું રાહુલ સર (દ્રવિડ) સાથે વાત કરી રહ્યો છું. હું રોહિત ભાઈ (શર્મા) સાથે એટલી વાત કરી શક્યો ન હતો, પરંતુ આ વખતે મેં નેટ્સ પર બેટિંગ કરતી વખતે તેમની સાથે વાત કરી. જ્યારે તેમણે પોતાનો અનુભવ શેર કર્યો, ત્યારે મારો થોડો આત્મવિશ્વાસ વધ્યો છે. મારું સપનું ટેસ્ટ રમવાનું છે રજતે કહ્યું, '2022માં IPL પછી ઈજા થઈ હતી. ઈજાનો સમય ખેલાડી માટે ઘણો મુશ્કેલ હોય છે. હું તેમાંથી કમબેક કરવાનો પ્રયાસ કરતો હતો. ઈજા બાદ પુનરાગમન કરવું મુશ્કેલ હતું, પરંતુ ટીમ ઈન્ડિયા સાથે જોડાઈને હું ઘણો ખુશ હતો. મારું સપનું ટીમ ઈન્ડિયા માટે ટેસ્ટ રમવાનું છે. હું



ઈન્ડિયા A માટે મેચ રમી રહ્યો હતો ત્યારે મને ખબર પડી કે મારી ટેસ્ટ ટીમમાં પસંદગી થઈ ગઈ છે. મને ખૂબ આનંદ થયો કે મેં જે વિચાર્યું હતું તે સાકાર થયું.

ટીમ ઈન્ડિયાએ બુધવારે વિશાખાપટ્ટનમમાં સ્ટેડિયમમાં પ્રેક્ટિસ કરી હતી. ટીમ ઈન્ડિયાએ બુધવારે વિશાખાપટ્ટનમમાં સ્ટેડિયમમાં પ્રેક્ટિસ કરી હતી. આક્રમક બેટિંગ પસંદ કરે છે રજતે કહ્યું, 'મને આક્રમક બેટિંગ ગમે છે, હું ડોમેસ્ટિક ક્રિકેટમાં પણ આવી બેટિંગ કરું છું. મેં શરૂઆતથી જ આ રીતે તૈયારી કરી હતી અને હવે તે મારા માટે કામ કરી રહી છે. હું વિરોધી ટીમના બોલરોની તાકાત જોઉં છું, તેઓ મોટાભાગે કેટલી લંબાઈ પર બોલિંગ કરે છે. હું બોલરોના ફિલ્ડ પ્લેસમેન્ટનો અભ્યાસ કરું છું. જ્યારે મેં રોહિત ભાઈને બોલરો પર હુમલો કરતા જોયો ત્યારે મેં તેને મારી રમતમાં સામેલ કરવાનો પ્રયાસ કર્યો. હું તમામ બાબતોનું પૃથ્થકરણ કરવાનો અને તેને મારી રમતમાં અનુકૂલન કરવાનો પ્રયાસ કરી રહ્યો છું.'

# ભારતમાં ફૂટબોલની સૌથી મોટી ટ્રાયલ, અસાધારણ પ્રતિભા માટે શ્રેષ્ઠ તકો



ઈન્ડિયા ખેલો ફૂટબૉલ મહત્ત્વાકાંક્ષી ફૂટબોલરોને ટોચની ક્લબ રોજ અમદાવાદના EKA એરેના ખાતે બ્લોકબસ્ટર ગ્રાન્ડ ફિનાલે માટે તૈયાર છે. કુલ 150 બાળકો, જેની ઉંમર 13 અને 17 વચ્ચે છે. ટોચની ક્લબો અને એકેડમીઓને પ્રભાવિત કરવાનું લક્ષ્ય રાખશે જેમાં આ દેશમાં અત્યાર સુધીની સૌથી મોટી ફૂટબોલ ટ્રાયલ હશે. વર્ષ 2020 માં રચાયેલ, ઈન્ડિયા ફૂટબોલ ખેલો એ એક બિન-લાભકારી પહેલ છે, જે ફૂટબોલ અને વ્યાવસાયિક ફૂટબોલ વચ્ચેના અંતરને દૂર કરવા માટે પાયાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મહત્વાકાંક્ષી ફૂટબોલરો માટે તકો ઊભી કરવાના ઉદ્દેશ્ય સાથે, ઈન્ડિયા ફૂટબોલ ખેલો સીઝન 3, છુપાયેલા રત્નોને શોધવા માટે ભારત અને UAEના બહુવિધ શહેરો અને ગામડાઓમાં ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી. આ ટ્રાયલ્સનો એકમાત્ર હેતુ ઉભરતા ફૂટબોલરોને ટોચની ભારતીય ક્લબો (ISL અને I-Legue) તેમજ યુનાઈટેડ સ્ટેટ્સની આંતરરાષ્ટ્રીય એકેડેમી અને યુનિવર્સિટીઓમાં ખવડાવવાનો છે.

# ક્રિકેટર સાથે તલાક બાદ સાનિયા મિર્ઝાએ આપી લગ્નને લઈ સલાહ

સાનિયા મિર્ઝા અને શોએબ મલિક વચ્ચેના સંબંધો ખતમ થઈ ગયા છે. બંનેએ પોતાનો 14 વર્ષ જૂનો સંબંધ તોડી નાખ્યો છે, આ દરમિયાન સાનિયા મિર્ઝાનો એક વીડિયો વાયરલ થયો છે જેમાં તે લગ્નને લઈ સલાહ આપી રહી છે. ભારતીય ટેનિસ સેન્સેશન સાનિયા મિર્ઝાએ તાજેતરમાં જ પતિ શોએબ મલિક સાથે તલાક લીધા છે. પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિકે 41 વર્ષની ઉંમરમાં ત્રીજી વખત લગ્ન કર્યા અને સાનિયા મિર્ઝા સાથેના સંબંધોનો અંત લાવ્યો. ત્યારપછી આ બંનેને લગતી ઘણી તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, હવે તાજેતરનો એક વીડિયો સામે આવ્યો છે એક વીડિયો સામે આવ્યો છે જેમાં સાનિયા મિર્ઝા સાથેના લગ્નને લઈને સવાલ ઉઠાવવામાં આવ્યો છે. સાનિયાને પૂછવામાં આવ્યું કે જો તે નવા કપલ્સને કોઈ સલાહ આપવા માંગતી હોય તો તે શું કહેશે. આના પર સાનિયા મિર્ઝાએ જવાબ આપ્યો કે લગ્ન પછી તમારે તમારી જાતને બિલકુલ બદલવી ન જોઈએ.

# પાકિસ્તાની ખેલાડીએ લાઈવ મેચમાં કરી ગંદી હરકત

ક્રિકેટના મેદાનમાં ઘણીવાર ખેલાડીઓ એકબીજા સાથે લડતા હોય છે. ક્યારેક આ લડાઈ એટલી મોટી થઈ જાય છે કે ચાહકો પણ તેને જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. આવું જ કંઈક પાકિસ્તાનમાં ચાલી રહેલી સિંધ પ્રીમિયર લીગ દરમિયાન થયું હતું, જેમાં પાકિસ્તાનના ઓલરાઉન્ડર ઈફ્તિખાર અહેમદ પૂર્વ પાકિસ્તાની ક્રિકેટર અસદ શફીક સાથે ટકરાયા હતા. ઈફ્તિખાર અહેમદે સિંધ પ્રીમિયર લીગમાં પોતાના સિનિયર ખેલાડી સાથે એવું કામ કર્યું કે હવે તેણે માફી માંગવી પડશે. કરાચી અને લાહોર વચ્ચેની મેચમાં ઈફ્તિખાર અહેમદ અસદ શફીક સાથે વિરોધી ટીમ સામે ટકરાયા અને પછી જે થયું તેણે ઈફ્તિખારને લોકોના નિશાને બનાવ્યો. ક્રિકેટના મેદાનમાં ઘણીવાર ખેલાડીઓ એકબીજા સાથે




લડતા હોય છે. ક્યારેક આ લડાઈ એટલી મોટી થઈ જાય છે કે ચાહકો પણ તેને જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. આવું જ કંઈક પાકિસ્તાનમાં ચાલી રહેલી સિંધ પ્રીમિયર લીગ પાકિસ્તાનના ઓલરાઉન્ડર ઈફ્તિખાર અહેમદ પૂર્વ પાકિસ્તાની ક્રિકેટર અસદ શફીક સાથે ટકરાયા હતા. શફીક ખૂબ જ વરિષ્ઠ ખેલાડી છે અને તેમ છતાં ઈફ્તિખારે લાઈવ મેચમાં તેની સાથે ખરાબ વર્તન કર્યું હતું. ઈફ્તિખાર અહેમદે અસદ શફીક સાથે ખરાબ વર્તન કેમ કર્યું તે એક મોટો પ્રશ્ન છે.

# 10 બેડરૂમ, 15 બાથરૂમ... દિગ્ગજ ખેલાડીએ પોતાનું ઘર વેચીને 100 કરોડ રૂપિયા કમાયા!

નવી દિલ્હી તા 02

8 ગ્રાન્ડ સ્લેમ વિજેતા લિજેન્ડ ટેનિસ પ્લેયર ઈવાન લેન્ડલે મહેલ જેવું તેનું આલીશાન ઘર 100 કરોડ રૂપિયામાં વેચ્યું હતું. ઈવાન લેન્ડલ છેલ્લા બે વર્ષથી આ પ્રોપર્ટી વેચવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ હવે તેને સફળતા મળી છે. આ પ્રોપર્ટી તેની આસપાસના વિસ્તારની સૌથી મોંઘી પ્રોપર્ટી છે. ચેક રિપબ્લિકના ટેનિસ દિગ્ગજ ઈવાન લેન્ડલ આ દિવસોમાં હેડલાઈન્સમાં છે.



તાજેતરમાં તેમણે પોતાનું મોટું ઘર વેચ્યું છે, જેમાં તેનું પોતાનું ટેનિસ કોર્ટ, સ્વિમિંગ પૂલ અને વિશ્વભરની ઘણી વિશેષ સુવિધાઓ છે. આ ઘરની કિંમત લગભગ 12 મિલિયન ડોલર છે. ઈવાન લેન્ડલનું આ ઘર અમેરિકાના લિચફિલ્ડ કાઉન્ટીમાં હતું, જેને તે છેલ્લા બે વર્ષથી વેચવા માંગતો હતો. મળતી માહિતી મુજબ આ ઘર લગભગ 450 એકરમાં ફેલાયેલું છે. આ વિસ્તારનું સૌથી મોટું ઘર સાબિત થયું છે, આ ઘર લેન્ડલ અને તેની પત્નીએ વર્ષ 1992માં બનાવ્યું હતું અને આર્કિટેક્ટ એલન ગ્રીનબર્ગ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું હતું. ઈવાન લેન્ડલનું આ ઘર અમેરિકાના લિચફિલ્ડ કાઉન્ટીમાં હતું, જેને તે છેલ્લા બે વર્ષથી વેચવા માંગતો હતો. મળતી માહિતી મુજબ આ ઘર લગભગ 450 એકરમાં ફેલાયેલું છે. આ વિસ્તારનું સૌથી મોટું ઘર સાબિત થયું છે, આ ઘર લેન્ડલ અને તેની પત્નીએ વર્ષ 1992માં બનાવ્યું હતું અને આર્કિટેક્ટ એલન ગ્રીનબર્ગ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું હતું.

# કેન્યાની રાજધાની નૈરોબીમાં ગેસ પ્લાન્ટમાં વિસ્ફોટ: 2નાં મોત, હજુ આંકડો વધવાની શક્યતા



નૈરોબી કેન્યાની રાજધાની નૈરોબીમાં ગુરુવારે મોડી રાત્રે એક ગેસ પ્લાન્ટમાં વિસ્ફોટ થયો હતો. બે લોકોનાં મોત અને 300થી વધુ લોકો ઘાયલ થયા છે. મૃત્યુઆંક વધવાની આશંકા છે. સ્થાનિક મીડિયા અનુસાર પ્લાન્ટમાં સિલિન્ડરમાં ગેસ ભરવામાં આવી રહ્યો હતો ત્યારે વિસ્ફોટ થયો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આમાં વિસ્ફોટ બાદ આગ અને કાળો ધુમાડો દેખાય છે. પ્લાન્ટ રહેણાંક વિસ્તારમાં આવેલો હતો, તેથી મૃત્યુઆંક વધવાની આશંકા છે. વીડિયોમાં પ્લાન્ટની નજીક રહેણાંક મકાનો દેખાઈ રહ્યા છે. બ્લાસ્ટનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. પ્લાન્ટમાં કેટલા લોકો હાજર છે તેની કોઈ માહિતી નથી એક ફાયરમેને જણાવ્યું કે ગેસ પ્લાન્ટમાં ઘણાં લોકો ફસાયા હોવાની આશંકા છે. જોકે, અહીં કેટલા લોકો હાજર હતા તેની માહિતી મળી શકી નથી.

## ન્યૂઝ ટ્રેક

### ચીનનું બજેટ 3.4 ટ્રિલિયન ડોલર, જાણો રક્ષા ક્ષેત્રે અમેરિકા કે ડ્રેગન કોણ કરે છે વધુ ખર્ચ

આવનાર લોકસભાની ચૂંટણી પહેલા આજે નાણા મંત્રીએ વચગાળાનું બજેટ રજૂ કર્યું છે. નિર્મલા સીતારમણ છઠ્ઠી વખત બજેટ રજૂ કરી રહ્યા છે. લગભગ એક જ કલાકના ભાષણમાં તેમણે આ વખતે લોકોને આકર્ષિત કરે તેવી લોભામણી જાહેરાતો કરવાથી કિનારો કરી લીધો હોય તેવું દેખાયું છે. એવામાં જો અર્થવ્યવસ્થાની વાત કરવામાં આવે તો આગામી ત્રણ વર્ષમાં ભારતની અર્થવ્યવસ્થા 5 ટ્રિલિયન ડોલરની થઈ જશે અને તેની સાથે જ ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. હાલમાં ચીન વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે, જ્યારે અમેરિકા આ મામલે ટોચ પર છે. વર્ષ ટ્રિલિયન ડોલર હતું. તેમજ ચીન સંરક્ષણ પાછળ બજેટનો સૌથી વધુ હિસ્સો ફાળવે છે.

### ફેસબુક કે ઇન્સ્ટાગ્રામ નહીં, આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ છે અમેરિકનોની પહેલી પસંદ

આજકાલની આધુનિક દુનિયામાં જો સોશિયલ મીડિયા બંધ થઈ જશે તો કદાચ સામાન્ય લોકોના જીવનમાં પણ બ્રેક લાગી શકે છે. સોશિયલ મીડિયા લોકો માટે ખૂબ જરૂરી થઈ ગયુ છે. ભારત સહિત સંપૂર્ણ દુનિયાના લોકો સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. ભારતમાં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વ્હોટ્સએપ, ટ્વીટર, સ્નેપચેટ જેવી ઘણી સોશિયલ મીડિયા એપ્સ અને પ્લેટફોર્મનો ઉપયોગ સૌથી વધુ કરવામાં આવે છે. આ તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અમેરિકામાં બનાવવામાં આવ્યા છે. તો શું કયા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો કરે છે. એક સર્વે અનુસાર યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં રહેતા મોટાભાગના લોકો સૌથી વધુ યુટ્યૂબનો ઉપયોગ કરે છે.

### 300 કારો-સંખ્યાબંધ પ્રાઈવેટ જેટ, જાણો કોણ છે મલેશિયાના નવા સુલતાન ઈબ્રાહિમ ઈસ્કંદર

મલેશિયાના 17મા સુલતાન તરીકે ઈબ્રાહિમ ઈસ્કંદરની વરણી થઈ છે. બુધવારે તેમણે શપથ લીધા હતા.તેઓ પાંચ વર્ષ સુધી દેશના સુલતાન પદે રહેશે. બ્રિટન પાસેથી આઝાદી મળ્યા બાદ વર્ષ 1957થી દર પાંચ વર્ષ માટે મલેશિયામાં સુલતાનની વરણી થતી આવી છે. ઈબ્રાહિમ ઈસ્કંદર શાહી પરિવાર સાથે સબંધ ધરાવે છે. તેઓ પોતાના પ્રાઈવેટ જેટમાં શપથ ગ્રહણ સમારોહ માટે આવ્યા હતા. તેમના મોટા પુત્ર અને મલેશિયાના ક્રાઉન પ્રિન્સ ટૂંકુ ઈસ્માઈલ ભારતીય સેનામાં થોડા સમય માટે કેપ્ટન પણ રહી ચુકયા છે. ઈબ્રાહિમ ઈસ્કંદર પાસે 5.7 અબજ ડોલરની સંપત્તિ છે. તેમના કાફલામાં 300 લકઝરી છે. કેટલાક અહેવાલો પ્રમાણે તેમની પાસે પોતાની પ્રાઈવેટ આર્મી તથા બોઈંગ 737 જેવા સંખ્યાબંધ પ્રાઈવેટ જેટ છે.મલેશિયા ઉપરાંત સિંગાપુરમાં પણ ઈબ્રાહિમ ઈસ્કંદર જમીનો ધરાવે છે.

## મૃત્યુનું કારણ અકબંધ; એક જ મહિનામાં ભારતીય વિદ્યાર્થીનાં મોતનો ચોથો મામલો

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ સુરક્ષિત નથી: વધુ એક વિદ્યાર્થીનું મોત

ઓહાયો તા 02

અમેરિકાના ઓહાયોમાં ભારતીય વિદ્યાર્થી શ્રેયસ રેડ્ડીનું મોત થયું છે. જોકે, મૃત્યુ ક્યાં અને કેવી રીતે થયું તે અંગેની માહિતી બહાર આવી નથી. ન્યૂયોર્કમાં સ્થિત ભારતીય કોન્સુલેટે શ્રેયસના મોત અંગે જાણકારી આપતા કહ્યું- શ્રેયસ રેડ્ડી બેનિગર બિઝનેસનો અભ્યાસ કરી રહ્યો હતો. તેના મૃત્યુનાં સમાચાર સાંભળીને તેઓ દુ:ખી છે. આ મામલે પોલીસ તપાસ કરી રહી છે. શ્રેયસના માતા-પિતા સાથે પણ સંપર્ક કરવામાં આવ્યો છે. છેલ્લાં એક મહિનામાં ભારતીય વિદ્યાર્થીઓનાં મોતનો આ ચોથો કિસ્સો છે. આ પહેલાં નીલ આચાર્ય, વિવેક સૈની અને અકુલ ધવનનાં પણ મૃત્યુ થયા હતા. ઠંડીના કારણે અકુલ ધવને જીવ ગુમાવ્યો હતો અકુલ ધવનનો મૃતદેહ 20 જાન્યુઆરી, 2024ના રોજ યુનિવર્સિટી ઓફ ઈલિનોઈસ અર્બના-ચેમ્પેનની બહાર મળી આવ્યો હતો. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ અનુસાર તેનું મોત ઠંડીના કારણે થયું હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અકુલના મૃત્યુનું કારણ હાઈપોથર્મિયા હતું. આ એવી સ્થિતિ છે જેમાં શરીરનું તાપમાન સામાન્ય કરતા ઓછું થઈ જાય છે. અકુલ ધવન ગુમ થયાના સમાચાર હતા. આ પછી ધવનના માતા-પિતાએ યુનિવર્સિટી પર બેદરકારીનો આરોપ લગાવ્યો હતો.



### નીલ આચાર્યનો મૃતદેહ યુનિવર્સિટી કેમ્પસમાંથી મળી આવ્યો હતો

28 જાન્યુઆરીએ ઈન્ડિયાના રાજ્યમાં ભારતીય વિદ્યાર્થી નીલ આચાર્યની હત્યા થઈ હતી. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમને 28 જાન્યુઆરીના રોજ સવારે 11:30 વાગ્યે પરડ્યુ યુનિવર્સિટી કેમ્પસમાં એક મૃતદેહ હોવાનો અહેવાલ મળ્યો હતો. આ પછી પોલીસે નીલના મૃત્યુની પુષ્ટિ કરી. તે 12 કલાકથી ગુમ હતો. તેની માતા ગૌરી આચાર્યએ સોશિયલ મીડિયા પર આ માહિતી આપી હતી. તેમના મૃત્યુનું કારણ પણ બહાર આવ્યું નથી.

### ઠંડીના કારણે અકુલ ધવને જીવ ગુમાવ્યો હતો

અકુલ ધવનનો મૃતદેહ 20 જાન્યુઆરી, 2024ના રોજ યુનિવર્સિટી ઓફ ઈલિનોઈસ અર્બના-ચેમ્પેનની બહાર મળી આવ્યો હતો. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ અનુસાર તેનું મોત ઠંડીના કારણે થયું હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અકુલના મૃત્યુનું કારણ હાઈપોથર્મિયા હતું. આ એવી સ્થિતિ છે જેમાં શરીરનું તાપમાન સામાન્ય કરતા ઓછું થઈ જાય છે. અકુલ ધવન ગુમ થયાના સમાચાર હતા. આ પછી ધવનના માતા-પિતાએ યુનિવર્સિટી પર બેદરકારીનો આરોપ લગાવ્યો હતો.

**મૃત્યુનું કારણ સ્પષ્ટ નથી :** નીલનું મૃત્યુ કેવી રીતે થયું એ અંગે હજુ સુધી માહિતી મળી નથી. યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ વિભાગે તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને નીલના મૃત્યુ અંગે ઈમેલ દ્વારા જાણ કરી હતી. યુનિવર્સિટીના વિદ્યાર્થી અખબાર, પર્ડ્યુ એક્સપોનન્ટ અનુસાર, કૉલેજ વહીવટીતંત્રે એક ઈમેલમાં જણાવ્યું હતું કે નીલ તરીકે ઓળખાતા વિદ્યાર્થીની લાશ કેમ્પસમાંથી મળી થયા બાદ તેની માતાએ આ ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. તેણે નીલને શોધવામાં મદદ માગી હતી.

**જેણે આશરો આપ્યો તેને જ હથોડીના 50 ઘા માર્યા :** અમેરિકન રાજ્ય જ્યોર્જિયામાં ભારતીય વિદ્યાર્થી વિવેક સૈનીની હત્યા કરવામાં આવી હતી. આ મામલાની માહિતી રવિવારે સામે આવી. ફોક્સ ન્યૂઝ અનુસાર, 25 વર્ષીય વિદ્યાર્થી વિવેકના માથા પર એક વ્યક્તિએ હથોડીના 50 ઘા માર્યા હતા. વિવેક ફૂડ માર્ટમાં કામ કરતો હતો. વિવેક એક ફૂડ માર્ટમાં કામ કરતો હતો. સ્ટોરની બહાર એક માણસ આવતો હતો, જેની પાસે રહેવા માટે કોઈ ઘર પણ નહોતુ. વિવેક અને સ્ટોરના અન્ય કર્મચારીઓએ આ ઘરવિહોણી વ્યક્તિને રહેવા માટે જગ્યા આપી હતી. તે અહીં જ રહેતી હતી, પરંતુ 16 જાન્યુઆરીએ જ્યારે વિવેકે તેને જગ્યા ખાલી કરવા કહ્યું ત્યારે તેણે ગુસ્સામાં આવીને વિવેકની હત્યા કરી નાખી.



# અમેરિકાએ MQ-9B ડ્રોન ભારતને આપ્યા: USએ કહ્યું- ડ્રોન ડીલ ભારતને મજબૂત દરિયાઈ સુરક્ષા પ્રદાન કરશે

વોશિંગટન તા 02

અમેરિકાનું કહેવું છે કે ભારત સાથે તેના સંબંધો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. અમેરિકાનું આ નિવેદન ભારત સાથે 33 હજાર કરોડ રૂપિયાની MQ-9B ડ્રોન ડીલ બાદ આવ્યું છે. હકીકતમાં 1 ફેબ્રુઆરીએ બાઈડન એડમિનિસ્ટ્રેશને ભારતને 31 MQ-9B ડ્રોન આપવાનો નિર્ણય કર્યો હતો. આ પછી યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું - ભારત સાથેની અમારી ભાગીદારી સૌથી મહત્ત્વપૂર્ણ સંબંધોમાંથી એક છે. અમે અમારી મહત્ત્વપૂર્ણ પ્રાથમિકતાઓ પર ભારત સાથે નજીકથી કામ કરીએ છીએ. ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવામાં ભારત મહત્ત્વની ભૂમિકા



ભજવે છે. તેમણે કહ્યું- ભારતીય રાજદૂત તરણજીત સંધુ સાથે પણ અમારા સારા સંબંધો છે. અમારા સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકન અને ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકર મહત્વપૂર્ણ મુદ્દાઓને ઉકેલવા માટે સાથે મળીને કામ કરે છે. આ ડીલ અમેરિકા માટે મહત્ત્વની છે સોદાના પ્રમાણપત્ર માટે સંસદમાં સૂચના મોકલવામાં આવી હતી. સંસદમાં મોકલવામાં આવેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે ભારત સાથેની આ ડીલ અમેરિકાની વિદેશ નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષાના દૃષ્ટિકોણથી પણ મહત્ત્વપૂર્ણ છે. આનું કારણ એ છે કે ભારત અને અમેરિકા વચ્ચે વ્યૂહાત્મક સંબંધો છે અને અમારા માટે મહત્ત્વપૂર્ણ છે કે અમારા મહત્ત્વપૂર્ણ સંરક્ષણ ભાગીદારો સાથે ગાઢ સંબંધો જાળવવા. અમેરિકી સંસદને કહેવામાં આવ્યું કે હિંદ મહાસાગર અને દક્ષિણ એશિયામાં રાજકીય સ્થિરતા, શાંતિ અને આર્થિક પ્રગતિના દૃષ્ટિકોણથી પણ આ ડીલ અમેરિકા માટે જરૂરી છે.

# યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સેનાપ્રમુખ વાલેરીને ટૂંક સમયમાં બરતરફ કરશે

કીવ તા 02

રશિયા-યુક્રેન યુદ્ધને 24 ફેબ્રુઆરીએ બે વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યાં છે, પરંતુ તે પહેલાં યુક્રેનના ટોચના નેતૃત્વને લઈ વિવાદ શરૂ થયો છે. ગુરુવારે એક મીડિયા રિપોર્ટમાં દાવો કરાયો છે કે યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદીમિર ઝેલેન્સકી આ અઠવાડિયે આર્મી ચીફ જનરલ વાલેરી ઝાલુઝનીને બરતરફ કરશે. અગાઉ સોમવારે ઝેલેન્સકીએ વાલેરીને રાજીનામું આપવા માટે કહ્યું હતું, પરંતુ તેમણે ઈનકાર કર્યો. વાલેરીને હટાવવા માટે ઝેલેન્સ્કી રાષ્ટ્રપતિના હુકમનામાનો ઉપયોગ કરશે. વાલેરીની લોકપ્રિયતાથી ચિંતામાં વધારો ઝેલેન્સકી અને વાલેરી વચ્ચે યુદ્ધની વ્યૂહનીતિના મુદ્દે મતભેદ હતો. કીવ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટના સરવે મુજબ, 88 ટકા યુક્રેનના લોકો જનરલ વાલેરી પર જ્યારે 62 ટકા લોકોને ઝેલેન્સકી પર ભરોસો છે. યુક્રેનના 72 ટકા લોકો વાલેરીને હટાવવાના વિરોધમાં છે જ્યારે 2 ટકા લોકો સમર્થનમાં છે.

# શ્રીલંકાનું વિવાદાસ્પદ 'ઓન-લાઇન સેફ્ટી બિલ' વિપક્ષોના વિરોધ વચ્ચે પણ પસાર થઇ ગયું

કોલંબો : શ્રીલંકાની સંસદમાં આજે ગુરુવારે વિવાદાસ્પદ બની રહેલું, 'ઓન-લાઈન સેફ્ટી બિલ' પસાર થઈ ગયું છે. આ વિધેયકનો વિપક્ષોએ ઉગ્ર વિરોધ કરતાં જણાવ્યું હતું કે, તેથી અભિવ્યક્તિની આઝાદી પર બંધન આવશે. આ અંગે શ્રીલંકાની સંસદની સંચાર વિભાગની ઓફિસે જણાવ્યું હતું કે અધ્યક્ષ મહીંદા થમા અબેથીવર્ધનેએ તે વિધેયક ઉપર પોતાના હસ્તાક્ષર કરી વિધેયકને પ્રમાણિત કર્યું હતું. આ પૂર્વે આ વિધેયક પસાર ન કરવા દેશમાં અને વિદેશમાંથી પણ અધ્યક્ષ ઉપર દબાણ થઈ રહ્યું હતું છતાં તે વિધેયક પસાર થઈ ગયું છે, અધ્યક્ષે જ તેની ઉપર હસ્તાક્ષર કર્યા છે. આ નવું વિધેયક 'ઓન-લાઈન સેફ્ટી કમિશન'ને તેણે સ્થાપેલા નિયમોનો ભંગ કરવા બદલ સજા કરવાની પણ સત્તા આપે છે. તે પ્રમાણે જો તે નિયમોનો ભંગ કરનાર કસૂરવાર ઠરે તો તેને પાંચ લાખ શ્રીલંકન રૂપિયા સુધીનો દંડ અને પાંચ વર્ષ સુધીની જેલની સજા કરવાની સત્તા આપે છે. સહજ છે કે,

આથી આ વિધેયક કાયદો બને તે સામે દેશમાં અને વિદેશમાં વિરોધ થાય જ. કારણ કે તે અભિવ્યકિતની આઝાદી પર બંધન મુકે છે. વિપક્ષોએ આ વિધેયકનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે, આથી વિદેશી મૂડીરોકાણોમાં પણ અવરોધ આવશે. આ સાથે તેઓએ કહ્યું હતું કે, તેઓ સત્તા પર આવશે ત્યારે તે કાનૂન દૂર કરવામાં આવશે.

# US : સૌથી વધુ ભરોસાપાત્ર નર્સ, 23માંથી 22 વ્યવસાયોની પ્રામાણિકતા અને નૈતિકતાના રેટિંગમાં ભારે ઘટાડો નોંધાયો

ન્યૂયોર્ક તા 02

અમેરિકામાં ગેલપ દ્વારા 2023 પ્રામાણિકતા અને નૈતિકતા સરવેમાં 23 વ્યવસાયોનો સમાવેશ કરાયો હતો. પાછલાં વર્ષોની તુલનામાં સરવેમાં મજૂર સંઘના નેતાના પ્રોફેશન સિવાય બાકીના તમામ 22 પ્રોફેશનના રેટિંગમાં ઘટાડો નોંધાયો છે. 2019થી મજૂર સંઘના નેતાના વ્યવસાયમાં કોઈ ઘટાડો થયો નથી. બીજી તરફ નર્સ એ સૌથી વિશ્વસનીય વ્યવસાયમાં સામેલ છે. 78% અમેરિકન પુખ્તો માને છે કે નર્સો પ્રામાણિકતા અને નૈતિકનાં ધોરણો ધરાવે છે. જોકે, તે પણ 2019ના સાત ટકા અને 2020ના તેની ટોચથી 11 ટકા જેટલી નીચે છે. બીજી બાજુ, કોંગ્રેસના સભ્યો, સેનેટર્સ, કાર સેલ્સમેન અને જાહેરાત વ્યવસાયિકોની ગણના નૈતિકતા મોરચે નીચી દર્શાવાઈ છે. તેમનું રેટિંગ ખરાબ રીતે ગગડ્યું છે. નવું નૈતિકતા રેટિંગ 1થી 20




ડિસેમ્બર, 2023ના સર્વેક્ષણ દ્વારા અપાયું છે. લગભગ 800 અમેરિકન પુખ્તોએ 23 વ્યવસાયોને રેટિંગ આપ્યું છે. 22 અન્ય વ્યવસાયોની ઈમાનદારી અને નૈતિકતા રેટિંગમાં 2019ના રેટિંગની સરખામણીએ સરેરાશ છ પોઈન્ટનો ઘટાડો નોંધાયો છે. મજૂર યુનિયનના નેતાઓને બાદ કરતાં સરવેમાં સામેલ 13 વ્યવસાયોમાંથી 12 વ્યવસાયોએ 2023માં રેટિંગમાં થોડો ઓછો ઘટાડો જોવા મળ્યો છે. 2006માં 71% અમેરિકન પુખ્તો દ્વારા પશુચિકિત્સકોને છેલ્લી વખત ઉચ્ચ અથવા અત્યંત નૈતિક તરીકે જોવામાં આવ્યા હતા. 2023માં પશુચિકિત્સક 65% રેટિંગ સાથે બીજા સ્થાને છે. ગેલપે 1990થી વાર્ષિક અપડેટની સાથે 1976માં વિવિધ વ્યવસાયોની પ્રામાણિકતા અને નૈતિકતાને આંકવાનું શરૂ કર્યું. ઘણા વ્યવસાયોને તેમાં દર વર્ષે સામેલ કરવામાં આવે છે, જ્યારે અન્ય કેટલાક વર્ષોના અંતરાલ પછી સામેલ કરવામાં આવ્યા છે.

# નવાઝને સમર્થન આપવા સૈન્ય ઈમરાન ખાનના અપક્ષ ઉમેદવારોને ફરજ પાડશે

ઇસ્લામાબાદ તા 02

કોર્ટના ચુકાદાઓના કારણે ઈમરાન ખાન ભલે ચૂંટણી મેદાનમાં પાછળ થઈ ગયા છે પરંતુ એક ગુપ્ત રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તેમની પાર્ટીના અપક્ષ ઉમેદવારો પંજાબ અને ખૈબર પખ્તુનખ્વાહમાં મોટી જીત તરફ વધી રહ્યા છે. આ બંને પ્રાંતોમાં ઈમરાનની લોકપ્રિયતાના કારણે વોટર ટર્નઆઉટ વધવાની શક્યતા છે. સેનાએ પ્લાન બીની પણ તૈયારી કરી. આ પ્લાન બી હેઠળ ચૂંટણીમાં જીત મેળવનાર ઉમેદવારોને અન્ય પાર્ટીમાં જવાની ફરજ સેના પાડી શકે છે. રાજકીય વિશ્લેષકનું કહેવું છે કે સેના અત્યારે તો નવાઝ શરીફને પીએમની ખુરશી પર બેસાડવા માટેની તૈયારીમાં છે. સેના દબાણ લાવીને ઈમરાનના અપક્ષ ઉમેદવારોને નવાઝ શરીફને સમર્થન આપવાની ફરજ પાડી શકે છે. પક્ષપલટાના કાયદાની પણ અસર નહીં પીટીઆઈ પ્રતીક પર ચૂંટણી લડી રહી નથી. આવી સ્થિતિમાં જો ચૂંટણીમાં વિજેતા બનનાર ઈમરાનના અપક્ષ ઉમેદવારો જો અન્ય પાર્ટીમાં જાય છે તોપણ પક્ષપલટા કાયદા હેઠળ કોઈ કાર્યવાહી થશે નહીં. ચૂંટણીમાં વિજેતા બનનાર તમામ



અપક્ષ ઉમેદવારો કોઇ પણ પાર્ટીને સમર્થન આપવા માટે સ્વતંત્ર રહેશે. આ સેના માટે પણ વધુ અનુકુળ રહેશે.બીજી તરફ સેના પર પણ આરોપો લાગી શકશે. પાકમાં સંયુક્ત રાષ્ટ્ર ( યુએન) નિરીક્ષકોની સૌથી મોટી ટીમ પહોંચી રહી છે. આવી સ્થિતિમાં મોટી સંખ્યામાં પીટીઆઇ સમર્થકોને મત આપવાથી રોકવા અને બેલેટમાં અંધાધૂંધી, ગેરરીતિની શક્યતા ઓછી દેખાઈ રહી છે. સરકાર-સેના ચૂંટણીમાં પોસ્ટ ઈલેક્શન એન્જિનિયરિંગ પર કામ કરી રહ્યા છે. આતંકી હુમલા જારી, વિસ્ફોટ પાકિસ્તાનના ક્વેટામાં ગુરુવારના દિવસે થયેલા વિસ્ફોટમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ પહેલાં બુધવારે ખૈહરમાં પીટીઆઈ ઉમેદવારનું હુમલામાં મોત થયું હતું. મંગળવારના દિવસે પણ 4 પીટીઆઈ કાર્યકરો માર્યા ગયા હતા. રાજકીય વિશ્લેષકનું કહેવું છે કે સેના અત્યારે તો નવાઝ શરીફને પીએમની ખુરશી પર બેસાડવા માટેની તૈયારીમાં છે. સેના દબાણ લાવીને ઈમરાનના અપક્ષ ઉમેદવારોને નવાઝ શરીફને સમર્થન આપવાની ફરજ પાડી શકે છે. પક્ષપલટાના કાયદાની પણ અસર નહીં પીટીઆઈ પ્રતીક પર ચૂંટણી લડી રહી નથી. આવી સ્થિતિમાં જો ચૂંટણીમાં વિજેતા બનનાર ઈમરાનના અપક્ષ ઉમેદવારો જો અન્ય પાર્ટીમાં જાય છે

# કેનેડા રાજનીતિમાં આતંકવાદીઓને આપી રહ્યું છે સ્થાન ! ભારતે ફરી એકવાર લગાવી ફટકાર

જયશંકરે કહ્યું, 'છેલ્લા કેટલાક વર્ષોથી, કેનેડા તેની રાજનીતિમાં ઉગ્રવાદીઓ અને આતંકવાદીઓને સ્થાન આપી રહ્યું છે. હું માનું છું કે આ તેમની રાજનીતિની નબળાઈ છે. જેના કારણે ત્યાં ઘણી સમસ્યાઓ ઉભી થઇ છે. ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો છેલ્લા કેટલાક સમયથી સારા નથી. ખાલિસ્તાનને લઈને કેનેડામાં વધી રહેલા વિરોધને લઈને ભારત તરફથી ઘણી વખત ચિંતા અને ઠપકો વ્યક્ત કરવામાં આવ્યો છે. ફરી એકવાર ભારતે કેનેડાને ફટકાર લગાવી છે. વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું છે કે કેનેડા કેટલાક વર્ષોથી તેની રાજનીતિમાં આતંકવાદીઓ અને ઉગ્રવાદીઓને સ્થાન આપી રહ્યું છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ ગયા વર્ષે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને ભારત સાથે જોડી હતી, જેને ભારતે ફગાવી દીધી હતી. હવે આ મામલે વિદેશ મંત્રી જયશંકરે કહ્યું છે કે કેનેડાએ માહિતી શેર કરવાની ભારતની વિનંતીને અવગણી છે. જયશંકરે ભારત પ્રત્યે કેનેડાના તાજેતરના વર્તનને ત્યાંના રાજકારણમાં ઉગ્રવાદીઓની સંડોવણી માટે જવાબદાર ગણાવ્યું હતું.એક અહેવાલ અનુસાર વિદેશ મંત્રી જયશંકરે કહ્યું, "છેલ્લા કેટલાક વર્ષોથી, કેનેડા તેની રાજનીતિમાં ઉગ્રવાદીઓ અને આતંકવાદીઓને સ્થાન આપી રહ્યું છે. હું માનું છું કે આ તેમની રાજનીતિની નબળાઈ છે. જેના કારણે ત્યાં અનેક સમસ્યાઓ ઉભી થઇ છે. આવું ન થવું જોઈતું હતું." તેમણે વધુમાં કહ્યું કે તેમના વડા પ્રધાને જાહેરમાં અમારા પર આક્ષેપો કર્યા છે. તે પહેલાં બંને દેશોના વડા પ્રધાનો મળ્યા હતા, જ્યાં હું પણ હાજર હતો. અમે કહ્યું હતું કે જો તમને કોઈ સમસ્યા હોય તો. તમારું મન, જો તમને ચિંતા કરતી હોય તો અમને કહો. જો તમારે બધું કહેવું ન હોય, તો ઓછામાં ઓછી થોડી વાતો તો જણાવો, જેથી અમે અમારી તપાસ કરી શકીએ.

# સોમાલિયામાં અનોખો ટીવી શો, માત્ર મહિલાઓની ટીમ જ મહિલાઓને લગતા વિષયો પર કાર્યક્રમો કરશે



મોગાદિશુ તા 02

પેનલમાં 50 ટકા મહિલાઓ, દેશનાં વિવિધ સ્થળોની મુલાકાત લેશે દેશનો પહેલો ટીવી ડીબેટ શો સોમાલિયામાં શરૂ થવા જઈ રહ્યો છે, જેને એક મહિલા હોસ્ટ કરશે. આ કાર્યક્રમ સોમાલિયાની એકમાત્ર મહિલા મીડિયા ટીમ બિલાન દ્વારા શરૂ કરવામાં આવી રહ્યો છે. શોની પેનલમાં ઓછામાં ઓછી 50% મહિલાઓ હશે. આ સોમાલી ટેલિવિઝનનો પ્રથમ ડીબેટ શો છે, જે મહિલાઓના શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણને લગતા ગંભીર વિષયો પર ચર્ચા કરાશે.

મહિલાઓનો રાજકારણમાં પ્રવેશ તેમજ પડકારોનો સામનો અંગેના વિષયો પણ સામેલ છે. આ શો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ એટલે કે 8મી માર્ચે શરૂ થશે. તે બ્રિટનના બીબીસી જેવો હશે. આ શો માટે દેશભરનાં વિવિધ સ્થળોની મુલાકાત લેવામાં આવશે. લોકોને પણ દર્શક તરીકે ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવશે. બિલાનના વરિષ્ઠ પત્રકાર અને ડીબેટ શોની પ્રથમ મહિલા હોસ્ટ નસીમા સૈદ સાલાહે જણાવ્યું હતું કે શો શરૂ કરવાની પ્રેરણા ડિસેમ્બરમાં એક સફળ પાઈલટ પ્રોગ્રામમાંથી મળી હતી. આ કાર્યક્રમમાં પેનલે શાળાઓમાં પિરિયડ્સ વિશેની મહત્ત્વની ચર્ચા કરી હતી.

નસીમાએ કહ્યું કે આ કાર્યક્રમમાં છોકરીઓના શિક્ષણ, સ્વાસ્થ્ય અને તેમના શરીર વિશેના જ્ઞાનના અભાવની અસરો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. અમે રાષ્ટ્રીય સ્તરે આ તમામ વિષયો પર ચર્ચા કરવા અને લોકોને જાગૃત કરવા માટે આ શો શરૂ કરવાનું નક્કી કર્યું. સામાન્ય રીતે આવા વિષય પર ચર્ચા કરવી ખરાબ માનવામાં આવે છે પરંતુ અમારા કાર્યક્રમને ઘણો હકારાત્મક પ્રતિસાદ મળ્યો. બિલાનની સ્થાપના 2022માં 7 મહિલા પત્રકારો સાથે થઈ હતી.

### સીપીઆઈએમના પ્રદેશ સચિવ મોહમ્મદ સલીમે દાવો કર્યો કે મમતા બેનરજી હવે ગઠબંધનને છોડવાનો ઈરાદો ધરાવે છે

# નીતીશ બાદ I.N.D.I.A ને વધુ એક ઝટકો લાગશે! રાહુલ ગાંધી સાથેની બેઠકમાં ડાબેરી નેતાનો દાવો



નવી દિલ્હી : I.N.D.I.A ગઠબંધનને વધુ એક મોટો આંચકો લાગવાની તૈયારી છે. નીતીશ કુમાર બાદ હવે તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનરજી પર ગઠબંધન સાથે છેડો ફાડી શકે છે. પ.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી દ્વારા કોંગ્રેસ અને ડાબેરી પક્ષો પર સતત હુમલા વચ્ચે ડાબેરી પક્ષોના નેતાઓએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. જેમાં તેમણે દાવો કર્યો કે તૃણમૂલ કોંગ્રેસ ટૂંક સમયમાં જ I.N.D.I.A ગઠબંધનથી કિનારો કરી લેશે. ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા પ.બંગાળ પહોંચી ગઈ છે. ગુરુવારે ડાબેરી કાર્યકરો અને સમર્થકોની એક ભીડ રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રામાં જોડાઈ હતી. સીપીઆઈ (એમ) ના પ્રદેશ સચિવ મોહમ્મદ સલીમે પાર્ટીની કેન્દ્રીય સમિતિના સભ્ય સુજન ચક્રવર્તી અને અન્ય નેતાઓ સાથે રઘુનાથગંજ ખાતે રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. સીપીઆઈએમના પ્રદેશ સચિવ મોહમ્મદ સલીમે દાવો કર્યો કે ડાબેરી પક્ષો આરએસએસ-ભાજપ અને અન્યાય વિરુદ્ધ લડાઈનો હિસ્સો બનવા માટે કોંગ્રેસની આ યાત્રામાં જોડાયા છે. અમે ભાજપ અને આરએસએસ સામે લડી રહ્યા છે. રાહુલ ગાંધીની યાત્રા પણ તેના માટે જ છે. અમે ભારતના લોકતંત્રને બચાવવા માગીએ છીએ. આપણે આ યાત્રા પ્રત્યે એકજૂટતા બતાવવી પડશે. ઉલ્લેખનીય છે કે સલીમ અને રાહુલ ગાંધી વચ્ચે આશરે 45 મિનિટ સુધી બેઠક ચાલી હતી.

## ભારતીય અર્થતંત્ર 2014ના પડકારો પાર કરી આગળ નીકળ્યું: નાણામંત્રી

નવી દિલ્હી : દેશની જનતા ભવિષ્ય તરફ જોઈ રહી છે. તે ખૂબ જ આશાવાદી છે. પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ આગળ વધી રહ્યો છે. છેલ્લા દાયકામાં ભારતીય અર્થતંત્રમાં અભૂતપૂર્વ પરિવર્તન આવ્યું છે તેમ નાણામંત્રી નિર્મલા સીતારામને વચગાળાનું બજેટ રજૂ કરતાં ગુરુવારે કહ્યું હતું.નાણામંત્રી સીતારામને કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં દેશ અનેક પડકારોનો સામનો કરી રહ્યો હતો. સરકારે આ બધા જ પડકારો દૂર કરી દીધા છે અને માળખાગત સુધારા, જનતાના હિતો માટેના સુધારા કર્યા છે. સરકારે જનતાને વધુમાં વધુ રોજગારની તકો આપી છે. દેશમાં નવા ઉદ્દેશ્ય અને આશા જાગી છે. જનતાએ બીજી વખત સરકાર માટે અમારી પસંદગી કરી હતી. અમે વ્યાપક વિકાસની વાતો કરી. 'સબકા સાથ, સબકા વિશ્વાસ ઔર સબકા પ્રયાસ'ના મંત્રથી આપણે આગળ વધ્યા છીએ.નિર્મલા સીતારામને કહ્યું કે, અમે દરેક ઘરે નળથી પાણી, બધાને વીજળી, ગેસ, નાણાકીય સેવાઓ અને બેન્ક એકાઉન્ટ ખોલવા માટે કામ કર્યું છે. ખાદ્યાન્નની ચિંતાઓને દૂર કરી છે. ૮૦ કરોડ લોકોને નિઃશુલ્ક ખાદ્યાન્ન પૂરું પાડયું છે. મૂળભૂત આવશ્યક્તાઓ પૂરી કરી છે, જેથી ગ્રામીણ ક્ષેત્રોમાં લોકોની આવક વધી છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત એક વિકસિત રાષ્ટ્ર બની જશે. અમે લોકોને સશક્ત બનાવવાનું કામ કરી રહ્યા છીએ. અમે ભ્રષ્ટાચાર અને પરીવારવાદને ખતમ કર્યો છે.નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ૫.૮ ટકાના દરે સંકોચાયા પછી ભારતીય અર્થતંત્રે ૨૦૨૧-૨૨માં ૯.૧ ટકાનો વિક્રમી વૃદ્ધિદર હાંસલ કર્યો હતો.

### ન્યૂઝ કોર્નર

#### પેટીએમનો વાર્ષિક ઓપરેશનલ નફો રૂ. 300 થી 500 કરોડ ઘટવાની સંભાવના

નવી દિલ્હી: ફિનટેક કંપની પેટીએમ પેમેન્ટ્સ બેંકની લગભગ તમામ સેવાઓ ૨૯ ફેબ્રુઆરી પછી બંધ કરવાના આરબીઆઈના આદેશથી કંપનીના વાર્ષિક ઓપરેશનલ નફા પર ૩૦૦ થી ૫૦૦ કરોડ રૂપિયાની અસર થવાની આશંકા છે. આરબીઆઈના આદેશ પછી પેટીમના ગ્રાહકો તેમના વોલેટ, ફાસ્ટેગ સહિતના ખાતાઓમાં નાણા જમા કરાવી શકશે નહીં.

આરબીઆઈએ પેટીએમ પેમેન્ટ બેંક લિમિટેડને કોઈ પણ ગ્રાહક ખાતા, પ્રીપેડ ઈન્સ્ટ્રુમેન્ટ, વોલેટ અને ફાસ્ટેગમાં ૨૯, ફેબ્રુઆરી ૨૦૨૪ પછી જમા અથવા ટોપ ઓપનો સ્વીકાર ન કરવાના નિર્દેશ આપ્યા છે.


ડિસેમ્બરમાં પેટીમ પેમેન્ટ બેંક લિમિટેડ (પીપીબીએલ) દ્વારા ૪૧ કરોડ યુપીઆઈ રેમિટેન્સ કરવામાં આવ્યા હતાં.પીપીબીએલ વિરુદ્ધની આ કાર્યવાહી સર્વગ્રાહી સિસ્ટમ ઓડિટ રિપોર્ટ અને બહારના ઓડિટરોના કમ્પ્લાયન્સ વેલિડેશન રિપોર્ટને આધારે કરવામાં આવી છે.

#### કેજરીવાલ આજે પણ ED સમક્ષ હાજર ન થયા,5મી વખત સમન્સની અવગણના

નવી દિલ્હી:દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે એટલે કે 2 ફેબ્રુઆરીએ પણ ED સમક્ષ હાજર થયા ન હતા. આમ આદમી પાર્ટીએ એક લેખિત નિવેદન જારી કરીને સ્પષ્ટ કર્યું છે કે અરવિંદ કેજરીવાલ શુક્રવારે પણ પૂછપરછમાં હાજરી આપવા ED ઓફિસ નહીં જાય. આમ આદમી પાર્ટીએ EDના સમન્સને ગેરકાયદે ગણાવ્યું અને કહ્યું કે અરવિંદ કેજરીવાલ કાયદાકીય રીતે યોગ્ય સમન્સની બજવણી કરશે. આ પહેલા પણ તેણે ચાર સમન્સની અવગણના કરી હતી.અરવિંદ કેજરીવાલે ગયા વર્ષે 2 નવેમ્બર, 21 ડિસેમ્બર અને આ વર્ષે 3 જાન્યુઆરી અને 18 જાન્યુઆરીએ ED સમક્ષ હાજર થવા માટે તેમને જારી કરેલા સમન્સને ટાળ્યું છે. આમ આદમી પાર્ટીએ કહ્યું છે કે તેની કાનૂની ટીમ મની લોન્ડરિંગ કેસ સાથે સંબંધિત એક્સાઈઝ પોલિસીના સંબંધમાં કેજરીવાલને જારી કરાયેલા સમન્સનો અભ્યાસ કરી રહી છે. દરમિયાન, અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાથે, ચંદીગઢ મેયરની ચૂંટણીમાં કથિત ધાંધલધમાલના વિરોધમાં શુક્રવારે બીજેપી હેડક્વાર્ટરની બહાર વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા જઈ રહ્યા છે.

### જ્ઞાનવાપી મસ્જિદ વિવાદ કેસના કારણે છેલ્લા બે દિવસથી અહીં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવાઈ છે

# વ્યાસજીના ભોંયરામાં પૂજાના આદેશ વિરુદ્ધ આજે મુસ્લિમોનું બંધનું એલાન, જ્ઞાનવાપી છાવણીમાં ફેરવાઈ



નવી દિલ્હી : જ્ઞાનવાપી મસ્જિદ પરિસરમાં આવેલા વ્યાસજીના ભોંયરામાં કોર્ટે પૂજા કરવાનો અધિકાર આપી દીધાં બાદથી વારાણસીમાં તંગદિલીપૂર્ણ સ્થિતિ જોવા મળી રહી છે. આ શહેર હાલમાં છાવણીમાં ફેરવાઈ ગયું છે. જ્ઞાનવાપી મસ્જિદ વિવાદ કેસના કારણે છેલ્લા બે દિવસથી અહીં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવાઈ છે. આજે શુક્રવારે જુમ્માની નમાઝ હોવાથી ભીડ એકઠી થવાના સંકેતો વચ્ચે જ્ઞાનવાપી મસ્જિદ પરિસરની આજુબાજુ સુરક્ષાકર્મીઓનો ખડકલો સર્જી દેવાયો છે. ઉલ્લેખનીય છે કે કોર્ટે જ્ઞાનવાપી મસ્જિદના પરિસરમાં આવેલા વ્યાસજીના ભોંયરામાં પૂજા કરવાની પરવાનગી આપ્યા બાદથી પોલીસ એલર્ટ પર છે. ગુરુવારે વ્યાસજીના ભોંયરામાં પૂજા પણ કરવામાં આવી હતી. જેના પગલે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે આજે પણ અહીં પોલીસબળ તૈનાત કરાયું છે.

બીજી બાજુ જ્ઞાનવાપી મસ્જિદની અંજુમન ઈન્તેજામિયા કમિટી દ્વારા વ્યાસજીના ભોંયરામાં પૂજાની પરવાનગી આપતા જિલ્લા જજના આદેશ વિરુદ્ધ નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી અને તેના પગલે આજે મુસ્લિમોને બંધ પાળવાનું આહ્વાન કરાયું હતું. આ સાથે લોકોને શાંતિ અને સંયમ જાળવવા અપીલ કરવામાં આવી હતી. અંજુમન ઈન્તેજામિયા કમિટીના જનરલ સેક્રેટરી અબ્દુલ બાતિન નોમાનીએ એક પત્ર જારી કર્યો હતો. જેમાં જણાવ્યું કે જ્ઞાનવાપી મસ્જિદમાં વ્યાસજીના ભોંયરામાં પૂજાની મંજૂરી આપવાને લઈને મુસ્લિમોમાં નારાજગી છે. આ નિર્ણયના વિરોધમાં મુસ્લિમો શુક્રવારે શાંતિપૂર્ણ રીતે તેમના ધંધા-રોજગાર બંધ રાખશે.

# ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ માટે રચાયેલી સમિતિએ મુખ્ય પ્રધાનને ડ્રાફ્ટ સુપરત કર્યો




દેહરાદૂન : ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ માટે નિવૃત્ત ન્યાયાધીશ શ્રીમતી રંજના પ્રકાશ દેસાઈના નેતૃત્વમાં રચાયેલી સમિતિએ શુક્રવારે મુખ્ય પ્રધાન શ્રી પુષ્કર સિંહ ધામીને ડ્રાફ્ટ સુપરત કર્યો હતો. મુખ્યમંત્રી કેમ્પ ઓફિસ સ્થિત મુખ્ય સેવક સદન ખાતે આયોજિત એક કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ કહ્યું કે 2022ની વિધાનસભાની ચૂંટણી પહેલા અમે ઉત્તરાખંડ રાજ્યના લોકોને વચન આપ્યું હતું કે અમે ઉત્તરાખંડમાં સમાન નાગરિક સંહિતા લાવીશું. ભારતીય જનતા પાર્ટી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે અમારા વચન મુજબ, સરકારની રચના પછી તરત જ પ્રથમ કેબિનેટ બેઠકમાં, અમે સમાન નાગરિક સંહિતા ઘડવા માટે નિષ્ણાત સમિતિની રચના કરવાનો નિર્ણય લીધો હતો અને 27 મે 2022ના રોજ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ શ્રીમતી રંજના પ્રકાશ દેસાઈના નેતૃત્વમાં પાંચ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી. સિક્કિમ હાઈકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ શ્રી પ્રમોદ કોહલી, ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્ય સચિવ શ્રી શત્રુઘ્ન સિંહ, દૂન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. સુરેખા ડાંગવાલ અને સામાજિક કાર્યકર શ્રી મનુ ગૌરનો સમિતિમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. સમિતિ દ્વારા બે પેટા સમિતિઓની પણ રચના કરવામાં આવી હતી. જેમાંથી એક પેટા સમિતિનું કામ "કોડ"નો ડ્રાફ્ટ તૈયાર કરવાનું હતું. બીજી પેટા સમિતિનું કામ રાજ્યના રહેવાસીઓ પાસેથી સૂચનો આમંત્રિત કરવાનું અને સંવાદ સ્થાપિત કરવાનું હતું. સમિતિએ દેશના પ્રથમ ગામ માણાથી જનસંવાદ કાર્યક્રમની શરૂઆત કરી હતી અને રાજ્યના તમામ જિલ્લાઓમાં તમામ વર્ગના લોકો પાસેથી સૂચનો મેળવ્યા હતા.

## ચંદીગઢની મેયર ચૂંટણીનો વિવાદ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો, AAPએ કહ્યું- બેઈમાની થઈ

નવી દિલ્હી :આમ આદમી પાર્ટી (AAP)ના ઉમેદવાર કુલદીપ ધલોર ચંદીગઢ મેયરની ચૂંટણીમાં હાર સ્વીકારી શકતા નથી. તેમણે આ ચૂંટણીને ફગાવવા માટે પહેલા પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. ત્યારબાદ હવે ધલોરે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે. મતદાન પ્રક્રિયામાં અપ્રમાણિકતાનો આરોપ લગાવતા કુલદીપ ધલોરે અગાઉ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં ચૂંટણી રદ કરવાની માંગ કરી હતી. પરંતુ હાઈકોર્ટે તેમ કરવાનો ઇનકાર કર્યો હતો. બુધવારે હાઈકોર્ટે ભાજપના નવા ચૂંટાયેલા મેયર મનોજ સોનકરની જીત પર રોક લગાવવાનો ઈન્કાર કરી દીધો હતો. આ પછી ધલોરે સુપ્રીમ કોર્ટમાં પોતાની અરજી દાખલ કરી હતી. પંજાબના સીએમ ભગવંત માને બુધવારે કહ્યું કે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ પણ આ છેતરપિંડી વિરુદ્ધ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરશે. તેમણે એમ પણ કહ્યું કે ચંદીગઢ મેયરની ચૂંટણી લોકશાહીની હત્યાનું ઉદાહરણ છે.

## પન્નુના કારણે અમેરિકાએ ભારત સાથે અબજોની કિંમતની ડ્રોન ડીલ અટકાવી? સરકારે આપ્યો જવાબ

નવી દિલ્હી : અમેરિકાએ ભારત સાથે 31 એમક્યૂ-9એ ગાર્જિયન અને સ્કાઈ ગાર્જિયન ડ્રોનની ડિલીવરી અટકાવી દીધી હોવાના દાવો કરાયો છે. રિપોર્ટ મુજબ જ્યાં સુધી ભારત સરકાર ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નૂની હત્યાના ષડયંત્રના આરોપોની તપાસ પૂરી ન કરે, ત્યાં સુધી અમેરિકાએ હથિયારોની ડિલીવરી અટકાવી દીધી હોવાનો દાવો કરાયો છે, ત્યારે આ અંગે ભારત સરકારે પણ જવાબ આપ્યો છે.વાસ્તવમાં અમેરિકાએ આરોપ લગાવ્યો હતો કે, અજાણ્યા ભારતીય સરકારી કર્મચારીના ઈશારા બાદ નિખિલ ગુપ્તાએ અમેરિકી નાગરિક પન્નુને મારવાનું ષડયંત્ર રચ્યું હતું. અમેરિકન કાયદા વિભાગનું કહેવું છે કે, '52 વર્ષનો એક ભારતીય નાગરિક, જે ભારત સરકારનો કર્મચારી છે, તેણે ઉત્તર ભારતમાં એક અલગ શિખ રાષ્ટ્રની તરફેણ કરનાર ન્યૂયોર્ક શહેરના રહેવાસીની હત્યાનું ષડયંત્ર રચ્યું હતું.' વિભાગે પન્નુના નામો ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ તેમનો ઈશારો પન્નુ તરફ છે, કારણ કે પન્નુ અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં રહે છે.

### ચંડીગઢ, પંજાબ, હરિયાણા, ઉ.રાજસ્થાન, દિલ્હી અને પશ્ચિમ ઉ.પ્ર. તથા બિહારમાં જોરદાર પવનો સાથે વર્ષા થશે

# ઉ.ભારતમાં ઠંડીનું જોર ચાલુ, અનેક સ્થળોએ વરસાદ પડશે : ઘણાં સ્થળોએ કરાં પડશે

પુના, નવી દિલ્હી : ભારતના હવામાન વિભાગે આજે જણાવ્યું હતું કે ચંદીગઢ, પંજાબ, ઉત્તર રાજસ્થાન, દિલ્હી, પશ્ચિમ ઉત્તર પ્રદેશ તથા બિહારમાં આગામી એક બે દિવસમાં જોરદાર પવનો સાથે વરસાદની ઝડી બોલશે, તથા કેટલાક ભાગોમાં કરાં પણ પડવા પૂરો સંભવ છે. આ સાથે લગભગ સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીનું જોર વધી રહેશે.હવામાન વિભાગ વધુમાં જણાવે છે કે, આ વિસ્તારોમાં ૩જી ફેબ્રુઆરીથી પાંચમી ફેબ્રુઆરી વચ્ચે ફરીથી વરસાદનો નવો દોર શરૂ થવા સંભવ છે. લગભગ સમગ્ર ઉત્તર ભારત તેની ઝપટમાં આવી જવાનું છે.અત્યારે જ ચંદીગઢ, પંજાબ, હરિયાણા, ઉત્તર રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, અને બિહારમાં ઉષ્ણતામાન ૯થી ૧૨ ડીગ્રી સેલ્સીયસ જેટલું નોંધાયું છે. જ્યારે પૂર્વ ઉત્તર પ્રદેશનાં ફૂરસન ગંજમાં ઉષ્ણતામાન ૧ ડીગ્રી સેલીસીયસ સુધી નીચું ઉતરી ગયું હતું.હવામાન વિભાગ વધુમાં જણાવે છે કે, જમ્મુ કાશ્મીર, લડાખ, ગિલગિટ, હિમાચલ પ્રદેશ, તથા ઉત્તરા ખંડમાં એક થી પાંચ ફેબ્રુઆરી સુધીમાં હળવો વરસાદ થશે તથા હિમવર્ષા પણ થશે.સમાચારો જણાવે છે કે વૈષ્ણવે દેવીમાં પણ ભારે હિમવર્ષા થઇ હતી. તેમજ હિમાચલ પ્રદેશમાં પણ ભારે હિમવર્ષા થઇ છે. હિમાચલ પ્રદેશ ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંડીગઢ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, તથા પૂર્વ રાજસ્થાનમાં વરસાદ સાથે કરાં પણ ૩થી ૪ ફેબ્રુઆરી વચ્ચે પડવા સંભવ છે. આ વિસ્તારોમાં ૩૦-૪૦ કીમીની ઝડપે પવનો પણ ફૂંકાવા સંભવ છે.હવામાન વિભાગ વધુમાં જણાવે છે કે અરૂણાચલ પ્રદેશમાં આગામી પાંચ દિવસ સુધી વર્ષા થવા સંભવ છે. જ્યારે પશ્ચિમ બંગાળ, સિક્કીમ, ઓડીશા, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર, તથા ત્રિપુરામાં પહેલી બીજી ફેબ્રુઆરીએ હળવાથી મધ્યમ વરસાદ થશે. અરૂણાચલ પ્રદેશમાં આજે અને આવતીકાલે ભારે વરસાદની સંભાવના છે.જમ્મુ કાશ્મીરના રીયાસી જિલ્લામાં આવેલી ગિફ્ટ પર્વતમાળામાં રહેલાં વૈષ્ણોદેવી મંદિર સહિત જમ્મુ વિસ્તારના પર્વતીય પ્રદેશમાં ગુરૂવારે સવારે હિમવર્ષા થઇ હતી.અધિકારીઓએ જણાવ્યું હતું કે જમ્મુ ક્ષેત્રના મેદાની ભાગોમાં હળવાથી મધ્યમ કક્ષાનો વરસાદ થયો છે. તેઓએ કહ્યું કે માતા વૈષ્ણોદેવી ભવન, તથા તેની આસપાસના વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. ત્રિકૂટપર્વત તો આજે સવારે બરફની ચાદરથી ઢંકાઈ ગયો હતો. ત્રિકુટ પર્વતમાળા સ્થિત ભૈરવ ઘાટી અને હિમકોટી, તથા મંદિર સુધી જવા માર્ગ પર બરફ છવાઈ ગયો છે. તેમ છતાં, તીર્થ યાત્રામાં તો કોઈ અવરોધ આવ્યો નથી. સેંકડો તીર્થયાત્રી આજે કટરા આધાર શિબિરથી રવાના થયા હતા.

### હિમાચલમાં હિમવર્ષા, લેહ મનાલી હાઈવે બંધ કરાયો, 2 જિલ્લાઓમાં શાળાઓ-કોલેજમાં રજા

નવી દિલ્હી :હિમાચલ પ્રદેશમાં છેલ્લા 48 કલાકમાં વરસાદ અને હિમવર્ષાને કારણે જનજીવન ખોરવાયુ છે. શિમલામાં ઠંડીના કારણે નેપાળી મૂળના એક વ્યક્તિનું મોત થયું છે. રાજ્યના રસ્તાઓ મોટાભાગે બંધ છે. શુક્રવારે રાજ્યભરમાં તડકો છે અને પરિસ્થિતિમાં સુધારો થવાની શક્યતાઓ છે. પરંતુ આવતીકાલે એટલે કે 3જી ફેબ્રુઆરી માટે ફરીથી યલો એલર્ટ (IMD યલો એલર્ટ) જારી કરવામાં આવ્યું છે.

માહિતી અનુસાર, વરસાદ અને હિમવર્ષાને કારણે રાજ્યના 4 રાષ્ટ્રીય ધોરીમાર્ગો (NH) સહિત 411 માર્ગો પર વાહનવ્યવહાર ઠપ થઈ ગયો છે. તે જ સમયે, ભુંતર, ગગ્ગલ અને શિમલાથી કોઈ ફ્લાઈટ નહોતી. 1506 ટ્રાન્સફોર્મર બંધ કરી દેવામાં આવ્યા છે અને મનાલી અને ચંબામાં ઘણા વિસ્તારોમાં અંધારપટ છે.

### ભારતને 2047 સુધીમાં વિકસિત બનાવવાનું ધ્યેય

# કેન્દ્ર સરકાર રાજ્યોને રૂ. 75,000 કરોડનું વ્યાજમુક્ત ધિરાણ આપશે

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર વિકસિત ભારતનું ધ્યેય હાંસલ કરવા રાજ્યોને ૭૫,૦૦૦ કરોડનું વ્યાજમુક્ત ધિરાણ પૂરુ પાડશે. આ વ્યાજમુક્ત ધિરાણ ૫૦ વર્ષ માટે પૂરુ પાડવામાં આવશે. સરકારે ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત ભારત બનાવવાનું ધ્યેય નિર્ધારિત કર્યુ છે. નાણાપ્રધાન નિર્મલા સીતારામને લોકસભામાં તેમના બજેટ ભાષણ દરમિયાન આ વાત જણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે વિકસિત ભારતનું ધ્યેય ચરિતાર્થ કરવા રાજ્યોએ પણ વૃદ્ધિ અને વિકાસના ધ્યેયો હાંસલ કરવાની જરુર પડશે. આ માટે તેમણે પણ જરુરી આર્થિકથી લઈ ટેકનોલોજીકલ અને રાજકોષીય સુધારા કરવા પડશે. તેમણે જણાવ્યું હતું કે રાજ્યોને ૭૫,૦૦૦ કરોડની લોન તેના સીમાચિન્હો સાથે એટલે કે માપદંડો સાથે જોડાયેલી હશે. રાજ્યો આ માપદંડો પૂરા કરતા જશે તેમ-તેમ તેમને આ રકમ મળશે. કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે રાજ્યોને આપવામાં આવનારું આ ભંડોળ કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના સંબંધોમાં ક્રાંતિકારી પરિવર્તન લાવનારું નીવડશે. આગામી પાંચ દાયકા સુધી ૭૫,૦૦૦ કરોડની વ્યાજમુક્ત લોન કેન્દ્ર-રાજ્યોના સંબંધોમાં ધરમૂળથી ફેરફાર કરનારી નીવડશે. બજેટ દસ્તાવેજો મુજબ રાજ્યોને તેમના હિસ્સા, ગ્રાન્ટ્સ, લોન્સ અને કેન્દ્ર પ્રાયોજિત યોજના ૨૦૨૪-૨૫ હેઠળ ફાળવવામાં આવનારી કુલ રકમ ૨૨,૨૨,૨૬૪ કરોડ રુપિયા હશે. આ રકમ ૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષમાં ફાળવેલી રકમની તુલનાએ ૪,૧૩,૮૪૮ કરોડનો વધારો દર્શાવે છે.સીતારામને જણાવ્યું હતું કે મોદી સરકાર સર્વગ્રાહી, સર્વવ્યાપક અને સર્વસમાવેશક વિકાસ પર કામ કરી રહી છે. તેમા બધી જ જાતિના અને બધા જ સ્તરના લોકોનો સમાવેશ થાય છે. અમે ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાનું ધ્યેય ધરાવીએ છીએ.

# કોચ્ચિ બીચ પર કચરો સાફ કરતાં વિદેશી પ્રવાસીઓનો વીડિયો વાયરલ થયો, તંત્રની જોરદાર ટીકા થઇ



કોચ્ચિ : કેરળના પ્રવાસન વિભાગે ત્યારે ક્ષોભજનક સ્થિતિનો સામનો કરવો પડ્યો જ્યારે કેટલાક વિદેશી પ્રવાસીઓએ કોચ્ચિ બીચ પર જાતે જ કચરો સાફ કરવાનું કામ હાથ ધર્યું હતું. ખરેખર સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે જેમાં કેટલાક રશિયન પ્રવાસીઓ કથિત રીતે કોચ્ચિ બીચની સફાઈ કરતા દેખાઈ રહ્યા છે. આ વીડિયો સામે આવ્યા બાદ બીચની સ્થિતિને લઈને સવાલો ઉભા થયા છે.

આ અંગે પ્રવાસન વિભાગે પણ અધિકારીઓ પાસેથી બીચની વર્તમાન સ્થિતિ અંગે રિપોર્ટ માંગ્યો છે. વાયરલ વીડિયોમાં કેટલીક રશિયન મહિલાઓ દરિયામાં તરવા જતા પહેલા બીચ સાફ કરતી અને કચરો કાઢતી જોઈ શકાય છે. આ પ્રવાસીઓએ બેગ પર એક સંદેશ પણ મૂક્યો હતો. જેમાં લખ્યું હતું કે 'તમારા જીવનને સાફ કરો, કચરો એકત્રિત કરો, તેને બેગમાં મૂકો, પછી તેને બાળી દો અથવા તેને ભૂગર્ભમાં દાટી દો'.સોશિયલ મીડિયા પર એક વ્યક્તિએ ઘટનાવિશે લખ્યું કે તે કોચ્ચિ બીચ પરની ગંદકીથી કંટાળી ગયો છું. આ શરમજનક છે. રશિયન પ્રવાસીઓએ જાતે બીચ સાફ કરવાનું શરૂ કર્યું. એક સ્થાનિક વ્યક્તિએ તેમને ગારબેજ બેગ ખરીદવામાં મદદ કરી હતી પરંતુ સ્થાનિક કાઉન્સિલરે ભરેલી થેલીઓનો નિકાલ કરવાની પણ ના પાડી દીધી. અન્ય એક વ્યક્તિએ લખ્યું કે કેરળના સૌથી પ્રતિષ્ઠિત સ્થળો પૈકીના એક કોચ્ચિ બીચને વિદેશી પ્રવાસીઓ સાફ કરે તે ખૂબ જ ખોટું છે.

J&K Bank
Serving To Empower

જમ્મુ એન્ડ કાશ્મીર બેંક લિમિટેડ
પ્રિઝ્મા કોમ્પ્લેક્સ, સી જી રોડ,
અમદાવાદ 190001, ગુજરાત
CIN:- L65110JK1938SGC000048

Ref No/.JKB/AHD/ADV/23-24- 466 તારીખ:- 31.01.2024

**કબજાની સૂચના**

**SARFAESI અધિનિયમ 2002 ની કલમ 13(4) હેઠળની સૂચના સુરક્ષા (અમલીકરણ) ઈન્ટરેસ્ટ નિયમ 2002 ના નિયમ 8(1) સાથે વાંચવામાં આવી છે.**

જ્યારે **જમ્મુ અને કાશ્મીર બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારી સિક્યોરિટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (SARFAESI) અધિનિયમ 2022 હેઠળ અને આ અધિનિયમની કલમ 13(2) હેઠળની સત્તાનો ઉપયોગ કરીને નિયમ 3 સાથે વાંચે છે. સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો 2002 એ તારીખ 22-11-2023 ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરીને **શ્રી સોલંકી પ્રવિણભાઈ S/o સોલંકી પ્રવિણભાઈ,** R/o , 5/147, સ્લમ ક્વાર્ટર્સ, પાણીની ટાંકી પાસે, ઉત્તમ નગર -અમદાવાદ -380008 હાલમાં ગણેશ હાઈટ્સ પર, ફ્લેટ નંબર a-702, 7મો માળ, બ્લોક એ, નારોલ-વટવા, અમદાવાદ 382405 માટે **રૂ:- 2775246.84 (સત્યાવીસ લાખ પંચોતેર હજાર બસો છેતાલીસ રૂપિયા માત્ર )** 21-11-2023 રૂપિયાની રકમ ચૂકવવા તરીકે બાકી રહેલી બાકી રકમ 60 દિવસમાં ઋણ લેનારાઓના ખાતામાં ઉક્ત નોટિસની તારીખથી ભાવિ વ્યાજ અને તેના પરના અન્ય શુલ્ક સાથે.

ઉક્ત ઉધાર લેનાર ઉક્ત રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયો છે, આથી ઉક્ત ઉધાર લેનારને ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે J&K બેંક લિમિટેડના અન્ડરસાઈડ અધિકૃત અધિકારીએ નીચે વર્ણવેલ ગીરો મિલકતનો કબજો લીધો છે. ઉપરોક્ત અધિનિયમની કલમ 13(4) હેઠળ મને આપવામાં આવેલી સત્તાઓ **31મી જાન્યુઆરી 2024** ના રોજ આ નિયમોના નિયમ 8 સાથે વાંચવામાં આવી છે.

ઉધાર લેનાર ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતા કે જેઓ આ મિલકત સાથે કોઈપણ રીતે કોઈપણ રીતે વ્યવહાર કરવા સામે સાવચેત છે અને આ મિલકત સાથે કોઈપણ વ્યવહાર કરવા માટે **રૂ:- 27,75,246.84** (સત્યાવીસ લાખ પંચોતેર હજાર બસો છેતાલીસ રૂપિયા અને ચોર્યાસી પૈસા )ની કુલ રકમ માટે 21-11-2023 થી તેના પરના ભાવિ વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે એકત્ર કરી **J&K બેંક** મર્યાદિત ચાર્જને આધિન રહેશે.

ઋણ લેનારાઓનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતોને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં અધિનિયમની કલમ 13 ની પેટા-કલમ (8) ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે.

**ઉધાર લેનાર દ્વારા ગીરો મુકેલી સ્થાવર મિલકતનું વર્ણન**

(મોર્ટગેજ ડીડ/કોઈપણ માન્યતા સહિતની તાજેતરની વિગતોમાં આપેલા સમયપત્રક મુજબ) રહેણાંક ફ્લેટ નંબર 702, સાતમો માળ, 52.27 ચોરસ મીટર (રેરા કાર્પેટ એરિયા) અથવા (બિલ્ટ-અપ), એકસાથે 2.58 ચોરસ મીટર 2ના વિશિષ્ટ વોશ-બાલ્કની વિસ્તાર અને NA જમીન પર બાંધવામાં આવેલી 'ગણેશ હાઈટ્સ' તરીકે ઓળખાતી યોજનામાં 21.52 ચોરસ મીટરની જમીનમાં અવિભાજિત હિસ્સો. સર્વે નંબર 594/1 ના બદલે ટીપી સ્કીમ નંબર 80 નો પ્લોટ નંબર 42/1, મૌજે વટાવા, તાલુકા વટવા, જિલ્લો અમદાવાદ પેટા જિલ્લામાં આવેલ છે.

સ્થાન :- અમદાવાદ

અધિકૃત અધિકારી
જમ્મુ અને કાશ્મીર બેંક લિમિટેડ

**આરૂનિસ એડોબ લિમિટેડ**
CIN:- L70100GJ1994PLC021759.
રજિસ્ટર્ડ ઓફિસ :- દેસાઈ હાઉસ, સર્વે નં. 2523, કોસ્ટલ હાઈવે, ઉમેરસડી, પારડી કિલા, વલસાડ - 396125, ગુજરાત, ભારત.
કોર્પોરેટ ઓફિસ:- 501, ફ્લેયજ - એફપી નં 765, ટીપીએસ 111, જેએન, એસવીરોડ અને કોરાકેન્દ્ર રોડ, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ 400092, મહારાષ્ટ્ર ભારત
મોબાઈલ નંબર :- +91-70456 77788; +91-91678 69000. ; ઈમેલ :- corporate@arunis.com, વેબસાઈટ:- www.arunis.co.

**31 ડિસેમ્બર 2023 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ માસના માટે અન-ઓડિટ કરાયેલ એકલ અને એકીકૃત નાણાકીય પરિણામોનો અર્ક**
(રૂ લાખમાં ઈપીએસની અપેક્ષા)

| વિગતો | સ્ટેન્ડઅલોન | | | કન્સોલિડેટેડ | | |
|---|---|---|---|---|---|---|
| | સમાપ્ત થયેલ ત્રિમાસિકનું | | સમાપ્ત થયેલા નવ માસનું | સમાપ્ત થયેલ ત્રિમાસિકનું | | સમાપ્ત થયેલા નવ માસનું |
| | 31.12.2023 (અન-ઑડિટેડ) | 31.12.2022 (અન-ઑડિટેડ) | 31.12.2023 (અન-ઑડિટેડ) | 31.12.2023 (અન-ઑડિટેડ) | 31.12.2022 (અન-ઑડિટેડ) | 31.12.2023 (અન-ઑડિટેડ) |
| 1 ઓપરેશન (નેટ) માંથી કુલ આવક | 53.67 | 138.91 | 121.76 | 53.68 | 138.91 | 121.77 |
| 2 સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન), (કર, અપવાદરૂપ અને / અથવા વધારાની સામાન્ય વસ્તુઓ પહેલાં) | 23.86 | 98.38 | 41.69 | 23.26 | 98.33 | 40.74 |
| 3 કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન), (પછી, અસાધારણ અને / અથવા વધારાની સામાન્ય વસ્તુઓ) | 23.68 | 98.38 | 41.69 | 23.26 | 98.33 | 40.74 |
| 4 કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન), (અસાધારણ અને / અથવા વધારાની સામાન્ય વસ્તુઓ પછી) | 17.86 | 94.45 | 31.50 | 17.55 | 89.42 | 24.62 |
| 5 સમયગાળા માટે (કર બાદ) અને અન્ય વ્યાપક આવક (કર પછી) માટે સમયગાળા માટે કુલ વ્યાપક આવક અને અન્ય વ્યાપક નફો / (ખોટ). | 17.86 | 94.45 | 31.50 | 17.55 | 89.42 | 24.62 |
| 6 ચૂકવેલ ઈક્વિટી શેર મૂડી (રૂ. 10 /-દરેકના ફેસ વેલ્યુ) | 300.00 | 300.00 | 300.00 | 300.00 | 300.00 | 300.00 |
| 7 અનામત (પાછલા એકાઉન્ટિંગ વર્ષની બેલેન્સ શીટ મુજબ પુનઃ મૂલ્યાંકન અનામત સિવાય). | - | - | - | - | - | - |
| 8 રૂ. 10 / - દરેકના ઈક્વિટી શેર દીઠ કમાણી. | | | | | | |
| (a). મૂળભૂત. | 0.60 | 3.15 | 1.05 | 0.59 | 2.98 | 0.82 |
| (b). ભળે | 0.60 | 3.15 | 1.05 | 0.59 | 2.98 | 0.82 |

નોંધો:-
1. ઉપરોક્ત 31-12-2023 ના રોજ પૂરા થયેલા નાણાકીય ત્રિમાસિક માટેના એકલ અને એકીકૃત ઓડિટેડ નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો એક અર્ક છે જે સેબીના નિયમન 33 હેઠળ BSE LTD સાથે ભરેલો છે (લિસ્ટિંગ જવાબદારી અને જાહેરાતની આવશ્યકતાઓ) નિયમો, 2015 (સૂચિબદ્ધ નિયમો). ઉપરોક્ત નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને કંપનીની વેબસાઈટ www.arunis.co પર ઉપલબ્ધ છે.
2. ઉપરોક્ત પરિણામોની ઓડિટ સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી અને 02-02-2024 ના રોજ યોજાયેલી તેમની સંબંધિત બેઠકોમાં કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા. વૈધાનિક ઓડિટર્સે નાણાકીય પરિણામો પર બિનસંશોધિત ઓડિટ અભિપ્રાય વ્યક્ત કર્યો છે.
3. વર્તમાન સમયગાળાની રજૂઆતની પુષ્ટિ કરવા માટે જ્યાં જરૂરી જણાય ત્યાં અગાઉના સમયગાળાના આંકડાઓ ફરીથી ગોઠવવામાં આવ્યા છે/ફરીથી જૂથબદ્ધ કરવામાં આવ્યા છે.

વતી, અરૂનિસ એડોબ લિમિટેડ
Sd/-
ધારા ડી દેસાઈ
મેનેજીંગ ડિરેક્ટર
DIN:- 02926512

તારીખ :- 02-02-2024
સ્થાન :- મુંબઈ

સિટી એક્સપ્રેસ

SATURDAY 03 FEBRUARY-2024

AHMEDABAD



## અણઘડ વહીવટને લીધે દરરોજ લાખો લિટર પાણીનો વેડફાટ

ડાકોર નગરપાલિકાનો અણઘડ વહીવટ ફરીથી સામે આવ્યો છે, ડાકોર નગરના રહીશોને ડાકોર નગરપાલિકા દ્વારા રોડ રસ્તા પાણી બાબતે કોઈપણ પ્રકારની સુવિધા અપાતી નથી. જ્યાં જુઓ ત્યાં ડાકોરમાં ઠેરઠેર ગટરના ગંદા પાણી ઉભરાય છે. ડાકોરમાં નાગરિકોને પીવાનું પાણી વણોતી બોર તેમજ રખિયાલ બોરવેલનું પાણી અપાય છે. પીવાના પાણીની લાઇન મોટાપાયે શેઢી નદીના બ્રિજ પાસે ઘણા સમયથી લીકેજ છે. જેના લીધે દરરોજ લાખો લિટર પીવાનું પાણીનો વેડફાટ થઇ રહ્યો છે. તંત્ર દ્વારા સત્વરે લિકેઝ બંધ કરી પાઈનો વેડફાટ બંધ કરવામાં આવે તેવી લોકોની માંગ છે.

## ફાયર સેફ્ટી મામલે કલેક્ટર તંત્રની ગંભીર બેદરકારી બહાર આવી

ગાંધીનગર | તમામ સરકારી ઓફિસોમાં ફાયરસેફ્ટીને ધ્યાને લઈને ફરજીયાત પણે ફાયર એક્સ્ટિંગ્વિશર લગાવવાના હોય છે. જેથી કરીને આગ લાગવા જેવી દુર્ઘટના સર્જાય તો જાનમાલનું નુકસાન અટકાવી શકાય. પરંતુ સમગ્ર જિલ્લાનો વહીવટ જ્યાંથી થાય છે, તેમજ કાયદો વ્યવસ્થાની સ્થિતિ જાળવવાની જેની મુખ્ય જવાબદારી છે તે કલેક્ટર કચેરીમાં જ ફાયર સેફ્ટીના નામે તંત્રની ગંભીર બેદરકારી જોવાં મળી છે. કલેક્ટર કચેરીના તમામ માળે લગાવેલાં દરેક એક્સ્ટિંગ્વિશરમાં રિફિલ કરવાની તારીખ વિતી ગયે પણ 1 વર્ષથી વધારેનો સમય વીતી ગયો છે.

### પવનની દિશા બદલાતાં વહેલી સવારે ધુમ્મસભર્યું વાતાવરણ રહેવાની શક્યતા

# બેવડી ઋતુનો અનુભવ થશે




### રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં 15 ડિગ્રી સેલ્સિયસ કરતા વધુ લઘુત્તમ તાપમાન રહે તેવી સંભાવના

અમદાવાદ | તા.02

ગુજરાતના હવામાન વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં આગામી પાંચ દિવસ વાતાવરણ કેવું રહેશે તે અંગેની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ આગામી પાંચ દિવસ ગુજરાતમાં બેવડી ઋતુનો અનુભવ થશે. પવનની દિશા બદલાતા વહેલી સવારે થોડા અંશે ઠંડીનો અનુભવ થઈ શકે છે અને ધુમ્મસ ભર્યું વાતાવરણ રહેવાની શક્યતાઓ છે. આ સાથે જ બપોર બાદ તાપમાનમાં વધારો થતાં ગરમી જેવું વાતાવરણ રહેશે. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ ગુજરાતમાં વાતાવરણ બાબતે આગાહી કરતા જણાવવામાં આવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં, તાપમાનમાં વધારો થતાં ઠંડીનો અનુભવ નહિવત્ પ્રમાણમાં રહેશે. તદુપરાંત પવનની દિશા બદલાતા વહેલી સવારે ધૂંધળું વાતાવરણ રહેવાની સાથે થોડા અંશે ઠંડી અનુભવાઇ શકે છે. બપોર બાદ તાપમાનમાં વધારો થતાં ગરમી જેવું વાતાવરણ રહેશે.

### અમદાવાદમાં 16 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું

છેલ્લા 24 કલાકમાં અમદાવાદમાં નોંધાયેલા લઘુતમ તાપમાન અંગે હવામાન વિભાગે જણાવ્યું હતું કે, અમદાવાદમાં છેલ્લા 24 કલાકમાં 16 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જ્યારે ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન 14.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જે સમગ્ર રાજયમાં સૌથી લઘુતમ તાપમાન ધરાવતું શહેર હતું. જ્યારે આગામી 24 કલાક વિષે તાપમાનને લઈને આગાહી કરતા હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, આગામી 24 કલાક દરમિયાન અમદાવાદ શહેરનું લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી સેલ્સિયસ અને ગાંધીનગરનું લઘુત્તમ તાપમાન 15 ડિગ્રી સેલ્સિયસ રહે તેવી શક્યતાઓ છે.

## ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિના એક નિર્ણયથી લાખો રૂપિયા ફી ભરેલા વિદ્યાર્થીઓ રખડતા થયા



અમદાવાદ | તા.02

ગુજરાત યુનિવર્સિટીમાં હવે નવો વિવાદ સામે આવ્યો છે. ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિના એક નિર્ણયથી લાખો રૂપિયા ફી ભરેલા વિદ્યાર્થીઓ રખડતા થયા છે. પૂર્વ કુલપતિએ 45થી વધુ હાયર પેમેન્ટ કોર્સ માટે એક ખાનગી એજેન્સીને કામ સોંપ્યું હતું, જો કે નવા કુલપતિ આવ્યાં બાદ તેમણે આ ખાનગી એજેન્સીને હટાવી તમામ કોર્સનું સંચાલન યુનિવર્સિટી હસ્તક લઈ લીધું હતું. યુનિવર્સિટીએ આ વિવિધ કોર્સમાં જૂની ફેકલ્ટીને કાઢી નવી ફેકલ્ટીની નિમણૂંક કરી છે એવું કહેવામાં આવી રહ્યું છે, પણ આ મામલે લાખો રૂપિયા ફી ભરીને વિવિધ કોર્સમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ અલગ જ વાસ્તવિકતા બતાવી રહ્યા છે જે આ મુજબ છે : 1)પૂરતા પ્રમાણમાં ફેકલ્ટીની નિમણૂંક કરવામાં નથી આવી 2)જે ફેકલ્ટીની નિમણૂંક કરવામાં આવી છે તે લાયકાત વગરની છે 3)જે ફેકલ્ટીની નિમણૂંક થઇ છે એ પણ સમયસર ભણાવવા આવતા નથી 4)હજી તમામ કોર્સ અને સેમેસ્ટરમાં ફેકલ્ટીની નિમણૂંક થઇ નથી.

### દીપકભાઈ આહુજાને પ્રોફેશનલ વિંગના પ્રદેશ પ્રમુખ નિયુક્ત કરવામાં આવ્યા: આપ

# 'આપ' દ્વારા પ્રદેશ કક્ષાની પ્રોફેશનલ વિંગની મીટીંગ આયોજિત કરવામાં આવી

### 'આપ' પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, પ્રદેશ મહામંત્રી સાગરભાઇ રબારી અને સ્ટેટ સેક્રેટરી અનુપભાઈ શર્માની અધ્યક્ષતામાં મીટીંગ આયોજિત કરવામાં આવી: આપ



અમદાવાદ | તા.02

આમ આદમી પાર્ટી પૂરી તાકાત સાથે લોકસભા ચૂંટણી લડવા જઈ રહી છે અને એ ઉદેશ સાથે સંગઠનનો વિસ્તાર પણ દિવસેને દિવસે કરવામાં આવી રહ્યો છે. આજે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, પ્રદેશ મહામંત્રી સાગરભાઇ રબારી અને સ્ટેટ સેક્રેટરી અનુપભાઈ શર્માની અધ્યક્ષતામાં પ્રોફેશનલ વિંગની મીટીંગ આયોજિત કરવામાં આવી હતી. આ મિટિંગમાં દીપકભાઈ આહુજાને પ્રોફેશનલ વિંગના પ્રદેશ પ્રમુખ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

આ મિટિંગમાં પ્રોફેશનલ વિંગના જિલ્લા સ્તર સંકલન માટે ના હોદેદારોની નિમણૂક કરવામાં આવી હતી. સાથે સાથે નવા પદાધિકારીઓને પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ શપથ પણ અપાવ્યા હતા કે, તેઓને સોંપવામાં આવેલ તમામ જવાબદારીનું નિષ્ઠાપૂર્વક પાલન કરશે અને હંમેશા આમ આદમી પાર્ટીની વિચારધારાને ગુજરાતના ખૂણે ખૂણે પહોંચાડવા માટે દિવસ રાત મહેનત કરશે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ આ તમામ નવનિયુક્ત હોદ્દેદારોને શુભકામનાઓ પાઠવી હતી.

## LDRP સર્કલ નજીક વિધવા મહિલાને દારૂડિયાએ માર માર્યો

ગાંધીનગર | શહેરના એલડીઆરપી સર્કલ પાસે વિધવા મહિલા તેના દિકરા સાથે પરોઠા શાકનો વેપાર કરે છે. ત્યારે સેક્ટર 15માં રહેતો દારૂડિયો સતત મહિલાની પાસે આવીને હું આવું એટલે જમવાનુ રાખવાનુ કહી દાદાગીરી કરતો હતો. ત્યારે પાંચ દિવસ પહેલાં લારી ઉપર આવ્યો હતો અને મહિલા અને તેના દિકરા સાથે મારમારી કરી હતી. જેને લઈ મહિલાએ હુમલાખોર સામે સેક્ટર 21 પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો. ગયો હતો. સાંજના સમયે લારી ઉપર જઈને જમવાનુ માંગ્યુ હતુ. પરંતુ ભોજન પુરુ થઇ ગયુ હોવાથી ના પાડતા જતો રહ્યો હતો. આ બનાવમાં સ્થાનિક કોર્પોરેટર તુષાર પરીખને ફોન કરતા દોડી આવ્યા હતા.


# રાજ્યના RTOમાં સર્વર ડાઉન થતાં 50 હજાર અરજદારને લાઇસન્સ માટે ધક્કો

### ડ્રાઇવિંગ ટેસ્ટ બંધ રહેતા લોકા કલાકો રાહ જોઇ પરત ચાલ્યા ગયા

અમદાવાદ | તા.02

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં સર્વર ડાઉન થતાં બપોર 3 વાગ્યા સુધી 37 આરટીઓ-એઆરટીઓ કચેરીમાં વાહનના લાઇસન્સની કામગીરી બંધ રહેતા 50 હજાર લોકોને પરેશાની ભોગવી પડી હતી. બુધવાર સાંજથી જ સર્વર ખોટકાતું હતું. આ પછી ગુરુવાર સાંજથી જ ધાંધિયા શરુ થઈ ગયા હતાં. વાહનના ડ્રાઈવીંગ ટેસ્ટ બંધ રહેતા લોકો કલાકો રાહ જોઇ પરત ચાલ્યા ગયા હતાં. બપોર પછી જૂના-નવા વાહનના ડોક્યુમેન્ટ અપલોડ નહીં થતાં વાહન ડિલરો અને માલિકોએ નારાજગી વ્યક્ત કરી હતી. રાજ્યની 37 આરટીઓ અને એઆરટીઓ કચેરીમાં વાહનના પાકાં લાઇસન્સ માટે ડ્રાઈવીંગ ટેસ્ટ આપવા આરટીઓમાં આવેલા અરજદારોને કલાકો રાહ જોઈને પરત જવું પડયું હતું. અરજદારોને ફરી એપોઇન્ટમેન્ટ લેવાની જરુર નહીં. આજના દિવસનો લેટર લઈને આવશે તો તેઓ સપ્તાહમાં ગમે ત્યારે ડ્રાઈવીંગ ટેસ્ટ આપી શકશે. આ સિવાય પાકાં લાઈસન્સના રીન્યુ, ડુપ્લીકેટ, એડ્રેસ ચેન્જ અને એન્ડોસની કામગીરી પણ બંધ થઈ ગઇ હતી. ઓનલાઇન કામગીરી થઇ શકી નહતી. વાહનવ્યવહાર કમિશનર કચેરીના અધિકારીએ કહ્યું કે, ટેકનીકલ કારણસર સર્વર ઠપ થઇ ગયું હતું. બપોર પછી કામગીરી શરૂ થઇ હતી. RTOના સર્વરમાં પ્રથવાર ટેકનીકલ ક્ષતિ બહાર આવી હતી. જેમાં લાઇસન્સ સબંધિત કરેલી અરજી ઈન્સ્પેક્ટર દ્વારા એપ્રુવલ કરાઇ હતી, પણ ડેટા નહીં બદલાતા એટલે કે, જૂના ડેટા જ રહેતા અંતે કામગીરી બંધ કરાઇ હતી. જેના લીધે એપ્રુવલની કામગીરી થઈ શકી ન હતી.

# અમદાવાદીઓ જાહેર રોડ ઉપર થૂંકશો તો રૂપિયા 500 સુધીનો દંડ થશે, CCTV-AMCની ટીમની નજર રહેશે



અમદાવાદ | તા.02

જો હવે તમે રોડ ઉપર પાન-મસાલાની પિચકારી મારશો તો તમારે રૂપિયા 500 સુધીનો દંડ ચૂકવવો પડશે. રોડ ઉપર ચાલતા જતા અથવા તો વિહિકલ ઉપર જતા લોકો પિચકારી મારી ગંદકી ફેલાવતા હોય છે, જેના કારણે શહેરમાં સ્વચ્છતા જળવાતી નથી. આજે મળેલી રીવ્યુ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર એમ થેન્નારેસને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી કે, જાહેરમાં જે પણ લોકો થૂંકી ગંદકી ફેલાવે છે, તેવા લોકો ને દંડ કરી કાર્યવાહી કરવામાં આવે. તેમજ જાહેર રોડ પાનની પિચકારીઓ મારી ગંદકી ન કરે તેના માટે અવેરનેસ કાર્યક્રમ કરવા માટે જણાવ્યું હતું. આજે મળેલી રીવ્યુ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનરે જાહેર રોડ ઉપર તેમજ કેટલીક મિલકતો ઉપર લોકો પાનની પિચકારીઓ મારી અને ગંદકી ફેલાવતા હોય છે. જેના કારણે જે પણ દિવાલો અને રોડ ખરાબ થાય છે. ખાસ કરીને લોકો જ્યારે ચાર રસ્તા ઉપર સિગ્નલ બંધ હોય ત્યારે ઊભા રહે છે, તે દરમિયાન પાન- મસાલાની પિચકારી મારીને ગંદકી ફેલાવતા હોય છે. જેથી હવે જાહેરમાં થૂંકી અને ગંદકી ફેલાવતા હોય તેવા લોકોને દંડવાની શરૂઆત કરવામાં આવશે. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની અલગ-અલગ ટીમો દ્વારા ચાર રસ્તા ઉપર તેમજ જાહેર જગ્યા ઉપર ઊભા રહીને જે પણ લોકો આવી ગંદકી ફેલાવતા હોય તેઓને પકડી દંડ કરવામાં આવશે.

## ઉત્તર ભારતમાં ધુમ્મસથી 32 ફ્લાઇટ મોડી ઉપડી, 2 ડાઈવર્ટ કરાઇ

અમદાવાદ | દિલ્હી સહિત ઉત્તર ભારતનાં રાજ્યોમાં ભારે ધુમ્મસને લીધે ગુરુવારે અમદાવાદથી ઉપડતી 32 ફ્લાઈટ એકથી માંડી 4 કલાક સુધી મોડી ઉપડી હતી. મોડી ઉપડેલી ફ્લાઈટોમાં ઈન્ડિગોની સૌથી વધુ 22 હતી. દિલ્હીમાં ધુમ્મસને પગલે એમિરેટ્સની દુબઈ અને થાઈએરવેઝની બેંગકોકથી આવતી ફ્લાઈટને અમદાવાદ ડાઈવર્ટ કરતા આખી રાત પેસેન્જરોએ ફ્લાઈટમાં બેસી રહેવું પડ્યું હતું. મલેશિયન એરની કુઆલાલમપુર અને સ્પાઈસ જેટની દુબઈ જતી એમ બે ફ્લાઇટો એકથી દોઢ કલાક મોડી પડી હતી. જ્યારે ડોમેસ્ટિકની 30 જેટલી ફ્લાઈટો મોડી પડતા પેસેન્જરોને કલાકો સુધી ટર્મિનલમાં જ બેસી રહેવું પડ્યું હતું.

### એસીબીએ ટ્રેપ ગોઠવી ઝડપી લીધો

## અમદાવાદમાં હોમગાર્ડે રેશનકાર્ડમાં નામ બદલી કરવા માટે રૂ. 2000ની લાંચ માંગી



અમદાવાદ | તા.2

અમદાવાદમાં હવે હોમગાર્ડ પણ ચાર રસ્તા ઉપર ઉભા રહી લોકો પાસેથી વાહનના નિયમ ના ભંગ બદલ નહીં પરંતુ, રેશનકાર્ડમાં નામ અલગ કરાવવા માટે લાંચ માંગતા હોવાનું સામે આવ્યું છે. શહેરના સરદારનગર ડિવિઝનમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા દશરથ ઠાકોરને એસીબીએ રેશનકાર્ડમાં નામ અલગ કરવા માટે રૂપિયા 2000ની લાંચ લેતા સૈજપુર ટાવર પાસે રંગે હાથ ઝડપી પાડ્યા છે. પૂર્વ વિસ્તારમાં રહેતા વ્યક્તિને એક જ રાશનકાર્ડમાં પોતાની પત્ની તથા પોતાના પુત્ર તથા પુત્રની પત્નીનું નામ ચાલે છે. પોતાના પુત્રનું રેશનકાર્ડ અલગ કરવા તેઓ કુબેરનગર ખાતે અન્ન અને નાગરીક પુરવઠા નિયંત્રણની કચેરી ગયા હતા. સરદાર નગર ડિવિઝનમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા અને સૈજપુર ટાવર પાસે ઠાકોરવાસમાં રહેતા દશરથ ઠાકોરને રૂબરૂમાં મળ્યા હતા. તેઓએ રેશનકાર્ડ અલગ કરી આપવા રૂ. 2000 લાંચની માંગણી કરી હતી. ફરીયાદી લાંચની રકમ આપવા માંગતા ના હોઇ એસીબીનો સંપર્ક કરતાં તેઓએ સૈજપુર ટાવર પાસે ટ્રેપ ગોઠવી તેઓને રંગે હાથ ઝડપ્યા હતા.

## ગુજરાત બજેટ 2024-25 : કોંગ્રેસના નેતાઓ ગેસ સિલિન્ડરના પોસ્ટર પહેરી વિધાનસભા પહોંચ્યા



ગાંધીનગર | તા.02

ગુજરાત વિધાનસભામાં (Gujarat Assembly) આજે વર્ષ 2024-25નું બજેટ રજૂ કરવામાં આવશે. નાણામંત્રી કનુભાઈ દેસાઈ (Kanubhai Desai) થોડીવારમાં જ ગૃહમાં બજેટ રજૂ કરશે. જો કે, બજેટ રજૂ થાય તે પહેલા જ કોંગ્રેસ (Congress) પાર્ટી દ્વારા દેખાવ કરવામાં આવ્યો છે. કોંગ્રેસના નેતાઓ ગેસ સિલિન્ડરના પોસ્ટર પહેરીને વિધાનસભા ગૃહ બહાર પહોંચ્યા છે.

આજે નાણામંત્રી ગૃહમાં બજેટ રજૂ કરે તે પહેલા કોંગ્રેસના નેતાઓએ વિધાનસભાની બહાર દેખાવ કર્યો છે. કોંગ્રેસના 15 પૈકીના 13 ધારાસભ્યો વિવિધ સ્લોગન લખેલા બેનર પહેરી વિધાનસભા પહોંચીને દેખાવ કર્યો છે. અમિત ચાવડાની આગેવાનીમાં આ દેખાવ કરવામાં આવી રહ્યો છે. બજેટ પહેલા બેનરો લગાવીને કોંગ્રેસી નેતાઓ વિરોધ માટે વિધાનસભાની બહાર પહોંચ્યા છે. અમિત ચાવડા, ગેનીબેન ઠાકોર સહિતના નેતાઓ તેમની સાથે છે. ગેસ સિલિન્ડરના ભાવ અને મોંઘવારીના મુદ્દે કોંગ્રેસ નેતાઓ વિરોધ ગેસ સિલિન્ડરના ભાવ અને મોંઘવારીના મુદ્દે કોંગ્રેસ નેતાઓ વિરોધ કરી રહ્યા છે. ગેનીબેને કહ્યું કે, 'રાજ્ય સરકારનું બજેટ 450 રૂપિયે સિલિન્ડર માંગે છે. રાજસ્થાનમાં 450 રૂપિયા હોય તો ગુજરાતમાં કેમ નહીં.'

### કેસ નોંધાય તે પહેલાં આ બંને પ્રકારનો ઉલ્લેખ હશે તો તે રદ કરાશે

## હાઈકોર્ટમાં થતી પિટિશનમાં અરજદારની જ્ઞાતિ કે ધર્મનો ઉલ્લેખ કરી શકાશે નહીં

અમદાવાદ | તા.02

**ચીફ જસ્ટિસનો મહત્ત્વનો નિર્ણય**

હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે કોર્ટમાં ફાઇલ થતી નવી પિટિશનો માટે અગત્યનો નિર્ણય લીધો છે.તાત્કાલિક અસરથી નવા દાખલ થતાં કેસની પિટિશનમાં અરજદારની જ્ઞાતિ અને ધર્મ અંગે કોઈ જાણકારી લખી શકાશે નહીં. ચીફ જસ્ટિસે આ અંગે બહાર પાડેલા પરિપત્રમાં રજિસ્ટ્રીને સૂચના આપી છે કે, કોઈપણ પિટીશન, અરજી, રિટ કરનાર અરજદારની જ્ઞાતિ અને ધર્મની માહિતી નહીં લખનાર સામે કોઈ પગલા લેવા નહીં. સુપ્રીમ કોર્ટના એક કેસના પગલે તમામ હાઈકોર્ટને પિટીશનમાં અરજદારની જ્ઞાતિ અને ધર્મ જાહેર નહીં કરવા સૂચન કરાયું છે. શમા શર્મા વિરૂદ્ધ કિશનકુમાર નામના કેસને ટાંકીને સુપ્રીમકોર્ટે દરેક હાઈકોર્ટને એવી સૂચના આપી છે કે, કોઈપણ અરજીમાં અરજદારોની જ્ઞાતિ અને ધર્મને જાહેર કરી શકાશે નહીં. હાઈકોર્ટના વકીલો, સરકારી વકીલો, પબ્લિક પ્રોસીક્યુટર્સ,અને પાર્ટી ઈન પર્સનને પણ આ નિર્ણય લાગુ પડશે. હાઈકોર્ટે રજિસ્ટ્રીને પણ કડક સૂચના આપી હતી કે, કે કોઇ અરજીમાં અરજદારે પોતાની જ્ઞાતિ કે ધર્મ લખ્યું ના હોય તો તેની સામે વિરોધ કરી શકશે નહીં.

### રૂપિયા છ લાખનું નુકસાન, કર્મચારીઓ વિરુદ્ધ નોંધાવી ફરિયાદ

# અમદાવાદના મકરબા ચાર રસ્તા પાસે ખાડાના કારણે અકસ્માત, કોન્ટ્રાક્ટર કંપનીના મેનેજર અને સુપરવાઇઝર વિરુદ્ધ ગુનો નોંધાયો



અમદાવાદ | તા.02

અમદાવાદ શહેરમાં ખાડાના કારણે અનેક અકસ્માતો થતા હોય છે. આ અકસ્માતમાં નાગરિકોને ઈજા પહોંચે છે તો કેટલાક કિસ્સામાં મૃત્યુ પણ થતા હોય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખોદવામાં આવેલા ખાડાના કારણે થયેલા અકસ્માત મામલે કોન્ટ્રાક્ટર RKC ઈન્ફ્રા બિલ્ડ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના પ્રોજેક્ટ મેનેજર અને સાઈટ સુપરવાઈઝર સહિતના કર્મચારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. RKC ઈન્ફ્રા બિલ્ડ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીએ રોડનું કામ કરવા માટે ખાડો કર્યો હતો. કંપનીના પ્રોજેક્ટ મેનેજર અને સાઇટ સુપરવાઇઝર દ્વારા ખાડા નજીક કોઈપણ પ્રકારની ડાયવર્ઝનની નિશાની બેરીકેટ કે રેડિયમ પટ્ટી સાઈનબોર્ડ રાખ્યું નહોતું. ચેતવણી બોર્ડ કે કોઈપણ પ્રકારની આડાશ રાખવામાં આવી નહોતી. જેના કારણે આ અકસ્માત સર્જાયો હતો. જોકે પોલીસ ફરિયાદમાં ક્યાંય પણ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ કે અધિકારીને જવાબદાર ઠેરવવામાં આવ્યા નથી. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રોડ બનાવવા માટે કોન્ટ્રાક્ટ તો આપી દેવામાં આવે છે, પરંતુ યોગ્ય રીતે કામગીરી થાય છે કે કેમ અને નાગરિકોની જાનમાલ અને સલામતીના પગલાં લેવામાં આવ્યા છે કે કેમ તે જોવાની જવાબદારી મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડ વિભાગની હોય છે. ત્યારે આ વિભાગના અધિકારીઓને કર્મચારીઓએ આ બાબતે કેમ ધ્યાન ન આપ્યું તો તેમની સામે પણ કાર્યવાહી થવી જોઈએ. જોકે પોલીસ ફરિયાદમાં માત્ર કોન્ટ્રાક્ટર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. સોલા સાયન્સ સિટી રોડ પર આવેલા સુવર્ણધામ બંગલોમાં રહેતા યોગેશ દેસાઈએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

### જીફે કાર પાર્કિંગ ભાડે અપાશે

# AMC ઓફિસમાં દોઢ કરોડના ખર્ચે મિકેનિકલ રોટેશનલ પાર્કિંગ બનશે

### એક નંગ પાર્કિંગમાં 12 યુનિટ કાર પાર્કિંગ રહશે, પાંચ વર્ષનો કોન્ટ્રાક્ટ



અમદાવાદ | તા.02

મ્યુનિ.ના દાણાપીઠ ખાતેના બિલ્ડીંગમાં દોઢ કરોડના ખર્ચે પ્રાયોગિક ધોરણે મિકેનીકલ રોટેસનલ પાર્કિંગ બનાવશે. જેમાં એક નંગ પાર્કિંગમાં 12 યુનિટ કાર પાર્કિંગ રહેશે. પાંચ વર્ષના કોન્ટ્રાક્ટથી આપવા માટેની દરખાસ્ત મ્યુનિ.સ્ટેન્ડિંગ કમિટીએ મંજુર કરી દીધી છે. ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે પાયલોટ પ્રોજેક્ટમાં સફળતા મળશે તો અન્ય વિસ્તારોમાં તેનો અમલ કરાશે. મ્યુનિ.દ્વારા ઇ-ટેન્ડરમાં સૌથી ઓછા ભાવ ભરનાર ખાનગી કંપનીને પ્રતિ નંગ માટે રુપિયા 98 લાખના ભાવથી કામ સોંપાયું છે. આ સિવાય ટેન્ડરની રકમ ઉપરાંત 18 ટકા જીએસટી, ટ્રાન્સ્પોર્ટેશન, અન્ય ખર્ચ પણ કંપનીને ચૂકવવામાં આવશે. પાર્કિંગ સિસ્ટમનાં પાંચ વર્ષના કોમ્પ્રીહેન્સીવ ઓપરેશન અને એઇન્ટેન્ન્સ કોન્ટ્રાક્ટ માટે કુલ 23.03 લાખ સાથે કુલ 1,53,61,540 રકમ કંપનીને ચૂકવાશે. મ્યુનિ.સ્ટેન્ડિંગ ચેરમેને કહ્યું કે, જીફે કાર પાર્કિંગ ભાડે અપાશે. 45 સેકન્ડમાં કાર પાર્ક થશે. વિજળી ગૂલ થઇ હોય તેવા સમયે પણ મેન્યુઅલ ઓપરેશનથી ઉપર પાર્ક થયેલા વાહનો નીચે લાવી શકાય છે. પાયલોટ પ્રોજેક્ટ હોવાથી તેનો થોડાંક સમય સુધી અભ્યાસ કરાશે. જેમાં સફળતા મળશે તો અન્ય સ્થળોએ પણ તેનો અમલ કરાશે. આર્યની વાત એછેકે, મ્યુનિ. મિકેનેકલ રીટેશનલ કાર પાર્કિંગનો ઉપયોગ કરવાની શરુઆત કરે છે

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...